
Tuesday, 25 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



પોતાને જાણવાનો સર્વશ્રેષ્ઠ ઉપાય છે સ્વયંને અન્યની સેવામાં વ્યસ્ત રાખો.
-મહાત્મા ગાંધીજી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૯૭ ● સંવત-૨૦૮૨ માગશર સુદ પાંચમ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## ડિસેમ્બરમાં દિલ્હી ખાતે યોજાનાર સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાની તરણ સ્પર્ધા માટે દમણ જિલ્લાના ૩ વિદ્યાર્થીઓની પસંદગી

**દમણની દિવ્ય જ્યોતિ સ્કૂલના વિદ્યાર્થી સંસ્કાર પાસ્તે, કોસ્ટ ગાર્ડ પબ્લિક સ્કૂલની વિદ્યાર્થીની કુ. વાયઝા કાપડિયા અને અંડર-૧૪ બોયઝની કેટેગરીમાં ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ અવર લેડી ઓફ ફાતિમા મોટી દમણના વિદ્યાર્થી હેમિલ ધોડીએ પસંદગી પ્રક્રિયામાં પ્રથમ સ્થાન મેળવી રાષ્ટ્રીય સ્પર્ધા માટે પાકું કરેલું પોતાનું સ્થાન**

**વાપી સ્પોર્ટ્સ ક્લબના મુખ્ય કોચ પ્રલવ પૂજારી, સિનિયર કોચ મહેશ હળપતિ અને સિનિયર કોચ જયપ્રકાશ ચૌધરીએ ત્રણેય વિદ્યાર્થીઓને કોચિંગ આપી સ્પર્ધા માટે કરેલા તૈયાર**



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૪

દમણના ત્રણ વિદ્યાર્થીઓની સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાની તરણ સ્પર્ધા માટે પસંદગી થતાં ફરી એકવાર દમણ જિલ્લાની શાળાના વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સ્તરે પોતાની પ્રતિભાનો પ્રભાવ બતાવવાની ઉમદા તક મળશે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે વાપીના સ્પોર્ટ્સ ક્લબમાં પ્રેક્ટિસ કરી રહેલ અને દમણની વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાંથી તેમની શાળા વતી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા(એસજીએફઆઈ)ની પસંદગી પ્રક્રિયામાં ભાગ લીધો હતો. જેમાં અંડર-૧૭ની બોયઝ કેટેગરીમાં દમણની દિવ્યા જ્યોતિ સ્કૂલના વિદ્યાર્થી સંસ્કાર પાસ્તે, અંડર-૧૭ ગર્લ્સની કેટેગરીમાં કોસ્ટ ગાર્ડ પબ્લિક હાઈ સ્કૂલની વિદ્યાર્થીની કુ. વાયઝા કાપડિયા અને અંડર-૧૪ બોયઝની કેટેગરીમાં ધ ઈન્સ્ટિટ્યૂટ ઓફ અવર લેડી ઓફ ફાતિમા મોટી દમણના વિદ્યાર્થી હેમિલ ધોડીએ પ્રથમ સ્થાન મેળવી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયાની સ્પર્ધામાં પોતાનું સ્થાન પાકું કર્યું હતું.

એસજીએફઆઈમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરનારા ત્રણેય વિદ્યાર્થીઓ વાપી સ્પોર્ટ્સ ક્લબમાં મુખ્ય કોચ શ્રી પ્રલવ પૂજારી, સિનિયર કોચ શ્રી મહેશ હળપતિ અને સિનિયર કોચ શ્રી જયપ્રકાશ ચૌધરી દ્વારા કોચિંગ આપી સ્પર્ધા માટે તૈયાર કરાયા હતા. હવે આ ત્રણેય વિદ્યાર્થીઓ ડિસેમ્બરમાં દિલ્હી ખાતે યોજાનારી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એસજીએફઆઈ)ની રાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેશે. ત્રણેય વિદ્યાર્થીઓને દમણ જિલ્લાના લોકો વતી શુભકામના પણ આપવામાં આવી રહી છે.

## દમણ ન.પા.ની ચૂંટણીમાં વિજેતા બનેલા વોર્ડ નં.૩ના ભાજપના ઉમેદવાર રશ્મિબેન હળપતિ અને વોર્ડ નં.૪ના ઉમેદવાર પ્રવિણાબેન રાણાનું વોર્ડ નં.૩ના નાગરિકોએ કરેલું ભવ્ય સ્વાગત



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૨૪

દમણ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૫માં, વોર્ડ નંબર ૩ના વિજેતા બનેલા ભાજપના ઉમેદવાર શ્રીમતી રશ્મિબેન હળપતિ અને વોર્ડ નંબર ૪ના ભાજપના ઉમેદવાર શ્રીમતી પ્રવિણાબેન રાણાનું આજે વોર્ડ નંબર ૩ના નાગરિકોએ સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ભાજપ લઘુમતી મોરચાના યુવા નેતાઓ શ્રી વસીમ સૈયદ અને શ્રી જાવેદ શેખ સહિત અન્ય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## સેલવાસ પોલીસ સ્ટેશન નજીક કાર ઓટો લોક થઈ જતાં બાળક કારમાં ફસાયું

**સ્થાનિક લોકોની સમયસૂચકતા અને સતર્કતાને કારણે કારમાં ફસાયેલ બાળકને આબાદ બચાવી લેવાયું**



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૪

સેલવાસ પોલીસ સ્ટેશનની નજીક આજે એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. જેમાં એક પિતાની બેદરકારીના કારણે તેમનું માસૂમ બાળક બંધ કારની અંદર જ ફસાઈ ગયું હતું. જોકે સ્થાનિક લોકોની સમયસૂચકતા અને સતર્કતાને કારણે બાળકને આબાદ બચાવી લેવાયું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે આજે સેલવાસ પોલીસ સ્ટેશન નજીક સ્વીફ્ટ કારમાં આવેલ પિતાએ કારને રોડ સાઈડ પર પાર્ક કરી એમના માસૂમ બાળકને કારમાં જ મૂકીને અને ચાવી પણ ગાડીમાં જ મૂકીને નજીકની મેડિકલ સ્ટોરમાં દવા લેવા માટે ગયા હતા, તે સમયે અચાનક જ કારનું સેન્ટ્રલ લોક ઓટોમેટિક બંધ થઈ જતાં દરવાજા લોક થઈ ગયા હતા અને માસૂમ બાળક પણ અંદર જ ફસાઈ ગયું હતું. કારમાંથી બાળકનો રડવાનો અવાજ આવતા સ્થાનિકો દોડી આવ્યા હતા અને દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ દરવાજો નહીં ખુલતા લોકોએ સમય બગાડ્યા વિના સતર્કતા દાખવી નજીકમાં જ આવેલી કી માસ્ટરની દુકાને કી માસ્ટરને બોલાવી દરવાજો ખોલવા જણાવ્યું હતું. કી માસ્તરે સેલોટેપની મદદથી અડધા કલાકની ભારે જહેમત બાદ કારનું લોક ખોલ્યું હતું અને કારમાં ફસાયેલ બાળકને સહી સલામત રીતે બહાર કાઢવામાં આવ્યું હતું. જ્યારે બાળકના પિતા એમની કાર નજીક ભીડ જોતાં આશ્ચર્યમાં પડી ગયા હતા અને કાર પાસે દોડી આવ્યા હતા. ત્યારબાદ કારની અંદર જોતાં એમનું બાળક કારમાં ફસાયેલું જોતા ચિંતામાં પડી ગયા હતા અને તેઓ ગાડીની એક ચાવી તો કારમાં રહી ગઈ હતી જેથી લોક ખોલી શકાય તેવી સ્થિતિ ન હોવાથી તેઓ તાત્કાલિક એમના ઘરે બીજી ચાવી લેવા નીકળી ગયા હતા પરંતુ તેઓ ફરી પરત આવે તે પહેલાં જ બાળકને સહીસલામત બહાર કાઢી લેવામાં આવ્યું હતું. જેથી ત્યાં હાજર લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો અને બાળકના પિતાએ પણ કારનું લોક ખોલનાર કી માસ્ટરનો આભાર વ્યક્ત કર્યો હતો.

અત્રે યાદ રહે કે, આવી ઘટના માતા-પિતા માટે એક ગંભીર ચેતવણી સમાન છે, જે બાળકની સુરક્ષા પ્રત્યેની સહેજ પણ બેદરકારી કેટલુ મોટું જોખમ ઉભું કરી શકે છે. તેથી જાહેર સ્થળોએ કે ક્યાંય પણ વાહનમાં બાળકોને એકલા છોડી દેવા નહીં. વાહનોમાં બાળકોના સ્વભાવ ઉપર ખાસ નજર રાખવી અને સાવચેતી રાખવી ખુબ અનિવાર્ય છે.

લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે

## ‘મેરા યુવા ભારત’ના સહયોગથી દીવ જિલ્લા પ્રશાસન અને ભાજપ દ્વારા ‘યુનિટી માર્ચ’ યોજાઈ

**‘એકતા પદયાત્રા’માં ઉપસ્થિત તમામ લોકોએ રાષ્ટ્રની એકતા અને વિકસિત ભારતના સપનાને સાકાર કરવા માટેની લીધેલી પ્રતિજ્ઞા**








(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૨૪

અખંડ ભારતના શિલ્પી લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે, આજે દીવ પ્રશાસન, ભારતીય જનતા પાર્ટી દીવ અને ‘મેરા યુવા ભારત’ના સંયુક્ત નેજા હેઠળ દીવ જિલ્લામાં આઈ.એન.એસ. ખુકરી વેસલ શિપથી આઈ.એન.એસ. ખુકરી સ્મારક સુધી એક ભવ્ય અને પ્રેરણાદાયી ‘યુનિટી માર્ચ’નું આયોજન કરવામાં આવ્યું હતું.

કેન્દ્ર શાસિત પ્રદેશ દીવ ખાતે આજે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે ‘યુનિટી માર્ચ’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ હતું, આ કાર્યક્રમની શરૂઆત સરદાર પટેલની તસ્વીર પર પુષ્પ અર્પણ કરી પુષ્પાંજલિ આપીને કરવામાં આવી હતી.

ડેપ્યુટી કલેક્ટર શ્રી શિવમ મિશ્રાએ લીલી ઝંડી બતાવીને યુનિટી માર્ચનું પ્રસ્થાન કરાવ્યુ હતું, દેશભક્તિના સૂત્રોચ્ચાર સાથે મોટી સંખ્યામાં યુવાનો, પ્રશાસનિક અધિકારીઓ, શિક્ષકો, જિલ્લા ભાજપના હોદ્દેદારો, કાર્યકરો, સામાજિક સંગઠનોના પ્રતિનિધિઓ, દીવ જિલ્લાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને સ્થાનિક નાગરિકોએ ‘યુનિટી માર્ચ(એકતા પદયાત્રા’માં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, આ એકતા પદયાત્રા દીવ ખૂખરી વેસલથી દીવ ફોર્ટ, ચર્ચ થઈ જૂની સરકારી હોસ્પિટલથી જલંધર બીચ ચક્રતીર્થ બીચથી ખૂખરી મેમોરીયલ પર પૂર્ણ થઈ હતી. આ કૂચ રાષ્ટ્રીય એકતા, અખંડિતતા અને સરદાર પટેલના ‘એક ભારત - શ્રેષ્ઠ ભારત’ના સંદેશને સમર્પિત હતી.

આ કાર્યક્રમમાં વક્તાઓએ સરદાર પટેલના ઐતિહાસિક યોગદાન, ખાસ કરીને દેશના ૫૬૨ રજવાડાઓનું એકીકરણ, તેમના લોખંડી સંકલ્પ અને રાષ્ટ્રીય હિતો પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતાને યાદ કરી હતી. યુવાનો તેમના આદર્શોથી પ્રેરિત થયા હતા અને રાષ્ટ્રનિર્માણમાં સક્રિય ભૂમિકા ભજવવા માટે આગ્રહ રાખ્યો હતો.

કાર્યક્રમના અંતે, સહભાગીઓએ રાષ્ટ્રની એકતા અને વિકાસ પ્રત્યે પ્રતિજ્ઞા લઈને કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

ઉમરગામ, સરીગામ, ભિલાડ, કરમબેલી વિસ્તારના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ
ઉપેન્દ્ર રાઠોડ
90332 64689

## સેલવાસ બ્રહ્માકુમારી દ્વારા ‘બિલિયન મિનટ્સ ઓફ પીસ’ના અવસરે શાંતિદૂત યાત્રા યોજાઈ






(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૨૪

‘બિલિયન મિનટ્સ ઓફ પીસ’ના અવસરે સેલવાસ બ્રહ્માકુમારી દ્વારા શાંતિદૂત યાત્રાનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે વિશ્વશાંતિ સંદેશ ફેલાવવાના ઉદ્દેશથી સેલવાસ ખાતેની બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા ‘બિલિયન મિનટ્સ ઓફ પીસ’ના અભિયાન અંતર્ગત વિશેષ શાંતિદૂત યાત્રાનું આયોજન આજે સોમવારે કર્યું હતું. આ શાંતિદૂત યાત્રાના માધ્યમથી લોકોમાં શાંતિ, સદ્ભાવ, ભાઈચારો અને સકારાત્મક ઊર્જાનો સંચાર કર્યો હતો. શ્વેત વસ્ત્ર ધારણ કરી શાંતિદૂત મૌન ધ્યાન અને શાંતિના વાઈબ્રેશન સાથે નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થતાં સ્થાનિક લોકોને શાંતિ અને આત્મિક કલ્યાણના મહત્ત્વનો બોધ મળ્યો હતો. આ અભિયાન બ્રહ્માકુમારી સંસ્થાન દ્વારા આખા વિશ્વમાં શરૂ કરવામાં આવ્યો છે. જેમાં કરોડો લોકો મળી શાંતિના માટે પોતાની કેટલીક મિનિટ સમર્પિત કરે છે. સેલવાસની આ શાંતિદૂત યાત્રા વૈશ્વિક આંદોલનનો જ ભાગ હતો. જે તણાવ અને અશાંતિના દૌરમાં એક સકારાત્મક સંદેશનો સંચાર કરી રહી છે. આ યાત્રાના માધ્યમથી સમાજના દરેક વર્ગોને એ પ્રેરણા આપે છે કે તેઓ પોતાની જિંદગીમા શાંતિ અપનાવે અને પ્રત્યેક દિવસ પોતાના મનની અંદર પણ શાંતિ રાખે. આ યાત્રા થકી લોકોની ચેતના જગાવવામાં આવી હતી, કારણ કે, શાંતિ એ વ્યક્તિ વિશેષની આંતરિક સ્થિતિથી શરુ થાય છે અને જ્યારે આપણે સાથે મળી શાંતિની મિનિટ જમા કરીએ છીએ તો તે સામુહિક શક્તિ વિશ્વને સકારાત્મક દિશામાં બદલી શકે છે.

આ કાર્યક્રમ દરમિયાન આયોજકશ્રીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, બિલિયન મિનટ્સ ઓફ પીસના માધ્યમથી એક સુખી, સમૃદ્ધ અને તણાવમુક્ત સમાજનું નિર્માણ કરી શકીએ. બ્રહ્માકુમારી સેલવાસની આ પહેલ શાંતિ સ્થાપવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ગણાવ્યું હતું. જેમાં સ્થાનિક જનતા, યુવા અને સામાજીક સંગઠન પણ જોડાઈ એક મજબૂત શાંતિ સંકલ્પનો ભાગ બની શકે છે.




## સુવિચાર - સદ્‌વિચાર

શાંતિ એ આનંદનું મૂળ છે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### નિરાશ થઈ વાંસળી હૃદયની વગાડી હતી

નિરાશ થઈ વાંસળી હૃદયની વગાડી હતી;
પ્રફુલ્લિત વસંતમાં શિશિરને જગાડી હતી !
રજેરજ પરાગથી સભર કેમ થૈ ના શકી ?
સુવાસિત અને લચી પડતી ફૂલવાડી હતી !
ઉરે જલન અગ્નિની, નયનથી વહે વાહિની,
અરે હૃદય મૂર્ખ તેં લગની ક્યાં લગાડી હતી ?
જરી નયન મીંચીને, સ્વપ્ન હીંચકો હીંચીને
સુષુપ્ત કંઈ ઊર્મિઓ પલકમાં જગાડી હતી !
ચલો સહચરો ! સહે ચલનની મઝા માણીએ !
દિલેદિલ મિલાવવા દિલથી બૂમ પાડી હતી !
ઊડે ભ્રમર બાગમાં, ગુનગુને મીઠા રાગમાં !
સુણી મિલન ગીત આંખ કળીએ ઉઘાડી હતી !
ન ભગ્ન થઈ જાય સુપ્ત કંઈ સૂરના તાર સૌ !
સિતાર હળવે અને સિફતથી ઉપાડી હતી !

- શેખાદમ આબુવાલા

## આજની જોક

એક છોકરો બીજાને - અમારા એક સરના હાથમાં હંમેશા છોડ રહેતા હતા.
બીજો - કેમ ? એ માળી હતા શું ?
પહેલો - નહી યાર તેઓ વનસ્પતિ શાસ્ત્ર ભણાવતા હતા.

## કબીર વાણી

**મેં જાનું હરિકો મિલું, મોં મનમે બહિ આસ;**
**હરિ બિચ પાડે આંતરા, માયા બડિ પિચાસ.**

**- અર્થાત-**

(કબીર કહે છે કે) હું જાણું કે હું પરમાત્માને મળું, ને તે માટે મનમાં મોટી આશા રાખતો, પણ માયા એવી ભુતની કે હું તેના પર ધ્યાન લગાડવા જાઉં ને તે વચ્ચે આવી, આડો અંતર કર્યા કરે.

## આજનો દિન વિશેષ

### દુલા ભાયા કાગ

દુલા ભાયા કાગ (૨૫ નવેમ્બર ૧૯૦૩ - ૨૨ ફેબ્રુઆરી ૧૯૭૭) અથવા કાગ બાપુ એક ભારતીય કવિ, ગીતકાર, લેખક અને કલાકાર હતા. તેમનો જન્મ ૧૯૦૩ માં ગુજરાત રાજ્યના મહુવા નજીક સૌરાષ્ટ્ર પ્રદેશના સોડવદરી ગામમાં થયો હતો. તેઓ મુખ્યત્વે હિન્દુ ધર્મને લગતી આધ્યાત્મિક કવિતા પરના તેમના કાર્ય માટે જાણીતા છે. તેમને ૧૯૬૨ માં પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**શરૂઆતનું જીવન**

તેમનો જન્મ ૧૯૦૩ માં તેમના માતૃપક્ષના ગામ સોડવદરીમાં થયો હતો. તેમના સંબંધીએ કહ્યું, ''તેઓ બાળપણમાં ખૂબ જ શરમાળ હતા.'' કાગે ૫મા ધોરણ સુધી શિક્ષણ મેળવ્યું અને પછી પરિવારના પશુપાલન અને ખેતરની સંભાળ રાખવા ગયા. આખરે, તેઓ રાષ્ટ્રવાદી ચળવળમાં સામેલ થયા, અને બાદમાં સૌરાષ્ટ્ર રાજ્યની રચના પછી, તેમણે તેમની ૬૫૦ વીઘા જમીન વિનોબા ભાવેના ભૂદાન આંદોલનને દાનમાં આપી.

**કારકિર્દી**

કાગ આઠ ખંડની કાગવાણી પ્રકાશિત કરવા માટે જાણીતા છે, જેમાં ભક્તિગીતો (રામાયણ અને મહાભારતના એપિસોડ) તેમજ ગાંધીવાદી ફિલસૂફી અને ભૂદાન ચળવળ પર આધારિત ગીતો શામેલ છે. તેમણે મહાત્મા ગાંધી અને ભાવે માટે સ્તુતિગીતો લખ્યા. તેમણે BAPS સ્વામિનારાયણ સંસ્થામાં ભગવાન સ્વામિનારાયણના ચોથા આધ્યાત્મિક અનુગામી સોનલ આઈ અને યોગીજી મહારાજ પર ઘણી કવિતાઓ પણ લખી. તેઓ ભગત બાપુ અને કાગ બાપુ તરીકે પણ જાણીતા હતા.

ભારતમાં તેમના સાહિત્યિક અને રાજકીય યોગદાનના પરિણામે, દેશે તેમને ૧૯૬૨માં પદ્મશ્રી પુરસ્કારથી નવાજ્યા.

**મૃત્યુ અને વારસો**

કાગનું ૨૨ ફેબ્રુઆરી ૧૯૭૭ ના રોજ ૭૪ વર્ષની વયે અવસાન થયું. મર્યાદિત શિક્ષણ હોવા છતાં, તેમની કવિતાઓનો ઉપયોગ પ્રાથમિક શિક્ષણથી લઈને માસ્ટરના કાર્યક્રમો સુધી થાય છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે કવિ કાગની યાદમાં ગુજરાતના મજાદર ગામનું નામ બદલીને કાગધામ રાખ્યું છે. ૨૫ નવેમ્બર ૨૦૦૪ ના રોજ, ટપાલ વિભાગે તેમની ૧૦૨મી વર્ષગાંઠ નિમિત્તે અમદાવાદથી રૂા.૫ ના મૂલ્યની એક સ્મારક ટિકિટ બહાર પાડી. દર વર્ષે સાહિત્ય ક્ષેત્રના પાંચ પ્રતિષ્ઠિત વિદ્વાનોને ''કવિ કાગ પુરસ્કાર'' આપવામાં આવે છે.

## ઔષધી - આંકડો (વનસ્પતિ)



આંકડો એક વનસ્પતિ છે જેને મદાર પણ કહેવાય છે. આંકડાનો ક્ષુપ છત્તાદાર હોય છે અને એનાં પર્ણો વડનાં પાંદડાં સમાન જાડાં હોય છે. લીલાં સફેદ રુવાંટીવાળાં પાંદડાં પાકી જાય ત્યારે પીળા રંગનાં થઈ જાય છે. એનાં ફૂલ સફેદ નાનાં છત્તાદાર હોય છે. ફૂલ પર રંગીન પાંખડીઓ હોય છે, જેનો આકાર આંબાનાં પર્ણ જેવો હોય છે. ફળમાં નરમ, સુંવાળું, પોસું, રેશમી રૂ હોય છે. આંકડાની શાખાઓમાંથી દૂધ નિકળે છે. આ દૂધ વિષ તરીકે કાર્ય કરે છે. આંકડો ઉનાળાના દિવસો દરમિયાન રેતાળ ભૂમિ પર થાય છે. ચોમાસાનાં દિવસો દરમિયાન વરસાદ વરસે ત્યારે તે સૂકાઈ જતો હોય છે.

આંકડો એ શ્રવણ નક્ષત્રના સમયનું આરાધ્ય વૃક્ષ ગણાય છે.

આંકડો શબ્દ સંસ્કૃતના ''અર્ક'' શબ્દ પરથી પ્રાકૃત ''અક્ક'' અને તેને છેડે લઘુતાદર્શક પ્રત્યય ''ડો'' લાગવાથી બનેલ છે.

આંકડો સામાન્ય રીતે બે પ્રકારનો હોય છે. એક સફેદ ફૂલ વાળો અને બીજો આછા જાંબુડી રંગનાં ફૂલ વાળો.

આંકડાના મૂળને પાણીમાં ઘસીને લગાવવાથી નખનો રોગ મટી જાય છે. આંકડાની રાખમાં કડુઆનું તેલ મેળવીને લગાવવાથી ખંજવાળ મટી જાય છે.

# અફઘાનિસ્તાનની ભારતને મોટી ઓફર : સોના-લિથિયમની ખાણોમાં રોકાણ કરો, પાંચ વર્ષ ટેક્સ નહીં

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કાબુલ, તા.૨૪**

અફઘાનિસ્તાને ભારતીય કંપનીઓને તેના આશરે ૧ ટ્રિલિયન ડોલરના ખનીજ ભંડારમાં રોકાણ કરવાનું આમંત્રણ આપ્યું છે. અફઘાનિસ્તાનમાં રાજકીય અસ્થિરતાના કારણે છેલ્લા ઘણાં સમયથી સોના અને લિથિયમની ખાણો નિષ્ક્રિય પડી છે. અફઘાનિસ્તાનનો હેતુ સોના અને લિથિયમ જેવા કિંમતી ખનીજો ધરાવતા વિસ્તારોમાં રોકાણ આકર્ષીને રોજગારી સર્જન કરવાનો છે. ભારત સરકારે પણ આ સંભવિત તકને આવકારી છે, પરંતુ સાથે કોઈ પણ પ્રોજેક્ટ્સમાં આગળ વધતા પહેલા સાવધાની રાખવાની અને કેટલાક મુખ્ય અવરોધો દૂર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

અફઘાનિસ્તાનના ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી અલહાજ નૂરુદ્દીન અઝીઝી તાજેતરમાં જ ભારતની મુલાકાતે હતા. આ દરમિયાન તેમણે આ ઓફર કરી હતી. એસોસિએટેડ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ઓફ ઈન્ડિયા (ASSOCHAM)ના જણાવ્યાનુસાર, કાબુલ ભારતીય ખાણકામ કંપનીઓને તેમની સોના અને લિથિયમની ખાણોમાં માઈનિંગ પ્રોજેક્ટ્સ ઓફર કરી રહી છે, પરંતુ ખાણકામ શરૂ કરતા પહેલાં સમય માંગી લે તેવા ભૂસ્તરીય સર્વેક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસનું કામ કરવું જરૂરી છે. જ્યાં સુધી આ પાયાનું કામ પૂર્ણ ન થાય ત્યાં સુધી રોકાણ કરવું મુશ્કેલ છે.

અઝીઝીના જણાવ્યા અનુસાર, અફઘાનિસ્તાન સોનાના ખાણકામ સહિતના નવા ક્ષેત્રોમાં રોકાણ કરનારી ભારતીય કંપનીઓને પાંચ વર્ષની કર મુક્તિ આપવા તૈયાર છે. આ ઉપરાંત આવા પ્રોજેક્ટ્સ માટે આયાત કરાતી મશીનરી પર માત્ર ૧ ટકા ટેરિફ લાગશે. જો કે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે, અફઘાનિસ્તાનમાં રોજગારી ઊભી કરવા ખાણકામ પછી તમામ ખનીજોનું પ્રોસેસિંગ અફઘાનિસ્તાનમાં જ થવું જોઈએ.

ભારત સાથે આર્થિક સહયોગ વધારવા માટે અઝીઝીએ ભારતને વિઝા પ્રક્રિયા, બેન્કિંગ ચેનલો અને એર કનેક્ટિવિટી જેવા નાના અવરોધોને સરળ બનાવવા માટે પણ વિનંતી કરી હતી. ભારતીય વેપારીઓને નાણાકીય લેવડ-દેવડમાં મુશ્કેલી ન પડે તે માટે ભારતીય અને અફઘાનિસ્તાનની બેંકો વચ્ચેના સંબંધોને ફરી એકવાર યોગ્ય દિશા આપવા પણ તેમણે ભાર મૂક્યો હતો.

નોંધનીય છે કે, આ મુદ્દે બંને પક્ષે સકારાત્મકતા વ્યક્ત કરી હતી, જેમાં અફઘાનિસ્તાનના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળે જણાવ્યું હતું કે, ભારત સાથે વ્યૂહાત્મક અને સૌહાર્દપૂર્ણ સંબંધોને કારણે જ તેઓ સૌથી પહેલા ભારતીય ઉદ્યોગ જગત સાથે વેપારને પ્રાથમિકતા આપવા માંગે છે.

## વધુ એક વાવાઝોડાનો ખતરો!

# વિકરાળ રૂપ ધારણ કરી શકે છે ચક્રવાત સેન્યાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૪**

ભારતીય હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર, મલેશિયા અને તેની પાસેના મલક્કા સ્ટ્રેટ ઉપર સર્જાયેલું લો પ્રેશર વધુ સક્રિય થઈ રહ્યું છે. લો પ્રેશર ધીરે-ધીરે બંગાળની ખાડી તરફ આગળ વધી રહ્યું છે. આવતીકાલે ૨૫ નવેમ્બરના રોજ કોમોરિન અને દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી અને શ્રીલંકાના આસપાસના વિસ્તારોમાં લો પ્રેશર થવાની સંભાવના છે. જેમાં આગામી ૨૪ કલાકમાં દક્ષિણ આંદામાન સમુદ્ર પર ડિપ્રેશનમાં તીવ્ર બનવાની સંભાવના છે. આ સિસ્ટમ ૨૬ નવેમ્બરની આસપાસ ચક્રવાત સેન્યાર વિકરાળ રૂપ ધારણ કરી શકે છે. વધુ એક વાવાઝોડાનો ખતરના કારણે ૨૫ થી ૨૯ નવેમ્બર દરમિયાન આંદામાનથી ઓડિશા કિનારા સુધી ભારે વરસાદ થવાની સંભાવના છે.

IMD અનુસાર, આ લો પ્રેશર સતત પશ્ચિમ-ઉત્તર અને ઉત્તર દિશામાં આગળ વધી રહ્યું છે. જેના કારણે આગામી ૪૮ કલાસમાં દક્ષિણ બંગાળની ખાડી ઉપર ચક્રવાત તૂફાન થવાની સંભાવના છે. ચક્રવાતના કારણે ૨૫-૨૭ નવેમ્બરે તમિલનાડુમાં, ૨૪-૨૬ નવેમ્બરે કેરળ અને માહેમાં, ૨૯ નવેમ્બરે આંધ્ર પ્રદેશના કાંઠાના વિસ્તારો સહિતમાં ભારે વરસાદ થવાની શક્યતા છે. જ્યારે ૨૪ અને ૨૮-૩૦ નવેમ્બરે તમિલનાડુ, ૩૦ નવેમ્બરે આંધ્ર પ્રદેશ અને યનમ સહિતના વિસ્તારોમાં અતિભારે વરસાદની સંભાવના છે. આ દરમિયાન ૬૫થી ૧૦૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાની સાથે ધોધમાર વરસાદ થવાની આગાહી છે.

હવામાન વિભાગ મુજબ, દક્ષિણ બંગાળની ખાડી પર એક લો પ્રેશરના કારણે રવિવારે (૨૩ નવેમ્બર) કાવેરી ડેલ્ટા, તમિલનાડુના દક્ષિણ અને દક્ષિણપૂર્વીય દરિયાકાંઠાના જિલ્લાઓમાં ભારે વરસાદ થયો હતો. IMD અનુસાર, દક્ષિણપૂર્વ અરબી સમુદ્ર પર નીચલા ઉષ્ણકટિબંધીય ક્ષેત્રમાં એક ચક્રવાતી સર્ક્યુલેશન બન્યું છે. જેના કારણે, આગામી થોડા દિવસોમાં દક્ષિણ રાજ્યોમાં ભારે વરસાદની શક્યતા છે.

IMD ની આગાહી મુજબ, લો પ્રેશરની સિસ્ટમ હાલ મલક્કા જલડમરૂ મધ્ય અને દક્ષિણ આંદમાન સાગરની આસપાસ સક્રિય છે. જે ધીરે-ધીરે દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડી તરફ આગળ વધી રહ્યું છે. આ સિસ્ટમ જમીની સ્તરથી લગભગ ૧૦૦૦ કિલોમીટર દૂર છે. ચક્રવાતની સ્થિતિને ધ્યાનમાં રાખીને હવામાન વિભાગે ચેતવણી આપી છે કે, માછીમારોને ૨૭ નવેમ્બર સુધી દક્ષિણ આંદામાન સમુદ્રમાં ન જવાની સલાહ આપવામાં આવી છે. ૨૫ થી ૨૮ નવેમ્બર સુધી દક્ષિણપૂર્વ બંગાળની ખાડીમાં માછીમારોને જવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તેમજ મન્નારની ખાડી, તમિલનાડુ, પુડુચેરી અને શ્રીલંકાના દરિયાકાંઠા માટે ૨૯ નવેમ્બર સુધી અને આંધ્રપ્રદેશના દરિયાકાંઠા માટે ૩૦ નવેમ્બર સુધી ચેતવણી જાહેર કરવામાં આવી છે.

# દીવ ભાજપે પાકિસ્તાન જેલમાં બંધ ત્રણ માછીમારોના પરિવારને મળી સહયોગ આપવા આપેલું આશ્વાસન

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દીવ, તા.૨૪**



ભારતીય જનતા પાર્ટી દીવ દ્વારા હાલ પાકિસ્તાન ખાતે બંધક બનાવેલા ત્રણ માછીમારોના પરિવારની મુલાકાત લીધી હતી અને તમામ સહયોગ આપવા આશ્વાસન આપ્યું હતું.

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના સાઉદવાડીના બે માછીમારો અને વણાંકબારાના એક માછીમારની તારીખ ૬ નવેમ્બરના રોજ પાકિસ્તાન કોસ્ટગાર્ડ સિક્યુરીટી દ્વારા આઠ ખલાસીઓનું બોટ સહિત અપહરણ કરવામાં આવ્યું હતું. જેમાં દીવના સાઉદવાડીના મિતેશ શામજી અને કરણ પ્રેમજી બામણિયા તથા વણાંકબારાના ભરત દિલીપ સિકોતેરીયા એમ ત્રણ ખલાસીઓ પણ સામેલ હતા. ખલાસીના અપહરણ દરમિયાન પાકિસ્તાન સિક્યુરીટી દ્વારા ફાયરિંગ કરાતા, દીવના મિતેશ શામજીને ગોળી લાગતા તે ઘાયલ થયા છે, આજે આ ત્રણેય ખલાસીના પરિવારની મુલાકાતે દીવ બીજેપીના પ્રમુખ શ્રસ મોહનભાઈ લખમણ તથા હોદ્દેદારો અને કાર્યકરોએ તેમના પરિવારની મુલાકાત લીધી અને તેમની પરિસ્થિતિની જાણકારી મેળવી હતી.

તેઓએ જણાવ્યું હતું કે, ભાજપ પરિવાર હંમેશા તેમની સાથે તેમના સહયોગ માટે તત્પર રહેશે તેઓ માછીમારોને છોડાવવા હર સંભવ પ્રયાસો કરશે તથા ઉચ્ચસ્તરે રજૂઆત કરવાનું પણ આશ્વાસન આપ્યું હતું.

આ ત્રણેય માછીમારોના પરિવારે પોતાની આપવિતી સંભળાવતા જણાવ્યું હતું કે, પાકિસ્તાનમાં પકડાયા બાદ તેમના કોઈ સમાચાર નહિ મળતા સ્વજનો પરેશાન છે, તેથી તેમની યોગ્ય કાર્યવાહી કરી તેમની પરિસ્થિતી અંગે જાણકારી મળે તો પરિવાર ને રાહત મળે.

# દીવ પોલીસ દ્વારા ગેરકાયદેસર દારૂનો જથ્થો જપ્ત કર્યો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દીવ, તા.૨૪**

કેન્દ્રશાસિત પ્રદેશ દીવ પોલીસ દ્વારા જાહેર સલામતી સુનિશ્ચિત કરવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સુરક્ષાના પગલાં વધુ સઘન બનાવ્યા છે. આ પગલાંના ભાગ રૂપે, વધારાની પેટ્રોલિંગ, ભીડભાડવાળા વિસ્તારોમાં દેખરેખ વધારવા અને ચેક-પોસ્ટ પર કડક ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત રૂા. ૨૬,૫૩૦નો વિદેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો છે.

આજરોજ તા. ૨૪ નવેમ્બર ૨૦૨૫ના રોજ, દીવ પોલીસની સ્પેશિયલ સ્ટાફ ટીમ દ્વારા દીવ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ડાંગરવાડી નજીક એક શંકાસ્પદ વ્યક્તિ જોવા મળ્યો હતો અને તેને મોપેડ ચલાવતી વખતે મલાલા સર્કલ પર અટકાવવામાં આવ્યો હતો અને તેની મોપેડના ડિકીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવ્યો હતો, જે ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર પરિવહન માટે બનાવાયેલ હોવાની શંકા છે. ગેરકાયદેસર આઈએમએફએલનો મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો અને વધુ કાર્યવાહી માટે દીવના આબકારી વિભાગને સોંપવામાં આવ્યો હતો. દારૂમાં સાથે પકડાયેલ આરોપી કમાલિયા મિલન વિજયભાઈ (ઉ.વ.૧૯) રહે. વિદ્યા નગર, ઉના, ગીર સોમનાથ, ગુજરાતની ધરપકડ કરવામાં આવી છે અને તેની પાસેથી જપ્ત કરાયેલ દારૂ (૭૫૦ મિલી, ૧૮૦ મિલી અને ૩૭૫ મિલી ૧૭૯ નંગ) રૂ. ૨૬,૫૩૦/- તથા ટીવીએસ જ્યુપીટી જીજે-૩૨-એસી-૪૪૭૮ રૂા.૫૦૦૦૦ મળી કુલે રૂા. ૭૬,૫૩૦નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ જપ્ત કરાયેલ દારૂ અને વાહન એક્સાઈઝ વિભાગને સોંપવામાં આવ્યો હતો અને અટકાયત કરાયેલ વ્યક્તિ સામે જરૂરી કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## મુંબઈને ટ્રાફિકથી મુક્ત કરવા પાતાળ લોક બનાવાશે

# આખા રાજ્યમાં ભૂગર્ભ ટનલ લાઈન બિછાવાશે : ફડણવીસ

**પ્રોજેક્ટના પ્રસ્તાવ હેઠળ શહેરની નીચે એક વિશાળ ભૂગર્ભ ટનલ નેટવર્ક બનાવવામાં આવી રહ્યું છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૪**

મુંબઈમાં વધતા ટ્રાફિક જામની સમસ્યાનો ઉકેલ લાવવા માટે મહારાષ્ટ્ર સરકારે મહત્ત્વનો પ્રોજેક્ટ શરૂ કરી દીધો છે. પ્રોજેક્ટના પ્રસ્તાવ હેઠળ શહેરની નીચે એક વિશાળ ભૂગર્ભ ટનલ નેટવર્ક બનાવવામાં આવી રહ્યું છે. પ્રોજેક્ટની માહિતી આપનાર મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે તેને પાતાળ લોક નામ આપ્યું છે.

ઈન્ડિયા ઈન્ટરનેશનલ મૂવમેન્ટ ટુ યુનાઈટેડ નેશન્સ (IIMUN)ના યૂથ કનેક્ટ કાર્યક્રમમાં ફડણવીસે કહ્યું કે, ભૂગર્ભ ટનલની લાઈન અનેક દિશાઓમાં અને આખા રાજ્યમાં ફેલાયેલી હશે. જે રીતે હાલના રસ્તાઓ પર સમાંતર વ્યવસ્થા છે, તે રીતે ટનલ લાઈનમાં પણ સમાંતર વ્યવસ્થા હશે.

તેમણે એમ પણ કહ્યું કે, 'દક્ષિણ મુંબઈથી ભાયંદરના થાણે જિલ્લા સુધીનો કોસ્ટલ રોડ વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે બની રહ્યો છે, જેમાં ક્યાં થોભવાની જરૂર નહીં પડે. મુંબઈની ૬૦ ટકા વસ્તી વેસ્ટર્ન એક્સપ્રેસવે પર મુસાફરી કરે છે, તેથી જ્યાં સુધી ત્યાં ટ્રાફિક ઓછો નહીં થાય, ત્યાં સુધી ટ્રાફિક જામની સમસ્યા ઉકેલવી અસંભવ છે. અમે સમાંતર રસ્તાઓનું નેટવર્ક બનાવી રહ્યા છીએ, જ્યાં મુસાફરો પ્રતિ કલાક ૮૦ કિલોમીટરની સ્પીડે વાહન ચલાવી શકશે.'

મુખ્યમંત્રી ફડણવીસે કહ્યું કે, થાણેથી બોરીવલી સુધીની ટનલ અને મુલુંડથી ગોરેગાવ સુધીની ટનલનું કામ ઝડપી કરવામાં આવી રહ્યું છે. આ ટનલ બન્યા બાદ મુંબઈમાં પૂર્વ અને પશ્ચિમ કનેક્ટિવીટીમાં મોટો સુધારો થશે. આ ઉપરાંત બોરીવલીથી ગોરેગાવ વચ્ચે પશ્ચિમ હાઈવેની જેમ એક નવો રોડ બનાવવાની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. જ્યારે વર્લીથી શિવડી સુધીનું કનેક્ટર આગામી વર્ષે તૈયાર થઈ જશે. આ કનેક્ટર તૈયાર થઈ ગયા બાદ અટલ સેતુ સુધી અને નવી મુંબઈ એરપોર્ટ સુધી સરળતાથી પહોંચી શકાશે.

તેમણે કહ્યું કે, ઈસ્ટર્ન ફ્રીવેના અંતિમ છેડાથી ગિરગાવ ચોપાટી સુધી એક લાંબી ટનલ બની રહી છે, જે ત્રણ વર્ષમાં પૂરું કરવાનું લક્ષ્ય રખાયું છે. આ તૈયાર થયા બાદ દક્ષિણ મુંબઈમાં ટ્રાફિક જામની સમસ્યાનો નિવેડો આવશે.

# સીડીએસએલે વિદ્યાર્થીઓને આમંત્રિત કરતી આઈડિયાથોનનો પ્રારંભ કર્યો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સુરત, તા.૨૪**

એશિયાની સૌપ્રથમ લિસ્ટેડ ડિપોઝીટરી અને ૧૬.૭ કરોડથી વધુ ડિમેટ ખાતાની વિશ્વસનીય કસ્ટોડિયન સેન્ટ્રલ ડિપોઝીટરી સર્વિસીઝ (ઈન્ડિયા) લિમિટેડે ("CDSL")તેની સૌપ્રથમ આઈડિયાથોન લોન્ચ કરી છે જે વિદ્યાર્થીઓ માટેની એક ઈનોવેટિવ ચેલેન્જ છે. રિઈમેજિન આઈડિયાથોન સીડીએસએલની વાર્ષિક રિઈમેજિન સિમ્પોઝિયમની ફ્લેગશિપ ત્રીજી એડિશન હેઠળની પહેલ છે.

આ આઈડિયાથોન રાષ્ટ્ર નિર્માણ પ્રત્યે અને આત્મનિર્ભર રોકાણકારના વિઝનને મજબૂત બનાવવા માટે સીડીએસએલની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. એક શિક્ષિત રોકાણકાર એક સુરક્ષિત રોકાણકાર છે જે તેમની આકાંક્ષાઓને દર્શાવતા જાણકાર નિર્ણયો લેવા માટે સશક્ત છે. અમે વિદ્યાર્થીઓને તે ભવિષ્યને આકાર આપવામાં ભાગ લેવા આમંત્રણ આપીએ છીએઃ એમ સીડીએસએલના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી નેહલ વોરાએ જણાવ્યું હતું.

''રીઈમેજિન આઈડિયાથોન એ જવાબદાર ઈનોવેશનનો ઉત્સવ છે. સતત વિકસતા બજારના ક્ષેત્રે ટેકનોલોજી એક ઉત્પ્રેરક અને વિશ્વાસના ચક્ર તરીકે કામ કરે છે જે રોકાણકારોને યોગ્ય સાધનો અને આઈડિયાથોન નવીનતા અને સર્જનાત્મકતાને સન્માનિત કરશે, જેમાં કુલ રૂ.૧૧.૫ લાખનું ઈનામ આપવામાં આવશે, જેમાં વિજેતા આઈડિયા માટે રૂ. ૫ લાખ, રનર્સઅર માટે રૂ. ૩ લાખ અને રૂ. ૨ લાખ તથા ચોથા અને પાંચમા સ્થાન માટે રૂ. ૭૫,૦૦૦નો સમાવેશ થાય છે.

આઈડિયાથોન ૨૦૨૫ માટે રજિસ્ટ્રેશન ૧૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ ખુલશે. ચાર જેટલા વિદ્યાર્થીઓ અને એક માર્ગદર્શક (એક જ સંસ્થામાંથી)ની બનેલી ટીમો ભાગ લઈ શકે છે. પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ, મૂલ્યાંકન અને સમયમર્યાદા વિશે વધુ વિગતો વેબસાઈટ https://ideathon.cdslindia.com/ પર ઉપલબ્ધ છે.

# ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સ અને સીએનબીસી-ટીવી૧૮એ ભારતમાં વિશ્વસનીય નાણાકીય સલાહને સમર્થન આપવા માટે જોડાણ કર્યું

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**સુરત, તા. ૨૪**

CNBC-TV18ના માધ્યમથી સલાહકારોની વાતોને રાષ્ટ્રીયમંચ પર રજૂ કરવી-અમારા સલાહકારોની સફળતાની અનેક વાતોને આગળ વધારવા તથા તેને લોકો સુધી પહોંચાડવા ટાટા એઆઈએ, સીએનબીસી-ટીવી ૧૮ સાથે ભાગીદારીની જાહેરાત કરીને અત્યંત આનંદની લાગણી અનુભવે છે. આગામી સમયમાં વધુને વધુ લોકો જીવન વીમા સલાહકાર બનાવવાના કામને પૂર્ણકાલીન વ્યવસાય તરીકે અપનાવે તે માટે તેમને પ્રોત્સાહિત કરવાનો છે.

આ પહેલ અંગે પ્રતિક્રિયા આપતાં ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સના એમડી અને સીઈઓ વેંકી ઐયરે જણાવ્યું હતું કે, ''સપનાઓનું રક્ષણ કરવાના

TATA AIA LIFE INSURANCE

અને ભવિષ્યને સુરક્ષિત કરવાના ટાટા એઆઈએના અમારા વચનના હાર્દમાં અમારા ગ્રાહકો છે. ટાટા એઆઈએ ઔરાના માધ્યમથી અમે અમારા નાણાકીય સલાહકાર સમુદાયની ઉદ્યોગસાહસિકતાની ભાવના અને સફળતાને ઓળખી તેને બિરદાવવા માંગીએ છીએ. CNBC-TV18 સાથેની અમારી ભાગીદારી દ્વારા સંચાલિત, આ પહેલ પાછળનો અમારો હેતુ સલાહકાર ઉદ્યોગસાહસિકોની આગામી પેઢીને પ્રેરિત કરવાનો છે જેઓ વીમાને પૂર્ણ-સમયના વ્યવસાય તરીકે અપનાવવા વિચાર કરી શકે છે.''

ન્યૂઝ ૧૮ સ્ટુડિયોના સીઈઓ શિવકુમાર એસએ આ પહેલ અંગે જણાવ્યું હતું કે, 'ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સ સાથેનો આ સહયોગ સલાહકારોની અતૂટ પ્રતિબદ્ધતાને પ્રકાશિત કરે છે, જે તેઓ જે પરિવારની સેવા કરે છે તેના માટે કાળજી અને સુસંગતતા લાવે છે. તેમની કામગીરીના અનુભવોને લોકો સમક્ષ રજૂ કરી અમે આજના ઝડપથી પરિવર્તનશીલ નાણાકીય માહોલમાં જવાબદાર સલાહકારના મહત્વને મજબૂત બનાવવાનો હેતુ ધરાવીએ છીએ.'

સફળ સલાહકારોની શક્તિશાળી અને પ્રભાવશાળી વાતો સીએનબીસી-ટીવી ૧૮, સીએનબીસી-આવાઝ, મનીકન્ટ્રોલ.કોમ અને તેમના ડિજિટલ અને સામાજિક પ્લેટફોર્મ પર દર્શાવવામાં આવશે, જેથી આ વાતો પ્રેક્ષકોના વિશાળ વર્ગ સુધી પહોંચે તે બાબત સુનિશ્ચિત થશે.

### સાંસદ ધવલભાઈ પટેલ અને ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના હસ્તે

# ગોઈમા ખાતે ભગવાન બિરસા મુંડા ક્રિકેટ ગ્રાઉન્ડનું લોકાર્પણ કરાયું





**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિના પવિત્ર અવસરે ગોઈમા ગામે, વાઘઈ ફળિયામાં, ‘‘ભગવાન બિરસા મુંડા ક્રિકેટ ગ્રાઉન્ડ’’નું લોકાર્પણ ભવ્ય અને ઐતિહાસિક આયોજન સાથે યોજાયું હતું. કાર્યક્રમનું લોકાર્પણ લોકસભા દંડક અને વલસાડ-ડાંગના સાંસદ ધવલભાઈ પટેલ તથા કપરાડા વિધાનસભાના લોકલાડીલા ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જીતુભાઈ ચૌધરીના કરકમલોથી થયું હતું.

આ મહત્વના કાર્યક્રમમાં જિલ્લા પંચાયત સભ્ય, નાની વહીયાળ હાઈસ્કૂલના પ્રિન્સિપાલ શૈલેશકુમાર આર. પટેલ, ગામના સરપંચ જ્યોતિબેન પટેલ, ડેપ્યુટી સરપંચ મિતેશભાઈ પટેલ, પૂર્વ સરપંચ સુભાષભાઈ પટેલ, ગામ પંચાયત સભ્યો, તાલુકા પંચાયત સભ્ય તેમજ આજુબાજુના ગામોના સરપંચો ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે ભાજપના અગ્રણી અમૃતભાઈ પટેલ, રણજીતભાઈ, ધનસુખભાઈ, પરભુભાઈ, વિમલભાઈ સહિતના આગેવાનોની ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ મહત્ત્વ અપાવ્યું હતું.

સાંસદ ધવલભાઈ પટેલ વિજય બાદ પ્રથમવાર ગોઈમા ગામે પધારતા ગામ પંચાયત તથા ક્રિકેટ ગ્રાઉન્ડ ટુર્નામેન્ટ આયોજકોએ તેમને ઉત્સાહભેર સન્માનિત કર્યા હતા. સમગ્ર ગામમાં હર્ષોલ્લાસનો માહોલ છવાયો હતો. લોકાર્પણ બાદ સાંસદ તથા ધારાસભ્યએ ક્રિકેટ મેદાન પર યુવાનો સાથે પ્રતીકાત્મક ક્રિકેટ રમી યુવા ખેલાડીઓમાં જુસ્સો અને ખેલભાવના પ્રેરિત કરી હતી.

તેમના સંબોધનમાં સાંસદે જણાવ્યું કે, ‘‘આ ક્રિકેટ ગ્રાઉન્ડ માત્ર ક્રિકેટ માટે નહીં, પણ પોલીસ, લશ્કરી તથા અન્ય સ્પર્ધાત્મક ભરતીની તૈયારી માટે, યોગ અને કસરત માટે, ગ્રામ્ય સ્તરના સરકારી જાહેર કાર્યક્રમો માટે, તેમજ સામાજિક તથા ધાર્મિક કાર્યક્રમો માટે મહત્ત્વનું કેન્દ્ર બની રહેશે.’’ તેમણે ખાતરી આપી કે મેદાનના વિકાસ માટે જરૂરી સહાય અને ગ્રાન્ટ સરકાર તરફથી ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ પોતાના પ્રવચનમાં ઉદવાડા-ગોઈમા-ચીવલ માર્ગ અંગે મહત્વપૂર્ણ માહિતી આપી હતી અને જણાવ્યું કે, ચોમાસા પહેલાં ૨૨ કરોડ રૂપિયાના પ્લાન એસ્ટીમેટ મુજબ આ માર્ગનું ટેન્ડર જાહેર થયું હતું. રાજકન્સ્ટ્રક્શન-વિરાજભાઈને ૧૭ કરોડમાં આ યોજનાનું ટેન્ડર મળ્યું હતું. યોજનાનાં ભાગરૂપે ૨૨૦૦ મીટર રોડ – રોહીણા બરઈ ફાટકથી ખુંટેજ ચાર રસ્તા સુધી – સંપૂર્ણ ખોદીને નવેસરથી બનાવવાનો તથા બાકીના ઉદવાડા થી ચીવલ સુધીના માર્ગનું રીસર્ફેસિંગ કરી નવા ડામર રોડનું નિર્માણ કરવાની યોજના હતી.

પરંતુ નાનાપોંઢા-વાપી રોડ પર આવેલા કોલક નદીના જૂના અને ખરાબ પુલને કારણે મુખ્ય માર્ગ બંધ રહ્યો. જેના કારણે ભારે વાહનોને ઉદવાડા-ચીવલ માર્ગથી જ અવરજવર કરવી પડી. ભારે ટ્રાફિકના દબાણને કારણે ૧૨ કિલોમીટર માર્ગ અત્યંત ખરાબ થઈ ગયો અને તેને ફરીથી સંપૂર્ણ ખોદીને બનાવવાની આવશ્યકતા ઊભી થઈ—જે ૧૭ કરોડની રકમની અંદર શક્ય ન હોવાથી માર્ગ મકાન વિભાગ દ્વારા વધારાની ગ્રાન્ટ માટે ફાઈલ નાણાં વિભાગને મોકલવામાં આવી છે.

ધારાસભ્યએ નાણામંત્રી તથા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈનો વિશેષ ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, વધારાની ગ્રાન્ટ ઝડપી મંજૂર કરવાની ખાતરી નાણામંત્રીએ આપેલ છે જેનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. મંજૂરી મળતા માર્ગનું ખાતમુહૂર્ત ટૂંક સમયમાં કરવામાં આવશે. સાથે સાથે તેમણે અફવાઓ અને ખોટી જાણકારી ફેલાવનારા કોંગ્રેસી તત્વો સામે ગામજનોને સાવચેત રહેવાની અપીલ કરી. ‘‘તથ્યો જાણી લો, માર્ગ મકાન વિભાગ અથવા રાજ્ય કચેરીમાં કોઈપણ નાગરિક આ યોજના વિષે સીધી માહિતી મેળવી શકે છે,’’ એમ તેમણે સ્પષ્ટ કર્યું હતું.

કાર્યક્રમનું સંચાલન દિપકભાઈ પટેલ દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું. સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે ડેપ્યુટી સરપંચ મિતેશભાઈ પટેલ, સરપંચપતિ મિતેશભાઈ રમણલાલ પટેલ, સ્નેહલ કનુભાઈ પટેલ તથા વાઘઈ ફળિયાની સમગ્ર યુવા ટીમે વિશેષ મહેનત કરી હતી. અંતમાં આભારવિધિ પૂર્વ સરપંચ સુભાષભાઈ પટેલે વ્યક્ત કરી હતી.

આ રીતે, ગોઈમા ગામે ભગવાન બિરસા મુંડા ક્રિકેટ ગ્રાઉન્ડનું લોકાર્પણ માત્ર એક રમતગમત કાર્યક્રમ ન રહ્યો—પરંતુ વિકાસ, સંકલ્પ, એકતા અને યુવા શક્તિનો પવિત્રોત્સવ બની રહ્યો હતો.

# કપરાડાની સિલ્ધા હાટશેરી પ્રાથમિક શાળાની વિદ્યાર્થીની ખેલ મહાકુંભમાં વિજેતા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

કપરાડાની સિલ્ધા હાટશેરી પ્રા.શાળાની જિગિષા તુંબડાની ખેલ મહાકુંભ ૨૦૨૫ - કબડ્ડી અંડર ૧૪માં રાજ્યની ટીમમાં પસંદગી થતા શાળા પરિવારમાં ખુશીની લહેર પ્રસરી છે. વર્તમાન સમયમાં ચાલી રહેલાં ખેલ મહાકુંભ ૨૦૨૫ અંતર્ગત જિલ્લા કક્ષાએ રમાયેલી બહેનો માટેની અંડર ૧૪ કબડ્ડીની સ્પર્ધામાં કપરાડા તાલુકાની સિલ્ધા હાટશેરી પ્રા.શાળામાં અભ્યાસ કરતી જિગિષા તુંબડાની ટીમ જિલ્લામાં ત્રીજા નંબરે આવી હતી. જેમાં રાજ્ય કક્ષાએ રમવા જનાર જિલ્લાની ટીમમાં બહેનો માટે કબડ્ડીની રમત માટે જિગિષા તુંબડાની પસંદગી થઈ છે. જિગિષા તુંબડા કપરાડા તાલુકાની અંતરિયાળ વિસ્તારમાં આવેલી સિલ્ધા હાટશેરી પ્રા.શા.માં અભ્યાસ કરે છે. જેમના કોચ સુરેશભાઈ અટારા અને સંદિપભાઈ ભિંસરા તથા શાળા પરિવારની મહેનત થકી દીકરી આગળ વધી છે. દીકરીનાં ઉજ્જવળ ભવિષ્ય માટે શાળા પરિવાર અને ગ્રામજનોએ આનંદની લાગણી વ્યક્ત કરી આશિષ આપ્યા હતા.


# અતુલ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલની ઉપસ્થિતિમાં રક્તદાન કેમ્પ યોજાયો




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

વલસાડ તાલુકાના અતુલ ફર્સ્ટ ગેટ યુવક મિત્ર મંડળ અને અતુલ રૂરલ ડેવલપમેન્ટ ફંડ દ્વારા ૧૬મો સ્વૈચ્છિક રક્તદાન કેમ્પ પારનેરા ખાતે આવેલી ભોળાનગર પ્રાથમિક શાળામાં યોજાયો હતો. આ કેમ્પમાં કુલ ૭૫ યુનિટ રક્ત એકત્ર થયું હતું. આ કેમ્પને સફળ બનાવવા માટે ઝહીરભાઈ શેખ, ઈનામુલ હક ખાન, મહમદ જત અને રાજેશભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી. રક્તદાતાનો જુસ્સા વધારવા માટે જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે પારનેરા ગ્રામ પંચાયતના સરપંચ ભરતભાઈ પટેલ, રાજુભાઈ પટેલ અને પારડી વહોરા સમાજના આમિલ વિશેષ હાજર રહ્યા હતા.

# ડાંગના સુબીર તાલુકાના પૂર્વપટ્ટી વિસ્તારના ખજૂરના ગામથી બરડા ગામનો મુખ્ય રસ્તો બિસ્માર



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**આહવા, તા.૨૪**

ડાંગ જિલ્લાના સુબીર તાલુકાના ખજૂરના થી બરડા જતો મુખ્ય રસ્તો ગત વર્ષે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે મંજૂર કરવામાં આવ્યો હતો. રૂા. ૪૦ લાખનો ખર્ચે બનનાર રસ્તો હજુ સુધી બનાવવામાં આવ્યો હતો. રસ્તો બિસ્માર હાલતમાં હોઈ કોઈ અધિકારીઓ ધ્યાન આપતા નથી તેથી ગ્રામજનોને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. બીજું બાજુ આ રસ્તા અંગે એવું પણ જાણવા મળ્યું છે કે કોન્ટ્રાક્ટરને કામ સોંપવામાં આવ્યું પણ એમના પાસે કામ કરાવવા માટે કોઈ મજૂર નથી અને આવે તો એક બે દિવસમાં ભાગી જાય છે. તો શું આ રસ્તો બીજા કોઈ કોન્ટ્રાક્ટર આપવામાં આવતો નથી તેવું લોકો જણાવી રહ્યા છે.

હાલમાં બીજુરપાડા પ્રાથમિક સ્કૂલ પર પોગ્રામમાં પણ ધારાસભ્ય શ્રી વિજય પટેલે કહ્યું હતું કે, ખજૂરના થી બરડા રસ્તો મંજુર થયો છે છતાં અધિકારીઓ કોની રાહ જોઈને બેઠા છે. જેમણે આ રોડને પેચ મારવાની કામગીરી હાથમાં લીધી હશે તેઓએ માત્ર કાગળ પર જ કામગીરી પૂર્ણ કરી દીધી નથી નથીને. જો સરકાર દ્વારા એ રસ્તો પાસ થયો હોય તો તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં આવે એવી લોક માંગણી છે.

### ઓપરેશન મિલાપ અંતર્ગત વઘઈ પોલીસે

# અઢી વર્ષથી ગુમ થયેલ રસિલાબેનનું પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**આહવા, તા.૨૪**

ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલા સંવેદનશીલ અભિયાન ‘ઓપરેશન મિલાપ’ અંતર્ગત વઘઈ પોલીસે મોટી સફળતા મેળવી છે. વઘઈ પોલીસ સ્ટેશન વિસ્તારના કોસમાળ ગામના રસિલાબેન ધનલેશભાઈ બોરસા (ઉ.વ. ૩૨), જેઓ છેલ્લા અઢી વર્ષ (જૂન-૨૦૨૩)થી ગુમ હતા, તેમને શોધી કાઢવામાં આવ્યા છે.

પી.આઈ. વી.કે. ગઢવી અને તેમની ટીમે ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સની મદદથી ગુમ થયેલ બહેન દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હોવાની માહિતી મેળવી હતી. ત્યાં તેમનો સંપર્ક કરી, યોગ્ય કાઉન્સેલિંગ બાદ તેમને વઘઈ પોલીસ સ્ટેશન ખાતે લાવી તેમના પરિવાર સાથે સફળતાપૂર્વક પુનઃમિલન કરાવ્યું છે. આ કામગીરી બદલ પોલીસ ટીમની સરાહના થઈ રહી છે.

# વલસાડ જિલ્લામાં તા. ૨ ડિસેમ્બર સુધી સભા-સરઘસ ઉપર પ્રતિબંધ

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

વલસાડ જિલ્લામાં હાલની પ્રવર્તમાન પરિસ્તિતિને ધ્યાનમાં રાખી રાજ્યની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર સરઘસ કાઢવાની તેમજ સભા ભરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. જે અંગે જિલ્લા અધિક મેજિસ્ટ્રેટ મહિપાલસિંહ ચુડાસમાએ ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મળેલી સત્તાની રૂએ વલસાડ જિલ્લામાં તા. ૦૨ ડિસેમ્બર ૨૦૨૫ સુધી અનઅધિકૃત રીતે/ ગેરકાયદેસર રીતે ચાર કરતા વધુ માણસોની કોઈ સભા કરવી કે બોલાવવી નહીં, સરઘસ કાઢવું નહીં કે દેખાવ નહી કરવા જણાવ્યું છે.

આ હુકમ સ્મશાન યાત્રા કે એસટી બસ-રેલવેમાં મુસાફરી કરવા માંગતા લોકોને, સક્ષમ અધિકારીની લેખિત પરવાનગી મેળવનાર બોનોફાઈડ વ્યક્તિને તથા સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાનોને લાગુ પડશે નહી. આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૧૩૫(૧) તથા ભારતીય ન્યાય સંહિતા - ૨૦૨૩ની કલમ - ૨૨૩ અનુસાર સજાને પાત્ર થશે. જે માટે વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીના તમામ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

# ધી ઓલપાડ તાલુકા પ્રાયમરી ટીચર્સ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિમિટેડની મિટિંગ યોજાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૨૪**

ધી ઓલપાડ તાલુકા પ્રાયમરી ટીચર્સ કો-ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લિમિટેડની એક અગત્યની મિટિંગ મંડળીનાં પ્રમુખ કિરીટભાઈ પટેલનાં અધ્યક્ષસ્થાને યોજવામાં આવી હતી. આ પ્રસંગે મંડળીનાં ઉપપ્રમુખ બળદેવભાઈ પટેલ સહિત તમામ કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

મંડળીનાં મુખ્ય સેક્રેટરી મહેશભાઈ પટેલે સૌ કારોબારી સભ્યોને શાબ્દિક આવકાર આપી મિટિંગની સંક્ષિપ્ત માહિતી આપી હતી. મંડળીનાં જોઈન્ટ સેક્રેટરી ભરતભાઈ પટેલે ગત સભાનાં એજન્ડાનું વાંચન કર્યુ હતું જેને સર્વાનુમતે બહાલ રાખવામાં આવ્યું હતું.

પ્રમુખસ્થાનેથી કિરીટભાઈ પટેલે મંડળીની સ્થાપનાનાં ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં હોઈ મંડળીનાં શતાબ્દી મહોત્સવની ઉજવણીનાં આગોતરા આયોજન બાબતે સવિસ્તર ચર્ચા હાથ ધરી હતી. આ તકે તેમણે આગામી ૧૦ જાન્યુઆરી ઉજવણીની સંભવિત તારીખ જાહેર કરી કારોબારી સભ્યોને એકમેકનાં યોગ્ય સંકલનથી વિવિધ જવાબદારીઓ બજાવવા અંગેની રૂપરેખા રજૂ કરી હતી. અંતમાં મંડળીનાં બીજા જોઈન્ટ સેક્રેટરી શશીકાંત પટેલે આભારવિધિ આટોપી હતી.

નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો:
દિપક સોલંકી : 98796 87316

### કોંગી ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ પોલીસના પટ્ટા ઉતારી દેવાના કરેલા નિવેદન બાદ

# હિંમતનગર ખાતે પોલીસ પરિવાર દ્વારા સૂત્રોચ્ચાર સાથે રેલી યોજાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**હિંમતનગર, તા.૨૪**

કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી દ્વારા વાવ થરાદ ખાતે પોલીસના પટ્ટા ઉતારી દેવાના કરેલા નિવેદન બાદ ગુજરાતભરમાં પોલીસ પરિવાર આક્રોશમાં છે ત્યારે ગુજરાતભરમાંથી પોલીસ પરિવારો દ્વારા જીગ્નેશ મેવાણીના નિવેદનના વિરુદ્ધમાં ભારે આક્રોશ સાથે રેલી યોજાઇ રહી છે ત્યારે હિંમતનગર ખાતે સોમવારે આંબાવાડી પોલીસ લાઈનથી મહાવીર નગર સર્કલ સુધી રેલી યોજાઇ હતી. જેમાં નિવૃત્ત પોલીસ કર્મચારી અને પોલીસ પરિવાર સહિત નાના બાળકો પણ આ રેલીમાં ભારે સૂત્રોચ્ચાર સાથે જોડાયા હતા. પોલીસ પરિવારની એક જ માંગ છે કે, કોંગ્રેસના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી દ્વારા આ પ્રકારની માનસિકતા ધરાવતા નિવેદનો પોલીસ વિરુદ્ધ આપેલ છે જે પાછા ખેંચવામાં આવે અને જાહેરમાં માફી માંગવામાં આવે એ પ્રકારની માંગ કરી હતી. આગામી સમયમાં જીગ્નેશ મેવાણી દ્વારા માફી માગવામાં નહીં આવે તો આંદોલનનું યથાવત રહેશે.

પોલીસ પરિવારના એક મહિલાએ જણાવ્યું હતું કે, પોલીસ રાત દિવસ લોકોની સલામતી માટે તત્પર રહે છે, કોઈપણ પરિસ્થિતિમાં પહોંચી વળવા પોલીસ હર હંમેશ અગ્રેસર હોય છે ત્યારે પોલીસનું મનોબળ ટુટે તે પ્રકારના નિવેદનો જીગ્નેશ મેવાણી દ્વારા આપવામાં આવ્યા છે જે ક્યારેય ચલાવી દેવામાં આવશે નહીં જેથી હવે કોંગી ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ માફી માંગે છૂટકો છે.

# લગ્નમાં મહેમાન બની આવેલા ચોરે ૪.૩૪ લાખની મતા સેરવી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૨૪:** વૈષ્ણોદેવી સર્કલ પાસે આવેલા ચંચળબા પાર્ટી પ્લોટમાં ચાલી રહેલા એક લગ્ન પ્રસંગમાં ચોરીનો બનાવ બનવા પામ્યો છે. મહેમાન બનીને આવેલા ચોરે પાર્ટી પ્લોટમાં સોફા પર સોનાના દાગીના અને રોકડ સહિત રૂ. ૪.૩૪ લાખની મતા ભરેલું પર્સ ૨૦ જ મિનિટમાં ચોરી કર્યુ હતું. સોલા હાઈકોર્ટ પોલીસે ફરિયાદ નોંધી સીસીટીવી અને પ્રસંગના વીડિયો ફુટેજ આધારે તપાસ શરૂ કરી છે. ઘોડાસરમાં રહેતા મનિષાબેન પંચાલના ભાઈના દીકરાના ગત તા. ૨૨મીએ લગ્ન હતા. મનીષાબેનના ભાઈ મયંકભાઈના પુત્ર અભીના લગ્ન પ્રસંગનું આયોજન એસ.પી. રિંગ રોડ પર આવેલા ચંચળબા પાર્ટી પ્લોટમાં રાખવામાં આવ્યું હતું. મનિષાબેન તેમના પરિવારજનો સાથે પાર્ટી પ્લોટ ખાતે ગયા હતા. લગ્ન પ્રસંગ દરમિયાન મનિષાબેને દાગીના અને રોકડા ભરેલું પર્સ એક સોફા પર રાખીને બાથરૂમ ગયા હતા. આશરે વીસેક મિનિટમાં તે પરત આવ્યા ત્યારે સોફા પરથી પર્સ ગાયબ હતું. પર્સમાં ૩.૧૨ લાખના ૬૨.૫ ગ્રામ સોનાના દાગીના, રોકડા ૨૨ હજાર અને એક લાખની મતાના બે ફોન હતા. આમ, કુલ રૂ. ૪.૩૪ લાખની મતા ભરેલું પર્સ મહેમાનના સ્વાંગમાં આવેલો ચોર ચોરી ગયો હોવાની જાણ થતાં તેમણે પોલીસને જાણ કરી હતી.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# દેશના એક્સપ્રેસવે-મહામાર્ગો ઉપર અકસ્માતોની વધી રહેલી સંખ્યા

**વિ**શ્વમાં દર વર્ષે બાર લાખ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામે છે. વર્ષ ૨૦૨૪માં ભારતમાં કુલ ૪.૭૩ લાખ રોડ ઍક્સિડન્ટના કેસ નોંધાયા હતા, જેમાં ૧.૭ લાખ લોકોના જીવ ગયા હતા. મહારાષ્ટ્રની વાત કરીએ તો એક્પ્રેસવે તથા હાઈવેનું સારું નેટવર્ક હોવા છતાં માર્ગ અકસ્માતમાં થતાં મોતની સંખ્યામાં સતત વધારો થતો રહ્યો છે. મુંબઈ-નાગપુરને જોડતા સમૃદ્ધિ મહામાર્ગ પર જાન્યુઆરીથી સપ્ટેમ્બર વચ્ચે અકસ્માતમાં થયેલાં મૃત્યુમાં સોળ ટકાનો વધારો થયાનું નોંધાયું છે. જોકે, આ સાથે જ મુંબઈ-પુણે એક્પ્રેસવે પર આ સમયગાળા દરમિયાન રોડ ઍક્સિડન્ટમાં થયેલાં મૃત્યુમાં ૨૯નો ઘટાડો થયો છે. આ અકસ્માતો અને મૃત્યુ માટે અનેક પરિબળો જવાબદાર છે. હાઈવે પર થતાં અકસ્માતોમાં ઝડપી વેગ એકમાત્ર કારણ હોતું નથી. મહારાષ્ટ્રના એક્પ્રેસવે અને સમૃદ્ધિ મહામાર્ગ આ બે માર્ગો પર અકસ્માતની સંખ્યામાં વધારા-ઘટાડા વિશે નિષ્ણાતોનો અભિપ્રાય છે કે, માત્ર સ્પીડ નહીં અન્ય ટેક્નિકલ બાબતો પણ એમાં જવાબદાર છે. સૌથી પહેલા તો મુંબઈ-પુણે એક્પ્રેસવે પર ચાલકો વધુ પડતી ગતિએ વાહન ન ચલાવે એ માટે ગોઠવેલી ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મૅનેજમેન્ટ સિસ્ટમ કારગર નીવડી છે. આ ઉપરાંત, સમૃદ્ધિ મહામાર્ગ કૉંક્રીટથી બનેલો હોવાથી તેના પર ઝડપથી ચાલતાં વાહનોમાં ટાયર ફાટવાની ઘટનાઓ બને છે, જ્યારે એક્પ્રેસવે પર કૉંક્રીટની સાથે અન્ય મટિરિયલ ઉમેરવામાં આવ્યું હોવાથી ટાયરને નુકસાન થતું નથી. વળી, આ એક્પ્રેસવેથી વિપરીત સમૃદ્ધિ મહામાર્ગ પર ભારે વાહનો માટે રોકાવા માટે સુવિધા નથી, આથી લાંબા અંતરના આ પ્રવાસમાં ડ્રાઈવરનું ધ્યાન ભટકવાને કારણે અકસ્માતની શક્યતા વધી જાય છે. વળી, એક્પ્રેસવે પર સલામતી માટે મૂકવામાં આવેલા ક્રૅશ બૅરિયર, ઘાટ ક્ષેત્રમાં રાખવામાં આવેલી તકેદારીઓ અન્ય માર્ગો માટે પણ અમલમાં મૂકવા જેવી છે. સમૃદ્ધિ મહામાર્ગ પર છત્રપતિ સંભાજીનગર(ઔરંગાબાદ)ના જામ્બરગામ ટૉલ પ્લાઝા, કડવાંચી ગામ તથા બુલઢાણા ખાતે અકસ્માતો સૌથી વધુ થાય છે, અહીં તકેદારી વધારવાની જરૂર છે. તો, મહામાર્ગ પર ખાસ કરીને ઈગતપુરી પાસેની ટનલ નજીક લોકો વાહનો ઊભાં રાખી સૅલ્ફીઓ ખેંચવા લાગી જાય છે, આના કારણે હાઈસ્પીડ ટ્રાફિક વચ્ચે અકસ્માતો થવાનું જોખમ ખાસ્સું વધી જતું હોવાનું નોંધવામાં આવ્યું છે. તાજેતરના દિવસોમાં પણ દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વે પર રાજસ્થાન અને ગુજરાતના બરોડા નજીક ગમખ્વાર અકસ્માતો સર્જાયા હતા. જેને પણ તંત્રએ ધ્યાને લેવું જોઈએ કે એક્સપ્રેસ વે ઉપર અકસ્માતોની હારમાળા શા માટે સર્જાય છે...?

# કાતિલ ઠંડીનું વિજ્ઞાન: તીવ્ર ઠંડીથી મોત કેવી રીતે નિપજે છે?

■ કુદરતી તાપમાન ૩ થી ૪ ફેરનહીટથી પણ ઓછું થઈ જાય તો શરીરમાં લોહીનું ભ્રમણ ધીમું પડીજાય છે ■ ઠંડા લોહી વાળા પ્રાણીઓ શિયાળાની ઠંડીનો સામનો ન કરવાથી થીજીને મરી જાય છે

**લેખક: દીપક જગતાપ**

**શિયાળો** આવેને ઠંડીનું કાતિલ મોજું વાતાવરણમાં ફરી વળે ત્યારે શીત લહરની લહેરખીઓ ઘણી વખત ગાત્રોને ધ્રુજાવી દેતી હોય છે. હાજા ગગડી જાય તેવી ઠંડીનો ચમકારો ધ્રુવ પ્રદેશના બરફવાળા હિમખંડ વિસ્તારમાં વિશેષ જોવા મળે છે. શિયાળો જેમ જામતો જાય છે ત્યારે ઘણી વખત અસહ્ય ઠંડીને કારણે લોહી થીજી જવાથી મનુષ્ય સહિત અસંખ્ય પ્રાણીઓના કરૂણ મોત નિપજતા હોય છે. તીવ્ર ઠંડીથી એક મોજની અનુસાર અસંખ્ય પ્રાણીઓ દર વર્ષે નષ્ટ પ્રાય: થતા હોય છે.

**તીવ્ર ઠંડી થી મોત નિપજે તો કઈ રીતે?:** ઠંડીથી આપનું શરીર કેમ ધ્રૂજે છે? ઠંડીથી બચવા શું કરવું જોઈએ? વગેરે પ્રશ્નોની માહિતી આપવાનો આ લેખમાં પ્રયાસ કર્યો છે.

આમ તો ભારતમાં ઓક્ટોબરથી શરદ ઋતુનો પ્રારંભ થાય છે. ગુલાબી ઠંડી લાગવા માંડે છે. તે દરમિયાન ઉત્તર તથા વાયવ્ય દિશામાંથી શિયાળુ પંખીઓ શિયાળો ગાળવા ભારતમાં આવવા માંડે છે. તિબેટનો શિયાળો સૌથી વધુ કઠોળ હોય છે. તેનું કારણ તેની ઊંચાઈ ૧૩૦૦૦ ફૂટની છે. આપણાં દેશમાં લડાખનો શિયાળો સૌથી વધુ ઠંડો હોય છે. હવામાન વિજ્ઞાનીઓનું કહેવું છે કે લડાખમાં સાપેક્ષ ભેજનું પ્રમાણ એટલું બધું હોય છે કે પાણી બનેલું હિમ પણ હવામાં રેતીના કણોની જેમ ઉડતું હોય છે. શિયાળામાં અહીં કશી જ પ્રવૃત્તિ થઈ શકતી નથી, ત્યાં સુધી કે શ્વાસ લેવામાં નાક સિવાય કશું જ બહાર કાઢી શકાય નહીં ૩૫ ડિગ્રી ઉત્તર અક્ષાંશ પર આવેલા લડાખની પ્રજાને શિયાળાના છ મહિના સુધી ઘરમાં પુરાયેલા જ રહેવું પડે છે. ભારતમાં સૌથી વધુ ઠંડી ઉત્તર ભારતમાં પડે છે. ઉત્તર ભારતમાં હિમાલયની પર્વતમાળા હોવા છતાં શિયાળા દરમિયાન હિમાલયમાંથી ઠંડી હવા દક્ષિણમાં ઉતરીને ઉત્તરપ્રદેશ અને બિહાર સુધી પણ પહોંચે છે. રાજસ્થાન, બિહાર અને ઉત્તર પ્રદેશમાં શિયાળો દર વર્ષે સેંકડો માણસો માટે જીવલેણ નીવડે છે. હવામાન વિજ્ઞાન મુજબ ઉત્તર ભારતની તીવ્ર ઠંડી માટે પશ્ચિમ એશિયામાંથી આવતા વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ નામે ઓળખાતા વાયુચક્રો પણ જવાબદાર હોય છે. આ વાયુચક્રો જ્યારે રૌદ્ર સ્વરૂપ પકડે છે. ત્યારે તેઓ વરસાદ આપે છે ઊંચે આકાશમાંથી ઠંડી હવાને નીચે ધકેલે છે અને બરફના કરા પણ વર્ષે આવે છે. એથી ઠંડીનું પ્રમાણ વધી જાય છે. ઉત્તર ભારતની જેમ પૂર્વ ભારતનો શિયાળો પણ કડક હોય છે. એ માટે શિયાળમાં હિમાલયમાંથી ઊતરી આવતો પવન બહુ જ ઠંડો પવન જવાબદાર છે. આ ઠંડો પવન છે દક્ષિણ બંગાળ તથા ઓરિસ્સા સુધી પોતાનો પ્રભાવ પાડે છે, ભારતમાં શિયાળાનો પ્રારંભ ડિસેમ્બરની આખરમાં અથવા જાન્યુઆરીના આરંભમાં તેની પરાકાષ્ઠાએ પહોંચે છે.

સામાન્ય રીતે વિજ્ઞાનના નિયમો મુજબ જે શહેર દરિયાની વધુ નજીક હોય તેને ગરમી ઠંડીના આંતરિકનો સામનો કરવો પડતો નથી, વળી શિયાળાના હવામાન પર ડુંગરાળ પ્રદેશોનો પણ પ્રભાવ પડતો હોય છે. વિજ્ઞાનના સિદ્ધાંત પ્રમાણે દરિયાનું પાણી દિવસે સૂર્યની જેમ ગરમી ગ્રહણ કરે છે. તે રાત ને ઠંડી હવામાં થોડી થોડી પાછી ફેકે છે. હિમાલય અને તેની આસપાસના વિસ્તારમાં જેમ વધુ હિમવર્ષા થાય તેમજ સમગ્ર ભારતમાં શિયાળાની ઠંડી જામતી જાય છે. તેનો પ્રભાવ મુંબઈ સુધી અને દક્ષિણના વિસ્તારમાં પણ અનુભવવા તો જોવા મળે છે. તેની ઘણી માઠી અસરો પણ જોવા મળે છે. હિમાલયના તરાઈના વિસ્તારોમાં ભારે હિંમ પડવાથી વનસ્પતિ સૃષ્ટિ પણ નાશ પામવા માટે છે. જેમ જેમ ઉત્તરમાં જઈએ તેમ તેમ શિયાળો વધુ ઠંડોઅને તીવ્ર બનતો જાય છે અને ધ્રુવ પ્રદેશોમાં શિયાળા દરમિયાન ભારે હિમવર્ષા થાય છે. ત્યાં હિન્દીને કારણે પુષ્કળ વનસ્પતિ નાશ પામે છે. તેની સાથે સાથે ઠંડા લોહી વાળા પ્રાણીઓ શિયાળાની ઠંડીનો સામનો ન કરવાથી થીજીને મરી જાય છે. તેનું મુખ્ય કારણ આસપાસની ઠંડીનો સામનો કરવા જેટલી ગરમી પોતાના શરીરમાં પેદા કરી શકાતા નથી તેથી હૃદય બંધ પડી જવાથી તેઓ મર્યા જાય છે.

શરીર વિજ્ઞાનના નિયમો મુજબ શિયાળાની તીવ્ર ઠંડીનું મોજું ચડી આવે ત્યારે શરીરની રાસાયણિક અને પાચનક્રિયા ઓ ખોરવવા લાગે છે, ઠંડીથી તેથી જ શરીર ધ્રુજવા લાગે છે. આ પ્રકારની ધ્રુજારી પાછળનો કુદરતી હેતુ શરીરમાં શક્ય એટલી વધુ ગરમી પેદા કરવાનો છે. તે પછી પણ જો તીવ્ર ઠંડીનો સ્પર્શ ચાલુ રહે તો શરીર તેની કુદરતી ગરમી વધુને વધુ પ્રમાણમાં ગુમાવતું જાય છે. જો આ કુદરતી તાપમાન ૩ થી ૪ ફેરનહીટથી પણ ઓછું થઈ જાય તો શરીરમાં લોહીનું ભ્રમણ ધીમું પડે છે. એથી મગજને સમયસર અને પૂરતા પ્રમાણમાં લોહી મળતું નથી. પરિણામે ગ્લુકોઝ અને પ્રાણવાયુ પણ ઓછા મળે છે. જે મગજની વિચાર કરવાની શક્તિને ઘટાડી નાખે છે. ઠંડીની બીચ વધવાથી લોહીમાં શર્કરાનું પ્રમાણ ઘટતું જવાથી ચક્કર પણ આવે છે. જે પડે શરીરનું તાપમાન ૯૮.૬ ફેરેનાઇટથી ઘટીને ૮૨ અન ફેરનહીટ થઈ જાય, ત્યારે હૃદય લોહીને શરીરમાં વધુ વેગથી ફેરવવાના વલખા મારે છે અને જો હૃદય બંધ પડી જાય તો ચાર મિનિટ બાદ મગજના કોષોનું વિસર્જન શરૂ થાય છે. શરીરની રસ ગ્રંથિઓમાં જે પાણી હોય તે થીજી જવાથી કોષો નાશ પામવા માંડે છે.

ઠંડીથી બચવા શરીર વિજ્ઞાનના નિયમો મુજબ ઠાંસી ઠાંસીને ખાવું જોઈએ. વળી ઠંડીનો સામનો કરવા પ્રબળ ઈચ્છા શક્તિ ઉત્પન્ન કરવી જોઈએ. તીવ્ર ઠંડી થી ગભરાઈ જવાથી શરીર ખૂબ જ ઝડપથી ગુમાવી દે છે. સુતરાઉ કપડાં પહેરવા જોઈએ એક કરતાં વધુ કપડાં પહેરવાથી પણ ઠંડીથી બચી શકાય છે. વધુ કપડા પહેરવાથી વચ્ચે રહેલી હવાની ગરમીને શરીરમાં ઉડી ઉડી જતા રોકે છે. તેનું કારણ ઉષ્ણતાની મંદવાહક હવા છે. કૃત્રિમ રેસા તથા ફાઈબર્સના કપડા શિયાળામાં ન ચાલે.

અતિશય ઠંડીથી ઘણીવાર કરૂણ મોત નિપજ્યા છે. તેને વૈજ્ઞાનિકો હાઈપોમીર્યા કહે છે. ઠંડીથી ચામડી ઝડપથી ફીકી પડવા લાગે છે. વળી ચામડી નજીક આવેલી રક્તવાહિનીઓ ઝડપથી સંકોચવા લાગે છે આવું બને ત્યારે મનુષ્ય જાગૃત થઈ જવું જોઈએ ઠંડીની પહેલી અસર રક્તવાહિનીઓ પર થાય છે. લોહી મગજમાંથી આવતા આદેશ મુજબ તેનું પોતાનું ૯૮.૬ અને ફેરનહીટ ઉષ્ણતાપમાન જાળવી રાખવા પ્રયત્ન કરે છે અને તેની એગરમી વેડફાઈ ન જાય એ માટે રક્તવાહિનીઓમાં વહેતુ લોહી ચામડીની વિરુદ્ધ દિશામાં વહે છે. પરિણામે ચામડીને તાજો લોહી ન મળવાથી તે ફીકી પડવા લાગે છે. આખરે મગજ શરીરની રાસાયણ ક્રિયાઓ પર પોતાનો કાબૂ ગુમાવી દેતા માનવીનું મૃત્યુ નીપજતાં હોય છે.

# શ્રમ સંહિતાઓ ભારતની આત્મનિર્ભર અને વિકસિત ભારત તરફની યાત્રામાં એક પરિવર્તનકારી સીમાચિહ્નનું પ્રતિનિધિત્વ કરે છે

**દા**યકાઓ સુધી, ભારત નબળી આર્થિક વૃદ્ધિ, જડાયેલા ભ્રષ્ટાચાર અને નોકરીનું સર્જન અને શ્રમિકોના કલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતાના લાંબા સમયના અભાવ સાથે સંઘર્ષ કરતું રહ્યું. રાજકીય રીતે પ્રેરિત ઘેરાઓ અને બંધોએ વારંવાર ઔદ્યોગિક પ્રવૃત્તિને ખોરવી નાખી, રોકાણોને અટકાવ્યા અને સિસ્ટમમાંનો વિશ્વાસ ઘટાડ્યો તે શરમજનક છે કે અગાઉની સરકારોએ શ્રમ કલ્યાણને માત્ર સૂત્રો સુધી સીમિત કરી દીધું, અને શ્રમિકો દ્વારા સામનો કરવામાં આવતા વાસ્તવિક મુદ્દાઓને ગંભીરતાથી સંબોધવામાં નિષ્ફળ રહી.

આ જડતાને તોડવા માટે રાષ્ટ્રીય નેતૃત્વમાં મૂળભૂત પરિવર્તનની જરૂર હતી. લાલ કિલ્લાની પ્રાચીર પરથી, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'શ્રમેવ જયતે'નું આહ્વાન કરતા જાહેર કર્યું હતું કે શ્રમનું ગૌરવ ભારતના વિકાસ યાત્રાના કેન્દ્રમાં હોવું જોઈએ. આ માત્ર એક સૂત્ર નહોતું, તે એક નવી રાષ્ટ્રીય ચેતનાની શરૂઆત હતી જેમણે શ્રમિકોને નીતિ નિર્માણના હૃદયમાં સ્થાન આપ્યું.

આવા પરિવર્તનની જરૂરિયાત ઘણા લાંબા સમયથી હતી. ભારતના મોટા ભાગના શ્રમ કાયદાનું માળખું ૧૯૨૦થી ૧૯૫૦ના દાયકાનું છે અને તે વસાહતી માનસિકતાથી આકાર પામ્યું હતું. દરમિયાન, કામકાજની દુનિયામાં નાટકીય રીતે ફેરફાર થયો. ગિગ અને પ્લેટફોર્મ અર્થતંત્રોનો ઉદય, ડિજિટલાઇઝેશન, લવચીક કાર્યમાળખાં અને નવા યુગના સાહસોએ વૈશ્વિક શ્રમ પ્રણાલીઓને પુનઃ આકાર આપ્યો. છતાં ભારતના શ્રમ કાયદા સમયમાં થીજી ગયા હતા, જે આધુનિક કાર્યબળ અથવા સ્પર્ધાત્મક અર્થતંત્રને ટેકો આપવા માટે અસમર્થ હતા.

ફરી એકવાર, તે પ્રધાનમંત્રી મોદી જ હતા જેમણે તેમના પંચ પ્રણ દ્વારા આપણી વસાહતી માનસિકતાને દૂર કરવા અને ભવિષ્ય માટે તૈયાર અભિગમને અપનાવવા માટે આહ્વાન કર્યું. જૂના કાયદાઓ ચાલુ રહ્યા કારણ કે તેઓ કામ કરતા હતા તેમ નહીં, પરંતુ અગાઉની સરકારોમાં ઉભરતી વાસ્તવિકતાઓ અને રાષ્ટ્રીય જરૂરિયાતો અનુસાર તેમને આધુનિક બનાવવા માટે રાજકીય ઈચ્છાશક્તિ, હિંમત અને દ્રષ્ટિનો અભાવ હતો.

પ્રધાનમંત્રી શ્રી મોદીના નેતૃત્વ હેઠળ, ભારતનું વૈશ્વિક કદ અભૂતપૂર્વ ઊંચાઈએ પહોંચ્યું છે. વિશ્વ સ્વીકારે છે કે ભારત હવે માત્ર ભવિષ્યને આકાર આપવામાં ભાગ લેતું નથી, પરંતુ તેને નિર્ધારિત કરવામાં પણ મદદ કરી રહ્યું છે. પરંતુ આ ઐતિહાસિક ક્ષણને ખરા અર્થમાં પકડવા અને સંભવિતતાને લાંબા ગાળાની સમૃદ્ધિમાં રૂપાંતરિત કરવા માટે, ભારત નિયંત્રણ માટે બનાવવામાં આવેલા વસાહતી યુગના શ્રમ માળખા સાથે બંધાયેલું રહી શકે નહીં. તેથી, મોટા પાયે રોજગાર નિર્માણ, ઔપચારિકતાને વિસ્તૃત કરવા અને સાર્વત્રિક સામાજિક સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સર્વગ્રાહી સુધારો આવશ્યક હતો. આ રાષ્ટ્રીય જરૂરિયાતને માન્યતા આપીને, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી એનડીએ સરકારે સ્વતંત્ર ભારતમાં સૌથી મહત્ત્વપૂર્ણ સુધારાઓમાંથી એક હાથ ધર્યો છે. અગાઉના ૨૯ વિભાજિત શ્રમ કાયદાઓને ચાર સ્પષ્ટ, સુસંગત શ્રમ સંહિતાઓમાં (Labour Codes) એકીકૃત કરવામાં આવ્યા: વેતન સંહિતા (Code on Wages), ઔદ્યોગિક સંબંધ સંહિતા (Industrial Relations Code), સામાજિક સુરક્ષા સંહિતા (Code on Social Security) અને વ્યવસાયિક સલામતી, આરોગ્ય અને કાર્યકારી પરિસ્થિતિ સંહિતા (Occupational Safety, Health and Working Conditions Code).

૨૧મી નવેમ્બર, ૨૦૨૫ના રોજ આ શ્રમ સંહિતાઓ અમલમાં આવી. સાથે મળીને, તેઓ એક આધુનિક શ્રમ માળખું સ્થાપિત કરે છે જે શ્રમિક તરફી ((pro-worker) અને વૃદ્ધિ તરફી (pro-growth) બંને છે, જે દર્શાવે છે કે ભારત ગતિશીલ અને ઝડપથી વિકસતા વૈશ્વિક અર્થતંત્રની માંગને પહોંચી વળવા તૈયાર છે.

આ સંહિતાઓને સંસદ દ્વારા ૨૦૧૯ અને ૨૦૨૦માં પસાર કરવામાં આવી ત્યારથી, ઘણા રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશો, શ્રમિકોના સંગઠનો અને ઉદ્યોગ સંસ્થાઓએ તેમના પ્રગતિશીલ ઈરાદાનું સ્વાગત કર્યું છે. તેમની ગુણવત્તાને માન્યતા આપીને, રાજકીય ક્ષેત્રના રાજ્યોએ સક્રિયપણે સંહિતાઓની સાથે તેમના શ્રમ કાયદાઓમાં સુધારો કર્યો. ઉદાહરણ તરીકે, જે

## શ્રમેવ જયતે!
## આત્મનિર્ભર ભારત માટે શ્રમ સુધારાઓ



**લેખક: ડૉ. મનસુખ માંડવિયા**
**(લેખક કેન્દ્રીય શ્રમ, રોજગાર, યુવા બાબતો અને રમત-ગમત મંત્રી છે.)**

રાજ્યોએ મહિલાઓને તેમની સંમતિ અને પર્યાપ્ત સુરક્ષા પગલાં સાથે રાત્રે કામ કરવાની મંજૂરી આપી છે, ત્યાં રોજગાર પામેલી મહિલાઓની કુલ સંખ્યામાં ૧૩% નો વધારો જોવા મળ્યો છે.

તમામ ક્ષેત્રોના હિતધારકોએ જૂની શ્રમ પ્રણાલીથી આગળ વધવાની જરૂરિયાતને માન્યતા આપી છે. તેમના યોગદાનથી એક સંતુલિત માળખું બનાવવામાં મદદ મળી છે જે શ્રમિકોનું રક્ષણ કરે છે અને સાથે સાથે અર્થતંત્રને વિકાસ કરવામાં સક્ષમ બનાવે છે.

શ્રમિકો અને ઉદ્યોગના નેતાઓ સાથેની મારી વાતચીતમાં, એક સંદેશ સતત ઉભરી આવ્યો છે, જે કાર્યસ્થળ પર સ્પષ્ટતા, નિષ્પક્ષતા અને ગૌરવની જરૂરિયાત છે. આ માર્ગદર્શક સિદ્ધાંતે અમારા સુધારાઓને આકાર આપ્યો, જેણે એક જટિલ, વિભાજિત પ્રણાલીને એક સરળ, પારદર્શક અને દરેક શ્રમિકના રક્ષણ માટેની પ્રણાલી સાથે બદલી નાખી છે.

શ્રમ સંહિતાઓ, અક્ષર અને ભાવનામાં, માલિકોની અપેક્ષાઓને સંતુલિત કરતી વખતે શ્રમિકોના હિતોને પ્રાથમિકતા આપે છે. તેઓ નિવારક આરોગ્યસંભાળને પ્રોત્સાહન આપે છે અને સામાજિક સુરક્ષાને વિસ્તૃત કરે છે. તેઓ ઑડિયોવિઝ્યુઅલ શ્રમિકો અને ગિગ અને પ્લેટફોર્મ શ્રમિકોને ઔપચારિક માન્યતા પ્રદાન કરે છે. તેઓ અખિલ ભારતીય ESIC કવરેજને સક્ષમ કરે છે, ૪૦ વર્ષ અને તેથી વધુ વયના તમામ શ્રમિકો માટે વાર્ષિક આરોગ્ય તપાસ ફરજિયાત કરે છે, જેમાં અગાઉ બાકાત કરાયેલા પ્લાન્ટેશન શ્રમિકોનો પણ સમાવેશ થાય છે, અને રાજ્યોમાં અસમાનતા ઘટાડવા માટે તમામ શ્રમિકો માટે વૈધાનિક ફ્લોર વેતન (statutory floor wages)ની ખાતરી આપે છે. ફરજિયાત નિમણૂક પત્રો, ખાતરીપૂર્વકની પગાર સ્લિપ અને સવેતન વાર્ષિક રજા જેવી જોગવાઈઓ દરેક શ્રમિક માટે વધુ સ્થિરતા, ગૌરવ અને રક્ષણ પૂરું પાડે છે.

કરાર આધારિત રોજગારના પ્રગતિશીલ વિકલ્પ તરીકે, સંહિતાઓ ફિક્સ્ડ ટર્મ એમ્પ્લોયમેન્ટ (FTE) રજૂ કરે છે. FTE હેઠળ, નિશ્ચિત અવધિ માટે નોકરી કરતા શ્રમિકોને કાયમી કર્મચારીઓ જેવો જ વેતન, લાભો અને કાર્યકારી પરિસ્થિતિઓ મળે છે, જેમાં સવેતન રજા, નિયંત્રિત કામના કલાકો, તબીબી સુવિધાઓ, સામાજિક સુરક્ષા અને અન્ય વૈધાનિક સુરક્ષાનો સમાવેશ થાય છે. ખાસ કરીને, FTE કર્મચારીઓ માત્ર એક વર્ષની સતત સેવા પછી ગ્રેચ્યુઈટી માટે પાત્ર બને છે.

સંહિતાઓ આધુનિક કાર્યસ્થળોની વાસ્તવિકતાઓને પણ સ્વીકારે છે. જો કોઈ કર્મચારી સ્ટાન્ડર્ડ કલાકો કરતાં વધુ કામ કરવાનું સ્વૈચ્છિક રીતે પસંદ કરે, તો તેમને ઓવરટાઇમ માટે સામાન્ય વેતન દર કરતાં બમણા દરે વળતર આપવું આવશ્યક છે, જે દરેક સંજોગોમાં નિષ્પક્ષતા સુનિશ્ચિત કરે છે.

આ સુધારાઓનો કેન્દ્રીય આધારસ્તંભ નારી શક્તિ છે. પ્રધાનમંત્રી મોદીના મહિલા કેન્દ્રીત વિકાસના વિઝન દ્વારા માર્ગદર્શન મેળવીને, સંહિતાઓ મહિલાઓ માટે સંમતિ અને મજબૂત સુરક્ષા પ્રોટોકોલ્સ સાથે, ભૂગર્ભ ખાણો, ભારે મશીનરી અને નાઇટ શિફ્ટ સહિત તમામ ક્ષેત્રોમાં ભાગ લેવા માટે નવા માર્ગો ખોલે છે.

તે જ સમયે, સંહિતાઓ સિંગલ રજિસ્ટ્રેશન, સિંગલ લાઇસન્સ, અને સિંગલ રિટર્ન ફાઇલિંગ રજૂ કરીને માલિકો પરના અનુપાલન બોજને નોંધપાત્ર રીતે ઘટાડે છે. આ સરળીકરણ ઉદ્યોગોને સમગ્ર ભારતમાં તેમના એકમોને વિસ્તૃત કરવા અને સ્થાપિત કરવા પ્રોત્સાહિત કરશે, જેનાથી સ્થાનિક રોજગારને વેગ મળશે.

૨૦૧૫માં ૧૯% થી ૨૦૨૫માં ૬૪.૩% સુધી સામાજિક સુરક્ષાના વિસ્તરણમાં ભારતની પ્રગતિએ વૈશ્વિક પ્રશંસા મેળવી છે. ઇન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઇઝેશને ભારતના પ્રયાસોને સ્વીકાર્યા છે, જ્યારે ઇન્ટરનેશનલ સોશિયલ સિક્યુરિટી એસોસિએશને સામાજિક સુરક્ષામાં ઉત્કૃષ્ટ સિદ્ધિ માટે ભારતને તેના પુરસ્કારથી સન્માનિત કર્યું છે. આ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ પણ નવી શ્રમ સંહિતાઓને આધુનિક, પ્રગતિશીલ અને શ્રમિક તરફી તરીકે વખાણી છે.

આ દૂરગામી લાભો છતાં, તે સ્પષ્ટ છે કે મોટાભાગની ટીકા સુધારાઓની સમજણમાંથી નહીં, પરંતુ પરિવર્તનનો પ્રતિકાર કરતા જડાયેલા રાજકીય હિતોમાંથી ઉદ્ભવે છે. જેઓ પ્રભાવ માટે જૂની અને અસ્પષ્ટ પ્રણાલીઓ પર આધાર રાખતા હતા તેઓ હવે પારદર્શક, કાર્યક્ષમ અને શ્રમિક કેન્દ્રીત માળખાથી અસ્વસ્થ છે. આ સંહિતાઓ જે સકારાત્મક પરિવર્તન લાવી રહી છે તેને સ્વીકારવાને બદલે, તેઓએ ખોટી માહિતી ફેલાવવાનું પસંદ કર્યું છે.

શ્રમ સંહિતાઓ ભારતની આત્મનિર્ભર અને વિકસિત ભારત તરફની યાત્રામાં એક પરિવર્તનકારી સીમાચિહ્નનું પ્રતિનિધિત્વ કરે છે. તેઓ શ્રમિકના ગૌરવને જાળવી રાખે છે, ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહિત કરે છે, અને એક મોડેલ બનાવે છે જ્યાં શ્રમિકોના અધિકારો અને ગૌરવનું રક્ષણ થાય છે અને શ્રમિકો આત્મનિર્ભરતાને આગળ ધપાવતું એન્જિન બને છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વિઝન અને 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ' પ્રત્યેની પ્રતિબદ્ધતા દ્વારા માર્ગદર્શન મેળવીને, આ શ્રમ સુધારાઓ એક આધુનિક, સ્થિતિસ્થાપક અને સમાવેશી અર્થતંત્ર માટે એક મજબૂત પાયો નાખે છે જે ભારતની વિકાસ યાત્રાના કેન્દ્રમાં શ્રમિકો અને સાહસો બંનેને સ્થાન આપે છે.

# ૨૫ નવેમ્બર, સાધુ વાસવાણી જન્મદિવસ આંતરરાષ્ટ્રીય 'મીટ લેસ ડે'

**માંસાહાર, સર્વ નાશાહાર**

**દ**ર વર્ષે ૨૫ નવેમ્બરે કરૂણાવતાર, કેળવણીકાર, એક મહાન કવિ, તત્ત્વજ્ઞાની, સંત અને ગરીબો, પ્રાણી જીવમાત્રના સેવક સાધુ ટી. એલ. વાસવાણીજીનાં જન્મદિવસે 'આંતરરાષ્ટ્રીય મીટ લેસ ડે' ઉજવવામાં આવે છે. સાધુ વાસવાણીજીનું સંપૂર્ણ જીવન સમાજ સેવા થકી પ્રભુ સેવાનાં કાર્યોમાં જ પસાર થયું હતું. ૧૯૯૩માં હૈદરાબાદમાં કન્યાઓ માટે સેન્ટ મીરા સ્કૂલની સ્થાપના કરી તેઓએ કન્યા કેળવણી (શિક્ષણ) પર ભાર મુક્યો, કારણ કે તેઓ માનતા હતા કે જે ઘરમાં સ્ત્રી શિક્ષિત હશે તે આખું કુટુંબ શિક્ષિત બનશે. તેઓ અભ્યાસમાં ચારિત્ર્ય નિર્માણ પર ભાર મુકતા સાદગી, સેવા, પવિત્રતા અને પ્રાર્થના તેમના મુખ્ય ચાર સિધ્ધાંતો રહ્યા હતાં. તેઓ કહેતા કે માંસ ન ખાવાથી આપણે ઘણી બધી બિમારીઓ જેવી કે મેદવૃદ્ધિ, હદયને લગતી બિમારીઓ, હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અને અમુક પ્રકારનાં કેન્સર (ખાસ કરીને ફેફસાના કેન્સરથી) બચી શકીએ છીએ. માંસ શાકભાજી કરતા મોંઘુ હોવાથી તેનો વપરાશ બંધ કરવાથી નાણાની બચત પણ કરી શકાય છે, ઉપરાંત માંસ ખાવાથી થતી બિમારીઓનું જોખમ ઘટવાથી દવાઓ પાછળ થતા ખર્ચને પણ બચાવી શકાય છે અને આ રીતે આરોગ્ય અને પર્યાવરણ સુધારા દ્વારા આપણે દેશ માટે વધુ ઉપયોગી કાર્ય કરી શકીએ છીએ.

માંસાહાર એક એવો ખોરાક છે જે લીધા પછી માણસનું શરીર સંપૂર્ણપણે એસીડીક બનતું જાય છે અને સ્વાસ્થ્ય જાળવવા માટે માનવ શરીર એસીડીકનાં સ્થાને અલ્કલાઈનની નજીક વધુ રહે એ વધુ હિતાવહ કહેવાય, માટે શાકાહાર અપનાવવું જોઈએ. વિચિત્ર પ્રકારનાં ઘડેલા ખોરાક ખાવાને બદલે કુદરતે આપેલું ભોજન લેવું વધુ યોગ્ય છે. વળી માંસાહાર કરતાં શાકાહારમાં મળતાં ન્યુટ્રિશન્સ વધુ ચડિયાતાં છે, એ વાત આપણે ભૂલી જઈએ છીએ. કસાયેલું સિક્સપેક એબ્સ વાળું બોડી બનાવવું હશે તો અનાજ, કઠોળ, શાકભાજી, ફળફળાદિ માનવશરીર માટે એક સંપૂર્ણ ફૂડપેકેજ જ છે, જેમાં જરૂરી વિટામિન, મિનરલ્સથી શરૂ કરીને પ્રત્યેક ન્યુટ્રિશન્સનો સમાવેશ થઈ જાય છે. સંતુલિત શાકાહારી ખોરાક વ્યક્તિને બાવડેબાજ અને મજબૂત બનાવી શકે છે. શાકાહાર હૃદયસંબંધી રોગના ખતરાને દૂર રાખે છે માંસાહારમાં સંતૃપ્ત ચરબી (સેચ્યુરેટેડ ફેટ)નું પ્રમાણ ઘણું વધારે હોય છે, જેને કારણે હૃદયસંબંધી બિમારીઓ થવાનો ભય રહે છે. પરંતુ વેજફૂડમાં પૂરતાં પ્રમાણમાં વિટામિન્સ, મિનરલ્સ, ફાઇબર હોય છે, તેમાં સંતૃપ્ત ચરબીનું પ્રમાણ બહુ જ ઓછું જોવા મળે છે, જેના કારણે બ્લડપ્રેશર અને કોલેસ્ટેરોલ પણ નિયંત્રણમાં રહે છે, સરવાળે, મોટી ઉંમરે હૃદયને કાર્યાન્વિત રાખવામાં શાકાહાર ઉપયોગી પૂરવાર થાય છે. શાકાહારનાં સેવનથી શરીરમાં નકામી ચરબી જમા નથી થતી. સ્વસ્થતાનો માપદંડ ગણાતો 'બોડી માસ ઈન્ડેક્સ' (બીએમઆઈ) પણ શાકાહારીઓમાં માંસાહારીની તુલનામાં વધુ સારો જોવા મળે છે. શરીરનું વજન એકસરખું જાળવી રાખવા તેમજ સંતુલિત સ્વાસ્થ્ય માટે શાકાહારને વધુ મહત્ત્વ આપવાની નિષ્ણાંતો સલાહ આપે છે. શાકાહાર લાંબી આયુનું વરદાન આપે છે. સંતૃપ્ત ચરબી ધરાવતો ખોરાક (માંસાહાર) ખાવાથી માનવશરીરમાં ઘણી પરેશાનીઓ ઉભી થવાની શક્યતા રહે છે. બ્લડપ્રેશર, કોલેસ્ટેરોલથી શરૂ કરીને મેદસ્વીપણાની સમસ્યાનો શિકાર બનતાં વાર નથી લાગતી! લાંબાગાળે માંસાહારની આદત શરીરમાં બિમારીઓને આમંત્રણ આપે છે, જે મનુષ્યની ઉંમર ઘટાડવાનું કામ કરે છે. ડોક્ટર્સ અને સંશોધકો લાંબી આયુ માટે શાકાહાર પર પસંદ ઉતારવાની તાકીદ કરે છે તે પાચનતંત્ર માટે સુયોગ્ય ખોરાક છે. વેજિટેરિયન ખોરાકમાં રહેલું ફાઇબર પાચનતંત્રને વધુ કાર્યક્ષમ અને બહેતર બનાવવાનું કામ કરે છે. નોનવેજ ફૂડમાં ફાઇબરનું પ્રમાણ ઓછું હોવાથી તે આરોગનાર વ્યક્તિને પાચનસંબંધી ઘણી સમસ્યાઓ નડે છે. ફ્રૂટ, શાકભાજી, કઠોળ વગેરેમાં ફાઇબરનું પ્રમાણ ખાસ્સું વધારે હોવાથી હેલ્થ એક્સપર્ટ્સ હંમેશા શાકાહારને વધુ પ્રાધાન્ય આપે છે. શરીરમાં સ્ફૂર્તિ અને તાજગી વધારવા માટે શાકભાજી સાથે દેશી ગાયનાં દૂધનો પણ ઉપયોગ કરી શકાય છે. ભારતીય વંશની ગાયના દૂધમાં એક મહત્ત્વનું ઘટક સેરીબ્રોસાઇડ નામનું તત્ત્વ છે જે મગજ અને બુદ્ધિના વિકાસ માટે સહાયક છે. વળી આ પણ એક ધ્યાનમાં લેવા જેવી બાબત છે કે હાથી, ઘોડો, ગાય, ગેંડો, હિપોપોટેમસ, બકરી, ઊંટ, હરણ જેવા તમામ શક્તિશાળી અને બુદ્ધિશાળી પ્રાણીઓ શાકાહારી જ છે માટે લાબું અને સ્વસ્થ જીવન જીવવા માટે ખાવાનું આદતો સારી બનાવવી જોઈએ અને માદક દ્રવ્યોનાં સેવનથી પણ દૂર રહેવું જોઈએ.



**લાશ ખાવાનું છોડો, શાકાહારી બનો.**

**- મિત્તલ ખેતાણી(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# સ્પોર્ટ્સ ન્યુઝ

### T20માં સૌથી વધુ અર્ધસદી ફટકારનાર બેટર

## બાબરે વિરાટ કોહલીના રેકોર્ડની બરાબરી કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ઈસ્લામાબાદ, તા.૨૪ :** બાબર આઝમે ઝિમ્બાબ્વે સામે ટ્રાઈ સીરિઝની ચોથી મેચમાં પોતાના T20I કરિયરની ૩૮મી અર્ધસદી ફટકારી છે. આ સાથે જ તેણે વિરાટ કોહલીના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી લીધી છે. તો ચાલો T20I માં સૌથી વધુ અર્ધસદી ફટકારનારા ટોપ-૫ બેટ્સમેનો વિશે જાણીએ.



**બાબર આઝમ :** બાબર આઝમે ઝિમ્બાબ્વે સામે ૭૪ શાનદાર ઈનિંગ રમીને પાકિસ્તાનને ફાઈનલમાં પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. બાબરની T20I ઈન્ટરનેશનલમાં ૩૮મી અર્ધસદી હતી. આ સાથે જ તેણે વિરાટ કોહલીના વર્લ્ડ રેકોર્ડની બરાબરી કરી લીધી છે.

**વિરાટ કોહલી :** T20 વર્લ્ડ કપ ૨૦૨૪નો ખિતાબ જીત્યા બાદ ક્રિકેટના સૌથી નાના ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ ચૂકેલા વિરાટ કોહલીએ પોતાના T20 કરિયરમાં સૌથી વધુ ૩૮ અર્ધસદી ફટકારી હતી. પરંતુ હવે બાબર આઝમ તેની પાસેથી આ તાજ છીનવી લેવાની કગાર પર છે.

**રોહિત શર્મા :** પૂર્વ ભારતીય કેપ્ટન રોહિત શર્મા આ લિસ્ટમાં ૩૨ અર્ધસદી સાથે ત્રીજા ક્રમ પર છે. તેણે પોતાના T20I ઈન્ટરનેશનલ કરિયરમાં ૧૫૧ ઈનિંગ્સમાં આ ૩૨ અર્ધસદી ફટકારી છે.

**મોહમ્મદ રિઝવાન :** પાકિસ્તાનના વિકેટકીપર-બેટ્સમેન મોહમ્મદ રિઝવાનનું નામ પણ આ લિસ્ટમાં સામેસ છે. રિઝવાને અત્યાર સુધીમાં પોતાના T20I કરિયરમાં ૩૦ અર્ધસદી ફટકારી છે.

**ડેવિડ વોર્નર :** ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂકેલા ડેવિડ વોર્નર હજુ પણ ટોપ-૫ બેટ્સમેનોના લિસ્ટમાં સામેલ છે. વોર્નરે પોતાના T20I ઈન્ટરનેશનલ કરિયરમાં ૨૮ અર્ધસદી ફટકારી હતી. આ ઉપરાંત ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન જોસ બટલરના નામે પણ આ ફોર્મેટમાં ૨૮ અર્ધસદીનો રેકોર્ડ છે.

## ક્લીન સ્વીપનો ખતરો : સાઉથ આફ્રિકા સામે બોલર્સ બાદ ભારતના બેટર્સ પણ ફુસ્સ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગુવાહાટી, તા.૨૪ :** ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે ગુવાહાટીમાં રમાઈ રહેલી બીજી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમ ક્લીન સ્વીપના ખતરામાં આવી ગઈ છે. ટીમ પ્રથમ ઈનિંગમાં ૨૦૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે, જેના કારણે દક્ષિણ આફ્રિકાની ટીમે પ્રથમ ઈનિંગમાં ૪૮૯ રન નોંધાવ્યા બાદ ટીમ ઈન્ડિયા સામે ૨૮૮ રનની વિશાળ લીડ મેળવી લીધી છે. આ મેચમાં ભારતીય બોલરો બાદ બેટરોનું પણ નબળું પ્રદર્શન છતું થઈ ગયું છે, જ્યારે દક્ષિણ આફ્રિકા તરફથી બેટિંગમાં સેન્યુરન મુથ્થુસામીએ અને માર્કો જહોન્સને જ્યારે બોલિંગમાં માર્કો યાનસેને દમદાર પ્રદર્શન કરીને ટીમને મજબૂત સ્થિતિમાં લાવી દીધું છે.

ટેસ્ટ મેચના આજે (૨૪ નવેમ્બર) ત્રીજા દિવસની વાત કરીએ તો, દક્ષિણ આફ્રિકાએ બીજી ઈનિંગમાં વિના વિકેટે ૨૬ રન નોંધાવ્યા છે. આ સાથે દક્ષિણ આફ્રિકાએ કુલ ૩૧૪ રનની લીડ મેળવી લીધી છે. ટીમ ઈન્ડિયા પ્રથમ ઈનિંગમાં ૨૦૧ રનમાં ઓલઆઉટ થયા બાદ દક્ષિણ આફ્રિકાને ૨૮૮ રનની વિશાલ લીડ મળી ગઈ હતી. દક્ષિણ આફ્રિકાના બોલર માર્કો યાનસેને પ્રથમ ઈનિંગમાં છ વિકેટ લઈ ઈતિહાસ રચી દીધો છે.

ભારતીય ટીમ તરફથી પ્રથમ ઈનિંગમાં યશસ્વી જયસ્વાલે ૯૭ બોલમાં ૫૮ રન, કે.એલ. રાહુલે ૬૩ બોલમાં ૨૨ રન, સાંઈ સુદર્શને ૪૦ બોલમાંથી ૧૫ રન, ધ્રુવ જુરેલે ૧૧ બોલમાં ૦ રન, સુકાની ઋષભ પંતે ૮ બોલમાં ૭ રન, રવિન્દ્ર જાડેજાએ ૧૮ બોલમાં ૬ રન, નિતિશ કુમાર રેડ્ડીએ ૧૮ બોલમાં ૧૦ રન, વોશિંગ્ટન સુંદરે ૯૨ બોલમાં ૪૮ રન, કુલદીપ યાદવે ૧૩૪ બોલમાં ૧૯ રન, જસપ્રીમ બુમરાહે ૧૭ બોલમાં ૫ રન અને મોહમ્મદ સિરાજે ૬ બોલમાં અણનમ બે રન નોંધાવ્યા છે.

સાઉથ આફ્રિકા તરફથી સૌથી વધુ માર્કો જેન્શને છ વિકેટ ઝડપી છે, જ્યારે સીમોન હાર્મરે ત્રણ અને કેશવ મહારાજે એક વિકેટ ખેરવી છે. એડન માર્કરામે ૮૧ બોલમાં ૩૮ રન, રાયન રિકેલ્ટને ૮૨ બોલમાં ૩૫ રન, ટ્રિસ્ટન સ્ટબ્સે ૧૧૨ બોલમાં ૪૯ રન, કેપ્ટન ટેમ્બા બાવુમાએ ૯૨ બોલમાં ૪૧ રન, ટોની ડી ઝોર્ઝીએ ૫૯ બોલમાં ૨૮ રન, વિયાન મુલ્ડરે ૧૮ બોલમાં ૧૩ રન, સેન્યુરન મુથુસામીએ ૨૦૬ બોલમાં ૧૦૯ રન, કાઈલ વેરેયને ૧૨૨ બોલમાં ૪૫ રન, માર્કો જહોન્સને ૯૧ બોલમાં ૯૩ રન, સિમોન હાર્મરે ૧૭ બોલમાં ૫ રન, કેશવ મહારાજે ૩૧ બોલમાં અણનમ ૧૨ રન નોંધાવ્યા હતા.

### વિવિયન રિચર્ડ્સનો મહારેકોર્ડ તૂટ્યો

## માર્કો યાન્સને ટેસ્ટ ક્રિકેટમાં ૯૩ રનની ઈનિંગ રમી રચ્યો ઇતિહાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગુવાહાટી, તા.૨૪ :** ગુવાહાટી ટેસ્ટ મેચમાં માર્કો યાન્સને ૯૩ રનની શાનદાર ઈનિંગ રમી. ૯૩ રનની ઈનિંગમાં માર્કો યાન્સને એક મોટો રેકોર્ડ પોતાના નામે કરી લીધો છે. યાન્સન ભારત સામેની ટેસ્ટ મેચની ઈનિંગમાં સૌથી વધુ સિક્સર ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. પોતાની ૯૩ રનની ઈનિંગમાં યાન્સને ૭ છગ્ગા ફટકાર્યા હતા.

માર્કોએ માત્ર ૯૧ બોલનો સામનો કર્યો હતો. આ ઉપરાંત યાન્સન ભારત સામેની ટેસ્ટ ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા ફટકારનાર બેટ્સમેન બની ગયો છે. માર્કો યાન્સને દિગ્ગજ ક્રિકેટર વિવિયન રિચર્ડ્સનો રેકોર્ડ તોડી નાખ્યો છે. વિવયન રિચર્ડ્સે ૧૯૭૪માં દિલ્હી ટેસ્ટ મેચ દરમિયાન પોતાની એક ઈનિંગમાં ૬ છગ્ગા ફટકાર્યા હતા.

આ સાથે જ વધુમાં માર્કો યાન્સન ટેસ્ટમાં ભારત સામે ૯મા નંબર પર બેટિંગ કરીને સૌથી વધુ રન બનાવનાર ચોથો બેટ્સમેન છે. ભારત સામે સૌથી વધુ સ્કોર બનાવવા મામલે નંબર ૧ પર ન્યુઝીલેન્ડના ઈયાન સ્મિથ છે, જેમણે ૧૯૯૦માં ભારત સામે ઓકલેન્ડ ટેસ્ટ મેચમાં ૯મા નંબર પર બેટિંગ કરીને ૧૭૩ રન બનાવ્યા હતા.

તમને જણાવી દઈએ કે, ગુવાહાટી ટેસ્ટમાં યાન્સન ઉપરાંત સેનુરન મુથુસામીએ શાનદાર ઈનિંગ રમી અને ૧૦૯ રન બનાવ્યા હતા.

યાન્સન અને મુથુસામીની ઈનિંગના દમ પર દક્ષિણ આફ્રિકાએ પ્રથમ ઈનિંગમાં કુલ ૪૮૯ રન બનાવ્યા. ભારત તરફથી કુલદીપ યાદવે સૌથી વધુ ચાર વિકેટ ઝડપી છે.

**એક ટેસ્ટ ઈનિંગમાં ભારત સામે સૌથી વધુ છગ્ગા**
- ૭ - માર્કો યાન્સન, ગુવાહાટી, ૨૦૨૫
- ૭ - શાહિદ આફ્રિદી, લાહોર, ૨૦૦૬
- ૬ - વિવયન રિચર્ડ્સ, દિલ્હી, ૧૯૭૪
- ૬ - મેથ્યુ હેડન, ચેન્નાઈ, ૨૦૦૧
- ૬ - શાકિબ અલ હસન, ચટગાંવ, ૨૦૨૨
- ૬ - શાહિદ આફ્રિદી, ફૈસલાબાદ, ૨૦૦૬

**ભારત સામે એક ટેસ્ટ ઈનિંગમાં ભારતમાં સૌથી વધુ છગ્ગા**
- ૭ - માર્કો યાન્સન, ગુવાહાટી, ૨૦૨૫
- ૬ - વિવયન રિચર્ડ્સ, દિલ્હી, ૧૯૭૪
- ૬- મેથ્યુ હેડન, કોલકાતા, ૨૦૦૧

**ટેસ્ટમાં ભારત સામે ૯માં નંબરના બેટરનો સૌથી મોટો સ્કોર**
- ૧૭૩ - ઈયાન સ્મિથ (ઓકલેન્ડ, ૧૯૯૦)
- ૧૦૨* - લાન્સ ક્લુઝનર (કેપ ટાઉન, ૧૯૯૭)
- ૯૯ - મિશેલ સ્ટાર્ક (મોહાલી, ૨૦૧૩)
- ૯૩ - માર્કો યાન્સન (ગુવાહાટી, ૨૦૨૫)*

**એક ટેસ્ટ ઈનિંગમાં ભારત સામે દક્ષિણ આફ્રિકાના બેટ્સમેન તરફથી સૌથી વધુ છગ્ગા**
- ૭ - માર્કો યાન્સન, ગુવાહાટી, ૨૦૨૫
- ૫ - જેક્સ કેલિસ, સેન્ચુરિયન, ૨૦૧૦
- ૫ - એબી ડી વિલિયર્સ, સેન્ચુરિયન, ૨૦૧૦
- ૪ - ડીન એલ્ગર, વિશાખાપટ્ટનમ, ૨૦૧૯

### ૫૩માં CJI બન્યા જસ્ટિસ સૂર્યકાંત

## જસ્ટિસ સૂર્યકાંતને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ લેવડાવ્યા શપથ

**જસ્ટિસ સૂર્યકાંતનો જન્મ ૧૦ ફેબ્રુઆરી ૧૯૬૨ના રોજ હરિયાણાના હિસાર જિલ્લામાં મધ્યમવર્ગીય પરિવારમાં થયો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪**





જસ્ટીસ સૂર્યકાંતને આજે સવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ભારતના સીજેઆઈ પદના શપથ લેવડાવ્યા. તેઓ પૂર્વ સીજેઆઈ બી. આર. ગવઈની જગ્યા લેશે. જસ્ટિસ સૂર્યકાંત ભારતના ૫૩માં સીજેઆઈ છે. અત્રે જણાવવાનું કે, સીજેઆઈ બી. આર. ગવાઈ ૨૩ નવેમ્બરે રિટાયર થયા. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ તરીકે ૨૪મી મે ૨૦૧૯ના રોજ પ્રમોટ થયેલા જસ્ટિસ સૂર્યકાંતનો સીજેઆઈ તરીકેનો કાર્યકાળ એક વર્ષ ૨ મહિનાથી વધુ રહેશે. તેઓ ૯ ફેબ્રુઆરી ૨૦૨૭ના રોજ રિટાયર થશે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસની રિટાયરમેન્ટની ઉંમર ૬૫ વર્ષ છે.

જસ્ટિસ સૂર્યકાંતનો જન્મ ૧૦ ફેબ્રુઆરી ૧૯૬૨ના રોજ હરિયાણાના હિસાર જિલ્લામાં એક મધ્યમવર્ગીય પરિવારમાં થયો હતો. જસ્ટિસ સૂર્યકાંત પીઠમાં બે દાયકાના અનુભવ સાથે દેશના સીજેઆઈનું પદ ગ્રહણ કરશે. તેમના ઐતિહાસિક નિર્ણયોમાં કલમ ૩૭૦ની જોગવાઈઓ નાબૂદ કરવી, અભિવ્યક્તિની સ્વતંત્રતા, લોકતંત્ર, ભ્રષ્ટાચાર, પર્યાવરણ અને લૈંગિક સમાનતા સંબંધિત ઐતિહાસિક નિર્ણયો સામેલ છે.

જસ્ટિસ સૂર્યકાંત એ પીઠનો ભાગ હતા જેણે ઔપનિવેશન કાળના રાજદ્રોહ કાયદા પર રોક લગાવી હતી અને નિર્દેશ આપ્યો હતો કે સરકાર તરફથી સમીક્ષા થાય ત્યાં સુધી તે હેઠળ કોઈ નવી એફઆઈઆર ન નોંધવામાં આવે. ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શકતાને રેખાંકિત કરનારા એક આદેશમાં તેમણે ચૂંટણી પંચને બિહારમાં SIR બાદ ડ્રાફ્ટ મતદાર યાદીમાંથી હટાવવામાં આવેલા ૬૫ લાખ નામોની વિગતો આપવા જણાવ્યું હતું.

જસ્ટિસ સૂર્યકાંતને એ નિર્દેશ આપવાનો પણ શ્રેય જાય છે જેમાં સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશન સહિત બાર એસોસિએશનોમાં એક તૃતિયાંશ સીટો મહિલાઓ માટે અનામત રાખવામાં આવે. તેણે રક્ષા દળો માટે વન રેંક વન પેન્શન (OROP) યોજનાને બંધારણીય રીતે કાયદેસર ગણાવતા તેને યથાવત રાખી અને સેનામાં સ્થાયી કમિશનમાં સમાનતાની માંગણી કરનારા સશસ્ત્ર દળોની મહિલા અધિકારીઓની અરજીઓ પર સુનાવણી ચાલુ રાખી.

જસ્ટિસ સૂર્યકાંત સાત જજોની એ બેન્ચમાં પણ સામેલ હતા જેણે ૧૯૬૭ના અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના નિર્ણયને ફગાવ્યો હતો જેનાથી સંસ્થાનના અલ્પસંખ્યક દરજ્જા પર પુર્નવિચારનો રસ્તો ખુલ્યો હતો. તે પેગાસસ સ્પાયવેર મામલાની સુનાવણી કરનારી બેન્ચનો પણ ભાગ હતા જેણે ગેરકાયદેસર નિગરાણીના આરોપોની તપાસ માટે સાઈબર વિશેષજ્ઞોની એક પેનલ નિયુક્ત કરી હતી.

આ ઉપરાંત તેઓ એ પીઠનો પણ ભાગ રહ્યા જેણે પીએમ નરેન્દ્ર મોદીની ૨૦૨૨ની પંજાબ યાત્રા દરમિયાન સુરક્ષા ભંગની તપાસ માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ જજ ઈન્દુ મલ્હોત્રાની અધ્યત્રાતામાં પાંચ સભ્યની સમિતિ નિયુક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે, આવા મામલાઓ માટે "ન્યાયિક રીતે પ્રશિક્ષિત દિમાગ"ની જરૂર હોય છે.

### દેશના મોટા એરપોર્ટ પર હાઈ એલર્ટ!

## મોટા એરપોર્ટ પર લગાવવામાં આવશે એન્ટી ડ્રોન સિસ્ટમ

**આ નિર્ણય વિશ્વભરમાં વધતા તણાવ અને આધુનિક યુદ્ધમાં ડ્રોનની વધતી ભૂમિકાને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪**

ભારત સરકારે ડ્રોન હુમલાના વધતા જોખમને પહોંચી વળવા માટે વ્યાપક તૈયારીઓ શરૂ કરી છે. પહેલી વાર, દેશભરના મુખ્ય નાગરિક એરપોર્ટ પર એન્ટી-ડ્રોન સિસ્ટમ તૈનાત કરવામાં આવશે. વિશ્વભરમાં વધતા તણાવ અને આધુનિક યુદ્ધમાં ડ્રોનની વધતી ભૂમિકાને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયને સુરક્ષા ઈનપુટ્સે વધુ તાકીદનો બનાવ્યો છે.

સમાચાર અહેવાલો અનુસાર, દિલ્હી કાર બોમ્બ વિસ્ફોટોની તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે જૈશ-એ-મોહમ્મદના આતંકવાદીઓએ હમાસની જેમ ડ્રોન હુમલો કરવાનું કાવતરું ઘડ્યું હતું. આવા ઈનપુટ્સે સુરક્ષા એજન્સીઓમાં ચિંતા વધારી છે, જેના કારણે એરપોર્ટ સુરક્ષા માટે નવા પગલાં લેવાની જરૂર પડી છે.

ગૃહ મંત્રાલયે દેશભરના મુખ્ય એરપોર્ટ પર એન્ટી-ડ્રોન સિસ્ટમ સ્થાપિત કરવાનું કામ ઝડપી બનાવ્યું છે. નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં આટલા મોટા પાયે એન્ટી-ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ પહેલીવાર થશે. મંત્રાલય આ પ્રોજેક્ટનું સીધું નિરીક્ષણ કરી રહ્યું છે. BCAS એ એક ખાસ સમિતિની રચના કરી છે, જેમાં DGCA, CISF અને અન્ય સુરક્ષા એજન્સીઓના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે.

આ સમિતિ સિસ્ટમના સ્પષ્ટીકરણો, ટેકનોલોજી અને ઈન્સ્ટોલેશન યોજના પર કામ કરી રહી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સ્પષ્ટીકરણો અંતિમ સ્વરૂપ પ્રાપ્ત થયા પછી ખરીદી શરૂ થશે. ત્યારબાદ ઈન્સ્ટોલેશન પ્રક્રિયા શરૂ થશે.

પ્રથમ તબક્કામાં દિલ્હી, મુંબઈ, શ્રીનગર અને જમ્મુ જેવા હાઈ જોખમી એરપોર્ટનો સમાવેશ થશે. ધીમે ધીમે, આ સિસ્ટમ દેશના અન્ય મુખ્ય એરપોર્ટ પર લગાવવામાં આવશે. ભારત માટે શ્રેષ્ઠ સિસ્ટમ પસંદ કરવા માટે વિદેશમાં ઉપયોગમાં લેવાતા સફળ એન્ટી-ડ્રોન મોડેલોનો પણ અભ્યાસ કરવામાં આવી રહ્યો છે.

આ નિર્ણય લેવાનું એક મુખ્ય કારણ ઓપરેશન સિંદૂર દરમિયાન ઉભી થયેલી પરિસ્થિતિ છે. જ્યારે ભારતીય સેનાએ PoKમાં આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો, ત્યારે દુશ્મને ભારતીય સરહદ તરફ તુર્કીના હળવા ડ્રોનનું ગ્રુપ મોકલવાનો પ્રયાસ કર્યો. તે સમયે સેનાએ તેમને પાડી દીધા હતા. એ સ્પષ્ટ થઈ ગયું કે ડ્રોન ભવિષ્યમાં ભારતની સુરક્ષા માટે નોંધપાત્ર ખતરો બની શકે છે.

### વૈષ્ણોદેવી મેડિકલ કોલેજનો મામલો

## ૮૫% મુસ્લિમ વિદ્યાર્થીઓના પ્રવેશથી હિન્દુ સંગઠનોમાં રોષ

**કોલેજમાં નેશનલ મેડિકલ કાઉન્સિલની ગાઈડલાઈન્સ અનુસાર, નીટના મેરિટના આધારે એડમિશન ફાળવાયા**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**શ્રીનગર, તા.૨૪**




જમ્મુ-કાશ્મીરના કટરા સ્થિત શ્રી માતા વૈષ્ણોદેવી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એક્સિલેન્સમાં પ્રથમ બેચના એડમિશનને લઈને વિવાદ પેદા થયો છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) સાથે જોડાયેલા સંગઠનોએ આક્ષેપ લગાવ્યો છે કે, આ મેડિકલ કોલેજમાં એડમિશન લેનાર લગભગ ૮૫ ટકા વિદ્યાર્થીઓ ફક્ત કાશ્મીરી મુસ્લિમ છે, જ્યારે સ્થાનિક હિન્દુ વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ ઓછી છે. આ કારણોસર સંઘ પરિવાર સાથે જોડાયેલા વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ સહિતના સંગઠનોએ મુસ્લિમ વિદ્યાર્થીઓના એડમિશન રદ કરવાની માંગની સાથે વિરોધ પ્રદર્શન કર્યા છે.

જમ્મુ-કાશ્મીરના ભાજપના ઉધમપુરના ધારાસભ્ય આર.એસ. પઠાનિયાએ કહ્યું છે કે, વૈષ્ણોદેવી મંદિરને મળેલા દાનમાંથી બનેલી મેડિકલ કોલેજમાં મુસ્લિમ વિદ્યાર્થીઓનું વર્ચસ્વ હોવું ઉચિત નથી. હિન્દુઓ માટે મેડિકલ કોલેજમાં સીટો અનામત રાખવી જોઈએ. જોકે, નિયમ પ્રમાણે, વૈષ્ણોદેવી મેડિકલ કોલેજ માઈનોરિટી કોલેજ નથી, એટલા માટે કોઈ પણ સમુદાય(ધર્મ) માટે અલગથી અનામત લાગુ થાય નહીં.

આ ઘટનાક્રમની વચ્ચે ભાજપે જમ્મુ-કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજસિંહાને આવેદન સોંપ્યું છે અને મેડિકલ કોલેજમાં મોટી સંખ્યામાં મુસ્લિમ વિદ્યાર્થીઓના એડમિશન રદ કરવાની માંગ કરી છે.

જમ્મુ-કાશ્મીર વિધાનસભામાં વિપક્ષના નેતા સુનિલ શર્માએ કહ્યું કે, આ કોલેજમાં એક વિશેષ સમુદાયના બાળકોને પ્રવેશ અમને કોઈ પણ રીતે મંજૂર નથી. અમે અમારી નારાજગીથી ઉપરાજ્યપાલને વાકેફ કર્યા છે.

મીડિયા રિપોર્ટ પ્રમાણે, જમ્મુ-કાશ્મીર બોર્ડ ઓફ પ્રોફેશનલ એન્ટ્રન્સ એક્ઝામિનેશને કોલેજમાં કુલ ૫૦ વિદ્યાર્થીઓની યાદી બનાવી હતી, એમાંથી ૪૨ મુસ્લિમ વિદ્યાર્થીઓ છે અને ફક્ત આઠ હિન્દુ વિદ્યાર્થી છે. આ કારણોસર હવે વિવાદ પેદા થયો છે. જોકે, કોલેજમાં નેશનલ મેડિકલ કાઉન્સિલની ગાઈડલાઈન્સ અનુસાર, નીટના મેરિટના આધારે એડમિશન ફાળવાયા છે. પરંતુ હિન્દુ સંગઠનોની માંગ છે કે આ કોલેજમાં ફક્ત હિન્દુઓને જ પ્રવેશ આપવામાં આવે.

ભાજપનો અભિપ્રાય એવો છે કે, વૈષ્ણોદેવી મેડિકલ કોલેજમાં ફક્ત એ જ બાળકોને પ્રવેશ આપવામાં આવે, જેમની શ્રદ્ધા વૈષ્ણોદેવીમાં હોય.

વિપક્ષ નેતા શર્માના કહેવા મુજબ, ઉપરાજ્યપાલે તેમને ભરોસો આપ્યો છે કે એ વિશેષ સમુદાયના એડમિશન સંબંધિત મામલામાં ઉચિત કાર્યવાહી કરશે.

## ધર્મેન્દ્રના નિધન પર મોદીએ કહ્યું આ ભારતીય સિનેમાના એક યુગનો અંત છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**મુંબઈ, તા.૨૪**



ભારતીય ફિલ્મ જગત માટે એક અત્યંત દુઃખદ સમાચાર સામે આવ્યા છે. બોલિવૂડના સુપરસ્ટાર અને હી-મેન તરીકે જાણીતા ધર્મેન્દ્ર દેઓલનું ૮૯ વર્ષની વયે અવસાન થયું છે.

હિન્દી સિનેમામાં પોતાના દમદાર અભિનય અને આગવી શૈલીથી કરોડો દિલો પર રાજ કરનાર આ દિગ્ગજ અભિનેતાની વિદાયથી સમગ્ર દેશમાં શોકની લહેર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પર એક ભાવુક પોસ્ટ શેર કરીને તેમને શ્રદ્ધાંજલિ પાઠવી છે અને તેમના નિધનને ભારતીય સિનેમાના એક સુવર્ણ યુગનો અંત ગણાવ્યો છે. ધર્મેન્દ્રના નિધન પર શોક વ્યક્ત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક હૃદયસ્પર્શી સંદેશ લખ્યો છે.

પીએમ મોદીએ લખ્યું, "ધર્મેન્દ્રજીનું નિધન એ ભારતીય સિનેમામાં એક યુગના અંત સમાન છે. તેઓ એક અદ્ભુત કલાકાર અને પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ હતા, જેમણે પોતાની દરેક ભૂમિકામાં એક અલગ જ આકર્ષણ અને ઊંડાણ ઉમેર્યું હતું. તેમણે ભજવેલા વિવિધ પાત્રો અસંખ્ય લોકોના હૃદયને સ્પર્શી ગયા છે. ધર્મેન્દ્રજી તેમની સાદગી, નમ્રતા અને હૂંફ માટે હંમેશા પ્રશંસનીય રહેશે. આ દુઃખદ સમયમાં મારી સંવેદના તેમના પરિવાર, મિત્રો અને કરોડો ચાહકો સાથે છે. ઓમ શાંતિ."

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા પણ એક્ટરના નિધનને લઈને સોશિયલ મીડિયા પર દુઃખ વ્યક્ત કરવામાં આવ્યું છે.

દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્ર છેલ્લા લાંબા સમયથી ઉંમર સંબંધિત બીમારીઓનો સામનો કરી રહ્યા હતા. તેમને ખાસ કરીને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હતી. અહેવાલો મુજબ, તેમને નિયમિત તપાસ અને સારવાર માટે મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. થોડા સુધારા બાદ પરિવાર તેમને ઘરે લાવ્યો હતો અને ત્યાં જ તેમની દેખરેખ માટે ડોક્ટરો અને એમ્બ્યુલન્સ સહિતની ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. જોકે, તમામ પ્રયાસો છતાં તેમની તબિયત લથડતી ગઈ અને અંતે તેમણે અંતિમ શ્વાસ લીધા.

તેમના સ્વાસ્થ્યની ગંભીરતા જોઈને સલમાન ખાન, શાહરૂખ ખાન અને ગોવિંદા સહિતના બોલિવૂડ સ્ટાર્સે પણ તેમની મુલાકાત લીધી હતી.

**પ.બંગાળમાં 'સર' પ્રક્રિયા વખતે સુખદ ઘટના સામે આવી**

## 'SIR'ની કમાલ: ૩૭ વર્ષથી લાપતા પુત્ર મળી આવતા પરિવારમાં આનંદ પ્રસર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૪**

પશ્ચિમ બંગાળના પુરુલિયા જિલ્લામાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(સર)ની પ્રક્રિયા દરમિયાન એક સુખદ ઘટના બની છે. અહીં લગભગ ચાર દાયકાથી લાપતા પુત્ર 'સરની કમાલ'ને લીધે પરિવારને મળી ગયો છે, જેના કારણે આનંદની લાગણી પ્રસરી ગઈ છે.

મીડિયા અહેવાલ મુજબ, ચક્રવર્તી પરિવારે ૧૯૮૮માં પોતાના મોટા પુત્ર વિવેક ચક્રવર્તીને ખોઈ દીધો હતો. ઘરથી નીકળ્યા પછી વિવેકની કોઈ ભાળ મળી ન હતી. વર્ષો સુધી શોધખોળ કરાઈ પરંતુ કોઈ સુરાગ મળ્યો નહીં. એટલે પરિવારે પણ શોધખોળ બંધ કરી દીધી હતી. પરંતુ વિવેકના નાના ભાઈ પ્રદીપ ચક્રવર્તી બૂથ લેવર ઓફિસર(બીએલઓ) તરીકે સર પ્રક્રિયામાં જોડાયેલા છે. મતદાર યાદી શુદ્ધિકરણના દરેક ફોર્મ પર પ્રદીપનો નામ-મોબાઈલ નંબર છપાયેલો હતો.

વિવેકનો પુત્ર કોલકાતામાં રહે છે અને તે પોતાના કાકા(પ્રદીપ) અંગે કશુંય જાણતો ન હતો. તેણે ડોક્યુમેન્ટ માટે મદદ માંગવા બીએલઓ પ્રદીપ ચક્રવર્તીને ફોન કર્યો. પહેલા ડોક્યુમેન્ટને લઈને વાતચીત થઈ, પછી ધીમે-ધીમે પરિવારની કડીઓ જોડાતી ગઈ.

પ્રદીપે કહ્યું કે, જ્યારે મેં એ છોકરાની સાથે મતદાર યાદીના ડોક્યુમેન્ટના સંદર્ભમાં વાતચીત કરીને પૂછપરછ કરી, ત્યારે પરિવારની વિગતો મળતી ગઈ, ત્યારે મને થયું કે હું મારા ભત્રીજાની સાથે વાત કરી રહ્યો છું. ત્યાર પછી મતદાર યાદીના સંદર્ભમાં પ્રદીપે વિવેકની સાથે પણ વાત કરી. આ સંદર્ભમાં ભાવુક થઈને વિવેકે કહ્યું કે, આ લાગણી વર્ણવા માટે મારી પાસે શબ્દો નથી. મેં ઘરના તમામ લોકો સાથે વાત કરી અને હવે ૩૭ વર્ષના લાંબા અંતરાલ પછી ઘરે પરત ફરી રહ્યો છું. હું ચૂંટણી પંચનો આભાર માનું છું, જો સર પ્રક્રિયા ન થઈ હોત તો આ મિલન ક્યારેય શક્ય બન્યું ન હોત. આમ, ૩૭ વર્ષથી લાપતા ચક્રવર્તી પરિવારને પોતાનો મોટો પુત્ર વિવેક મળી ગયો, જેના કારણે પરિવારમાં આનંદ પ્રસરી ગયો છે.

બોલીવુડના લિજેન્ડરી એક્ટર ધર્મેન્દ્રનું ૮૯ વર્ષની વયે નિધન

# બોલિવૂડના હિમેન ધર્મેન્દ્ર પંચતત્વમાં વિલીન, પુત્ર સની દેઓલે આપી મુખાગ્નિ

**ધર્મેન્દ્ર ઘણા દિવસોથી બીમાર હતા : ધર્મેન્દ્રના અંતિમ દર્શન માટે સ્મશાન ઘાટ પહોંચ્યા બચ્ચન, આમિર સહિત ઘણા કલાકાર, હેમા માલિની આઘાતમાં**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૪**

બોલીવુડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્રનું આજે નિધન થયું. અભિનેતા ઘણા દિવસોથી ઘરે સારવાર લઈ રહ્યા હતા. તેમને થોડા દિવસો પહેલા મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૦ નવેમ્બરના રોજ ધર્મેન્દ્રની તબિયત ખૂબ જ બગડી ગઈ હતી અને તેમને વેન્ટિલેટર પર ખસેડવામાં આવ્યા હોવાના અહેવાલો બહાર આવ્યા હતા. ત્યારબાદ, સલમાન ખાન, શાહરૂખ ખાન અને ગોવિંદા સહિતની હસ્તીઓ પીઢ અભિનેતાના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરવા માટે હોસ્પિટલમાં જોવા મળી હતી. ધર્મેન્દ્રના મૃત્યુની અફવાઓ થોડા સમય પછી ફેલાઈ ગઈ હતી. બાદમાં, અભિનેતાની પત્ની હેમા માલિની અને પુત્રી એશા દેઓલે તેમના મૃત્યુના સમાચારને નકારી કાઢતા મેસેજ પોસ્ટ કર્યા હતા. સની દેઓલે પણ પોસ્ટ કર્યું હતું કે, પીઢ અભિનેતા સારવારનો પ્રતિભાવ આપી રહ્યા છે, અને સ્વસ્થ થઈ રહ્યા છે. જોકે, અભિનેતાએ આજે અંતિમ શ્વાસ લીધા. આ સમાચારથી સમગ્ર વિશ્વમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે.





ધર્મેન્દ્રના અવસાનના સમાચાર બાદ, બોલિવૂડના અનેક સ્ટાર્સ આ દિગ્ગજ અભિનેતાને અંતિમ શ્રદ્ધાંજલિ આપવા માટે સ્મશાનગૃહ પહોંચ્યા હતા. અમિતાભ બચ્ચન, તેમના પુત્ર અને અભિનેતા અભિષેક બચ્ચન સાથે, પણ સ્વર્ગસ્થ અભિનેતાને અંતિમ વિદાય આપવા પહોંચ્યા હતા. સની દેઓલે પિતાને મુખાગ્નિ આપી હતી. બોલિવૂડના હીમેનના પંચ તત્વમાં વિલિન થઇ ગયા હતા.

પીઢ અભિનેતા ધર્મેન્દ્રનું આજે ૮૯ વર્ષની વયે નિધન થયું છે. તેઓ બોલિવૂડમાં હી-મેનના નામથી પ્રખ્યાત હતા. ધર્મેન્દ્ર લાંબા સમયથી બીમાર હતા અને મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. થોડા સમય પહેલાં જ તેમને હોસ્પિટલમાંથી રજા આપી હતી. ધર્મેન્દ્રના નિધનથી બોલિવૂડમાં શોકની લાગણી પ્રસરી છે. હાલ, તેમના પરિવારજનો અને સિનેમા જગતના કલાકારો અને મિત્રો તેમને અંતિમ ઘડીએ અલવિદા કહેવા સ્મશાન પહોંચ્યા હતા. એક્ટર ધર્મેન્દ્રની બીજી પત્ની હેમા માલિની પતિના દેહાંત બાદ અંતિમ સંસ્કારની વિધિ માટે સ્મશાન પહોંચ્યા હતા.

આ દરમિયાન હેમા માલિની ખૂબ જ ભાવુક જોવા મળ્યા હતા, તેમની આંખોમાં આંસુ હતા અને પતિને ગુમાવવાનું દુ:ખ સ્પષ્ટપણે જોઈ શકાતું હતું. આ સિવાય ધર્મેન્દ્રની દીકરી એશા દેઓલ પણ સ્મશાન પહોંચી હતી. એશા દેઓલે સફેદ રંગનો ડ્રેસ પહેરેલો હતો અને અશ્રુભિની આંખે પિતાને અલવિદા કહેવા પહોંચી હતી. આ દરમિયાન તેમણે પોતાનો ચહેરો દુપટ્ટાથી ઢાંકી રાખ્યો હતો.

એ નોંધવું જોઈએ કે, ધર્મેન્દ્રનો ૯૦મો જન્મદિવસ ૮ ડિસેમ્બરે હતો. જ્યારે તેઓ ઘરે સ્વસ્થ થઈ રહ્યા હતા, ત્યારે અહેવાલો બહાર આવ્યા હતા કે, પરિવાર અભિનેતા માટે જન્મદિવસની ઉજવણીની તૈયારી કરી રહ્યો હતો. પરંતુ તેમના જન્મદિવસના માત્ર ૧૪ દિવસ પહેલા, આ દિગ્ગજ અભિનેતા આ દુનિયાને કાયમ માટે છોડી ગયા. તેમના નિધનથી સમગ્ર ઉદ્યોગમાં શોકની લહેર ફેલાઈ ગઈ છે. ચાહકો પણ આઘાતમાં છે. ચાહકો અને સેલિબ્રિટીઓ હવે સોશિયલ મીડિયા પર આ દિગ્ગજ અભિનેતાને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે.

કામની વાત કરીએ તો, ધર્મેન્દ્ર છેલ્લે કૃતિ સેનન અને શાહિદ કપૂરની ફિલ્મ "તેરી બાતેં મેં ઐસા ઉલ્ઝા જિયા" માં જોવા મળ્યા હતા. તેમની છેલ્લી ફિલ્મ "૨૧" છે, જેનું નિર્દેશન શ્રીરામ રાઘવન દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં, તેઓ અમિતાભ બચ્ચનના પૌત્ર અગસ્ત્ય નંદાના પિતાની ભૂમિકા ભજવતા જોવા મળશે.

આ ફિલ્મ ૨૫ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે. અભિનેતા ધર્મેન્દ્રના અંતિમ સંસ્કાર પવન હંસ સ્મશાન ઘાટ પર થશે. ધર્મેન્દ્રનું પૂરુ નામ ધર્મેન્દ્ર કેવલ કૃષ્ણ દેઓલ છે. તેમનો જન્મ ૮ ડિસેમ્બર ૧૯૩૫ના પંજાબના નસરાની ગામમાં થયો હતો.

ધર્મેન્દ્ર હિન્દી સિનેમાના સૌથી આદરણીય અને લોકપ્રિય સ્ટાર્સમાંના એક છે. સાત દાયકાથી વધુની કારકિર્દીમાં, તેમણે ૩૦૦થી વધુ ફિલ્મોમાં અભિનય કર્યો, જેમાં "શોલે", "ચુપકે ચુપકે", "સીતા ઔર ગીતા" અને "ધરમ વીર" જેવી સુપરહિટ ફિલ્મોનો સમાવેશ થાય છે. તેમના સંવાદો હજુ પણ વારંવાર બોલાય છે, જેમાં શોલેની "બસંતી ઈન કૂત્તો કે આગે મત નાચના" સૌથી મોટી હિટ ફિલ્મ રહી છે. ધર્મેન્દ્ર ૮૯ વર્ષના હોઈ શકે છે, પરંતુ તેઓ ઉદ્યોગમાં સક્રિય રહ્યા. ધર્મેન્દ્ર તાજેતરમાં "રોકી ઔર રાની કી પ્રેમ કહાની" માં જોવા મળ્યા હતા, ત્યારબાદ "તેરી બાતેં... મેં ઐસા ઉલઝા જિયા" માં જોવા મળ્યા હતા, જ્યાં તેમણે તેમના અભિનયથી દર્શકોને મંત્રમુગ્ધ કર્યા હતા. તેઓ અગસ્ત્ય નંદાની "ઈક્કિસ" માં પણ જોવા મળશે, જે ૨૫ ડિસેમ્બરે રિલીઝ થશે.

તેણે ૧૯૬૦ માં "દિલ ભી તેરા હમ ભી તેરે" ફિલ્મમાં અભિનયની કારકિર્દીની શરૂઆત કરી. ત્યારબાદ તે ૧૯૬૧ની ફિલ્મ "બોયફ્રેન્ડ"માં સહાયક ભૂમિકામાં જોવા મળ્યો હતો. અસંખ્ય હિટ, સુપરહિટ અને બ્લોકબસ્ટર આપીને ધર્મેન્દ્ર ૬૫ વર્ષ સુધી અભિનયમાં સક્રિય રહ્યા. તેણે શોલે (૧૯૭૫), ચુપકે ચુપકે (૧૯૭૫), સીતા ઔર ગીતા (૧૯૭૨), ધરમવીર (૧૯૭૭), ફૂલ ઔર પથ્થર (૧૯૬૬), જુગનુ (૧૯૭૩), અને યાદો કી બારાત (૧૯૭૩) જેવી ફિલ્મોમાં અભિનય કર્યો છે.

# પાકિસ્તાનના પેશાવરમાં મોટો હુમલો, અંધાધૂંધ ગોળીબાર, 3ના મોત

**એક આત્મઘાતી હુમલાખોરે હેડક્વાર્ટરના ગેટ પર જ ફિદાયીન હુમલો કર્યો હતો : બે આતંકવાદીના મોત**

(સંપૂર્ણ સમાચાર સેવા) **પેશાવર, તા.૨૪**

પાકિસ્તાનના પેશાવરથી એક આંચકાજનક અહેવાલ સામે આવ્યા છે. અહીં પેરામિલિટ્રી ફોર્સના હેડક્વાર્ટર પર મોટો હુમલો કરાયો છે. સ્થાનિકોએ આપેલી માહિતી પ્રમાણે બે મોટા વિસ્ફોટ બાદ સમગ્ર વિસ્તાર હચમચી ગયો હતો અને પછી બંદૂકધારીએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ સામે આવ્યા નથી. સોશિયલ મીડિયા પર આ ઘટનાના વીડિયો વાઈરલ થઈ રહ્યા છે.

સોશિયલ મીડિયા પર વાઈરલ વીડિયોના આધારે માહિતી મળી રહી છે કે હજુ પણ પેરામિલિટ્રીના હેડક્વાર્ટર પર અથડામણની સ્થિતિ યથાવત્ છે. એક આત્મઘાતી હુમલાખોરે તો હેડક્વાર્ટરના ગેટ પર જ ફિદાયીન હુમલો કર્યો હતો. તેના બાદ ફાયરિંગનો અવાજ પણ સંભળાયો હતો. હજુ સુધી બે આતંકી ઠાર મરાયાની માહિતી મળી રહી છે.

મળતી માહિતી અનુસાર પેશાવરમાં થયેલા આ હુમલામાં હુમલાખોરો સહિત ત્રણ લોકો જીવ ગુમાવી ચૂક્યાની માહિતી સામે આવી રહી છે. મૃતકોમાં એક આત્મઘાતી હુમલાખોરની સાથે એક અન્ય આતંકી સામેલ હોવાની જાણકારી મળી રહી છે. એવું કહેવાય છે કે ત્રણ સુરક્ષાકર્મીઓ પણ મૃત્યુ પામી ગયા છે જોકે હજુ તેની પુષ્ટી થઇ નથી.

સાઈટસ પર ૧૨ નવેમ્બરે મોટો સાયબર એટેક થયો હતો

# સાયબર એટેકથી વોલસ્ટ્રીટમાં ખળભળાટ, સેંકડો બેન્કોના ડેટાની ચોરી

(સંપૂર્ણ સમાચાર સેવા) **ન્યૂયોર્ક, તા.૨૪**

જેપી મોર્ગન, સિટી અને મોર્ગેન સ્ટેન્લી જેવી અમેરિકાની દિગ્ગજ બેન્કોને ટેકનોલોજી સર્વિસ પૂરી પાડતી કંપની સાઈટસ AMC પર એક મોટા સાયબર એટેકથી વોલસ્ટ્રીટમાં ખળભળાટ મચ્યો હતો. આ સાયબર એટેકને પગલે વિશ્વભરમાં ફેલાયેલી આ બેન્કોના સંવેદનશીસ લોન અને ગ્રાહક ડેટાની ચોરી થઈ હોવાની આશંકા છે.

સાઈટસ પર ૧૨ નવેમ્બરે મોટો સાયબર એટેક થયો હતો અને કંપનીએ મોટાપાયે ડેટા ચોરી થઈ હોવાની બાબતને શનિવારે પુષ્ટી આપી હતી. હેકર્સે કયાં ડેટાની તફડંચી કરી હતી, તેનું મૂલ્યાંકન કરવામાં કંપનીને બે સપ્તાહ લાગ્યાં હતાં. સાઈટસ અમેરિકાની સેંકડો બેંકો અને નાણા સંસ્થાઓની ટેકનોલોજી વેન્ડર છે. તે લોનની સમગ્ર પ્રોસેસ, હપ્તાની ચુકવણી, પેમેન્ટ કલેક્શન જેવા મહત્ત્વપૂર્ણ કાર્યો સંભાળે છે. તેથી આ સાયબર એટેકથી મોટાપાયે ડેટાચોરી થઈ હોવાની શક્યતા છે. તપાસ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા અનુસાર જેપી મોર્ગન ચેઝ, સિટીગ્રુપ અને મોર્ગન સ્ટેનલી સહિતની બેંકોને તાકીદ કરાઈ છે કે તેમના ક્લાયન્ટ ડેટાની ચોરી થઈ હોવાની શક્યતા છે. કંપનીએ પુષ્ટિ આપી હતી કે હોમ લોન સંબંધિત માહિતી લીક થઈ છે. આનાથી હેકર્સને લોનધારકોની વ્યક્તિગત નાણાકીય વિગતોની પણ માહિતી પણ મળી હોઇ શકે છે. સાઈટસ એએમસીએ જણાવ્યું હતું કે, સાયબર હુમલાની જાણ થયા પછી તેને તરત જ કાર્યવાહી કરી હતી અને ફોરેન્સિક નિષ્ણાતો અને ફેડરલ સત્તાવાળાઓ સાથે કામ કરી રહી છે. સિસ્ટમને રાબેતા મુજબની કરવામાં આવી રહી છે. બેંકોએ પોતે વિગતવાર જાહેર નિવેદનો આપ્યા નથી, પરંતુ આંતરિક સૂત્રોના જણાવ્યા અનુસાર આ ઘટનાને પગલે ફાઈનાન્શિયલ સેક્ટરમાં તાત્કાલિક આંતરિક સમીક્ષાઓ શરૂ થઈ છે.

આ સમગ્ર ઘટનાની તપાસ ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન એ પોતાના હાથમાં લીધી હતી. એજન્સી હેકર્સે કેવી રીતે ડેટાનો એક્સેસ મેળવ્યો તેની તપાસ ચાલુ કરી હતી. એફબીઆઈના વડા કશ્યપ પટેલે જણાવ્યું હતું કે એજન્સી પ્રભાવિત નાણા સંસ્થાઓ સાથે નજીકથી કામ કરી રહી છે. અત્યાર સુધી બેંકિંગ સિસ્ટમમાં કોઈ સંચાલકીય વિક્ષેપ આવ્યો નથી. પુરાવાઓના વિશ્લેષણ પછી વધુ સ્પષ્ટતા કરવામાં આવશે.





આ વખતની ફિલ્મ જ્યોર્જકુટ્ટી અને તેના પરિવારની જ વાત કરશે

# ‘દૃશ્યમ ૩’ પહેલી બે ફિલ્મ જેવી નહીં હોય : જીતુ જોસેફ





**પહેલી ‘દૃશ્યમ’ ૨૦૧૩માં આવી અને સમગ્ર દેશમાં લોકપ્રિય બની ગઈ હતી પછી તે ફિલ્મ હિન્દી, તેલુગુ, કન્નડા, સિંહાલા અને મેનેડ્રેનમાં પણ બની હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૪**

મલયાલમ ફિલ્મ મેકર જીતુ જોસેફે મોહનલાલની ત્રણેય ‘દશ્યમ’ ફ્રેન્ચાઈઝીની ફિલ્મ ડિરેક્ટ કરી છે. હવે તેઓ ‘દૃશ્યમ ૩’ પર કામ કરી રહ્યા છે અને તેમનો દાવો છે કે, નવી ફિલ્મ તેનો એક નવો જ રસ્તો બનાવશે. મોહનલાલ, મીના, અંસિબા હસન અને એસ્થર અનિલની ફિલ્મ વિશે લાંબા સમયથી ચર્ચાઓ ચાલી રહી છે. કારણ કે ફેન્સ જ્યોર્જકુટ્ટીના જીવનના આગળના પ્રકરણની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

પહેલી ‘દૃશ્યમ’ ૨૦૧૩માં આવી અને સમગ્ર દેશમાં લોકપ્રિય બની ગઈ હતી પછી તે ફિલ્મ હિન્દી, તેલુગુ, કન્નડા, સિંહાલા અને મેનેડ્રેનમાં પણ બની હતી. ૨૦૨૧માં તેની સિક્વલ આવી, તેને પણ પહેલી ફિલ્મ જેટલી જ સફળતા મળી. તેની પણ હિન્દી, તેલુગુ અને કન્નડામાં રીમેક પણ બની. હવે જીતુ જોસેફ ‘દૃશ્યમ ૩’ બનાવી રહ્યા છે, જેમાં તેઓ બોક્સ ઓફિસની અપેક્ષાઓ મુજબ કામ કરવાને બદલે બીજા ભાગની વાર્તાને સહજ આગળ વધારવાની કોશિશ કરી રહ્યા છે.

‘દૃષ્યમ ૩’ વિશે એક તાજેતરના ઈન્ટરવ્યુમાં જીતુ જોસેફે કહ્યું, "મેં અત્યાર સુધીમાં એક જ ફ્રેન્ચાઈઝી માટે કામ કર્યું છે અને એ છે દૃશ્યમ. જોકે, એમાં મેં સહજ અભિગમ જ રાખ્ય છે. ફિલ્મના બીજા ભાગ માટે એવું જ કર્યું છે અને ત્રીજા ભાગમાં પણ એવું જ કરીશ."

આગળ જીતુ જોસેફે કહ્યું, "અમે જ્યારે ત્રીજી ફિલ્મની જાહેરાત કરી ત્યારે ઘણા લોકોએ એવું કહેલું કે બીજી ફિલ્મની સ્ક્રિપ્ટ સારી હતી તેથી ત્રીજી ફિલ્મ એનાથી પણ સારી હોવી જોઈએ. આ પ્રકારના નિવેદન ટાળવા માટે પણ હું તેનાથી સારી સ્ક્રિપ્ટ પર કામ કરી રહ્યો છું. પરંતુ આ વખતે મારું ધ્યાન માત્ર જ્યોર્જકુટ્ટી અને તેના પરિવાર પર જ છે અને પાર્ટ ૨ના સાત વર્ષ પછી જ્યોર્જકુટ્ટીના જીવનમાં શું થયું તેના પર આ ફિલ્મ છે."

જીતુએ એવું પણ કહ્યું કે, સમય સાથે પાત્રોમાં ફેરફાર થયો છે, તેમાં જ્યોર્જકુટ્ટી પરિવારની લાક્ષણિકતાઓ તો એમની એમ જ રહેશે, આ વાત દરેક પાત્રને લાગુ પડે છે, પછી તે રાની હોય, તેનાં બાળકો અંજુ અને અનુ હોય. ખાસ તો બાળકોના પાત્રો આગળ વધતાં રહે છે, કારણ કે અનુ પહેલાં એક નાની બાળક હતી અને હવે તે મોટી થઈ ગઈ છે.

જીતુ જોસેફે કહ્યું, જ્યોર્જકુટ્ટી અને તેના પરિવાર આસપાસની દુનિયા આગળ વધી રહી છે. તેમણે જણાવ્યું, "આસપાસની દુનિયા અને લોકો બદલાઈ ચુક્યા છે. પહેલા ભાગમાં, તેની આસપાસના લોકોને લાગતું હતું કે જ્યોર્જકુટ્ટી નિર્દોષ છે. બીજા ભાગમાં ઘણા લોકોને લાગતું હતું, "ના, હકીકત કંઈક બીજી હોવી જોઈએ." પણ હવે એમના વિચાર બદલાયા છે. મેં ત્રીજા ભાગમાં પણ સહજ જ વાર્તા આગળ વધારવાની કોશિશ કરી છે. બીજા ભાગમાં પણ લખતી વખતે એ હિટ થશે એવી આશા નહોતી. ત્રીજો ભાગ પણ એ જ રીતે લખાઈ રહ્યો છે અને એમાં પણ હવે બીજી ફિલ્મ જેવું પરિણામ આવે એવી આશા છે."

# એઆઈનો ઉપયોગ આસિસ્ટન્ટ તરીકે કરો, બોસ તરીકે નહીં : સોનુ નિગમ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૪**

જાણીતો ગાયક કાશ્મીરમાં કોન્સર્ટ કરવા માટે છેલ્લા થોડા વખતથી ચર્ચામાં હતો, જ્યાં તેણે દાલ લેકમાં શેર-ઈ-કશ્મીર ઈન્ટરનેશનલ કોન્વોકેશન કોમ્પલેક્સમાં પર્ફોર્મ કર્યું હતું. આ કોન્સર્ટમાં તેણે મહોમ્મદ રફીને શ્રદ્ધાંજલિ પણ આપી હતી. આ કોન્સર્ટમાં તેણે એક મસ્જિદની આઝાન માટે પોતાનો કોન્સર્ટ અટકાવી દીધો હતો, તેનો વીડિયો વાયરલ થયો હતો. કારણ કે ૨૦૧૭માં તેણે દબાણપૂર્વક થોપવામાં આવતી ધાર્મિકતા અને લાઉડ સ્પીકરમાં આઝાન અંગે નિવેદન કરીને વિવાદ છેડ્યો હતો. ત્યારે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં સોનુ નિગમે ટેન્કોલોજી અને તેના મહત્વ વિશે વાત કરી હતી. સોનુ નિગમે કહ્યું, "એઆઈ સાથે આસિસ્ટન્ટ જેવું કામ લો, એને બોસની જેમ માન ન આપો. તમારી સર્જનાત્મકતાને મદદ કરવા માટે તેનો એક સાધન તરીકે ઉપયોગ કરો. પરંતુ એ ક્યારેય માણસના આત્માને, જે સંગીતને તેની ખરી સોડમ આપે છે, તેનું સ્થાન ક્યારેય નહીં લઈ શકે." જ્યારે અલગોરીધમ સાથે ચાલતા કન્ટેન્ટ અંગે સોનુ નિગમે જણાવ્યું, "હાલ, મને એવું લાગે છે કે ભલે તમારી ફીડમાં આવતું સંગીત અલગોરીધમ આધારીત હોય, પરંતુ મને ખરેખર એ સાંભળવું ગમે છે, તેથી હાલ તો મને એમાં કોઈ તકલીફ લાગતી નથી. આપણે બસ રાહ જોવી પડશે અને જોવું પડશે કે એ કઇ રીતે આગળ વધે છે."



આગળ સોનુ નિગમે કહ્યું કે, પહેલાના સમયે લોકો ખાસ પ્રયત્ન કરતા અને સંગીત ખરીદવા માટે બહાર જતાં હતાં, જે એક ઊંડો વ્યક્તિગત અનુભવ હતો. હવે સમય બદલાતા કેસેટ અને આલ્બમનું સ્થાન સ્પોટીફાય અને અન્ય ઓડિયો પ્લેટફર્મે લીધું છે, તેના કારણે ખરો, પોતાની ઈચ્છા મુજબનું સંગીત સાંભળવાનો અનુભવ બિલકુલ યાદ આવે છે. આવનારા સમયમાં સોનુ નિગમ પોતાની સતરંગી કોન્સર્ટની ટુર શરૂ કરે છે, જેમાંથી એક કોન્સર્ટ અમદાવાદમાં પણ યોજાવાનો છે.

સ્ટાઈલ ફોટોશૂટ દ્વારા ચાહકો સાથે શેર કર્યું


# નરગિસ ફખરીને ૪૬મા જન્મદિને પતિએ ૧૦ કરોડની કાર ગિફ્ટ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૪**

એક્ટ્રેસ નરગિસ ફખરીને તેના જન્મદિવસે પતિ ટોની બેગ દ્વારા ૧૦.૩ કરોડની રોલ્સ રોયસ ક્યુલિનન કારની ગિફ્ટ કરવામાં આવી છે. નરગિસે બ્લૂ રંગની આ શાનદાર કાર સાથે ખાસ ફોટો શૂટ કરાવ્યું હતું અને તેના ફોટા પોસ્ટ કરી ચાહકો સાથે આ ગિફ્ટની વાત શેર કરી હતી. નરગિસ ફખરીનો જન્મદિવસ ગત ઓક્ટોબર માસમાં હતો. તેના એક મહિના પછી નરગિસે ચાહકોને આ ગિફ્ટ વિશે જાણ કરી છે. નરગિસ અને ટોની બેગ બહુ લાંબા સમયથી રિલેશનશિપમાં હતાં. તેમણે ગત ફેબ્રુઆરી ૨૦૨૫માં જ એક નાનકડા સમારંભમા ગુપચુપ લગ્ન કરી લીધાં હતાં. અમેરિકામાં કેલિફોર્નિયામાં બેવર્લી હિલ્સ ખાતે યોજાયેલાં તેમનાં લગ્નમાં બહુ અંગત મિત્રો અને સ્વજનો જ હાજર રહ્યા હતા. આમ લગ્ન પછી આવેલા પહેલા જ જન્મદિવસે નરગિસને આ શાનદાર ગિફ્ટ મળી છે.

સંજય લીલા ભણશાળીની પ્રોડયૂસર તરીકેની ફિલ્મ

# સિદ્ધાંત-મૃણાલની દો દિવાને શહર મેં આગામી ફેબ્રુઆરીમાં રજૂ થશે





(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૪**

સંજય લીલા ભણશાળીનાં પ્રોડક્શન હેઠળની ફિલ્મ ‘દો દિવાને શહેર મેં’ આગામી તા.૨૦મી ફેબ્રુઆરીએ રજૂ કરવાની જાહેરાત કરાઈ છે. આ ફિલ્મનાં એક સપ્તાહ પહેલાં જ વેલેન્ટાઈન ડે વખતે શાહિદ અને તૃપ્તિ ડિમરીની ‘ઓ રોમિયો’ રજૂ થવાની છે. આમ આ બંને ફિલ્મો આગળ પાછળ ટકરાઈ શકે છે.

‘દો દિવાને શહેર મેં ‘માં સિદ્ધાંત ચતુર્વેદી અને મૃણાલ ઠાકુરની જોડી હશે. ફિલ્મનું ફક્ત પ્રોડક્શન જ સંજય લીલા ભણશાળીનું છે જ્યારે ડાયરેક્ટર રવિ ઉદયવાર હશે.

ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી મહિનામાં જ તા. ૨૭મીએ રાણી મુખર્જીની ‘મર્દાની થ્રી’ રજૂ થવાની છે.

આ તમામ ફિલ્મોએ આગળ પાછળની રીલિઝ ડેટ નક્કી કરી છે એટલે તેમને પહેલાં સપ્તાહમાં સ્ક્રીન મેળવવામાં વાંધો નહિ આવે પરંતુ જો કોઈ ફિલ્મ લાંબી ચાલી જાય તો ટકરામણની સ્થિતિ સર્જાઈ શકે તેમ છે.

પોસ્ટર અને રિલીઝ ડેટની થઈ જાહેરાત

# ટીવીનો લોકપ્રિય શો ‘ભાભીજી ઘર પર હે’ હવે ફિલ્મ બનશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૪**

‘ભાભીજી ઘર પર હે’ આ વાક્ય સાંભળતા જ જુવાનીયાઓથી લઈને મોટેરાઓના ચહેરા પર લાલી આવી જાય છે. કારણ કે આ વાક્ય એક એવી ટીવી સિરીયલનું ટાઇટલ છે, જેણે પોતાનો આગવો ચાહકવર્ગ ઊભો કર્યો છે. ‘ભાભીજી ઘર પર હે’ ટીવી સીરિયલ છેલ્લા એક દાયકાથી તે દર્શકોને ફૂલ એન્ટરટેઈન કરી રહી છે. અંગુરી ભાભી, અનિતા ભાભી, વિભૂતિજી, તિવારીજી, સક્સેનાજી સહિતના પાત્રો દરેક ઉમરના દર્શકોને પેટ પકડીને હસવા માટે મજબૂર કરી દે છે. જોકે, હવે આ ટીવી સીરિયલ પર ફિલ્મ પણ બનવા જઈ રહી છે.

ઝી સિનેમા અને ઝી સ્ટુડિયોએ’ ભાભીજી ઘર પર હે’ ટીવી સીરિયલને લઈને ફિલ્મ બનાવવાની જાહેરાત કરી છે. જેને ‘ભાભીજી ઘર પર હે ફન ઓન ધ રન’ ટાઈટલ આપવામાં આવ્યું છે. ફિલ્મ મેકર્સે ઈન્સ્ટાગ્રામ પર ફિલ્મનું પોસ્ટર રિલીઝ કરીને કેપ્શનમાં લખ્યું હતું કે, ભાભાજી જે અત્યાર સુધી ઘરે હતા, હવે કે મોટા પડદે આવશે.

‘ભાભીજી ઘર પર હે ફન ઓન ધ રન’ થિએટર્સમાં ૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ રિલીઝ થશે. જેમાં હવે ટીવી સીરિયલના મુખ્ય કલાકારો સાથે હિંદી બેલ્ટના ધમાકેદાર કલાકારો- રવિ કિશન, મુકેશ તિવારી અને નિરહુઆ જોવા મળશે. જે ફિલ્મને વધારે મનોરંજક બનાવશે. તેથી ‘ભાભીજી ઘર પર હે’ ટીવી સીરિયલના ચાહકો હવે આ ફિલ્મની આતૂરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, માર્ચ ૨૦૧૫માં ‘ભાભીજી ઘર પર હે’ ટીવી સીરિયલ શરૂ થઈ છે. ટીવી સીરિયલની સ્ટોરી બે પડોશી દંપતિઓ મિશ્રા અને તિવારી પરિવારની આસપાસ ફરતી જોવા મળે છે. ટીવી સીરિયલમાં આસિફ શેખ, રોહિતાશ ગૌર, શુભાંગી અત્રે, વિદિશા શ્રીવાસ્તવ, યોગેશ ત્રિપાઠી સહિતના ઘણા કલાકારો મુખ્ય ભૂમિકામાં જોવા મળે છે.

### ગુજરાત સરકારનો મહત્વનો નિર્ણય

# રાજ્યમાં વધુ ચાર આઈ હબ સેન્ટર શરૂ કરાશે

## હવે આગળના એક વર્ષમાં વડોદરા, સુરત, રાજકોટ અને મહેસાણામાં નવા ચાર સેન્ટર શરૂ કરવામાં આવશે



(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૨૪**

રાજ્યમાં સ્ટાર્ટઅપ અને ઈનોવેશન ક્ષેત્રને વધુ મજબૂત બનાવવા માટે ગુજરાત સરકાર દ્વારા મહત્વનો નિર્ણય લેવાયો છે. અમદાવાદમાં કાર્યરત આઈ-હબ પછી હવે આગળના એક વર્ષમાં વડોદરા, સુરત, રાજકોટ અને મહેસાણામાં નવા ચાર સેન્ટર શરૂ કરવામાં આવશે. આ નિર્ણય તાજેતરમાં યોજાયેલી ઉચ્ચ કક્ષાની સમીક્ષા બેઠકમાં લેવાયો હોવાની માહિતી સૂત્રો દ્વારા પ્રાપ્ત થઈ છે. સરકારનો ઉદ્દેશ રાજ્યના વિવિધ વિસ્તારોમાં નવીનતા, ટેકનોલોજી, સ્ટાર્ટઅપ કલ્ચર અને ઉદ્યોગી પ્રતિભાને સશક્ત બનાવવાનો છે.

માહિતી મુજબ આગામી દિવસોમાં શરૂ થનારા આ સેન્ટરો મારફતે યુવા ઉદ્યોગકારો, વિદ્યાર્થી અને સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સને કલ્પનાથી લઈને કોન્સેપ્ટ અને ત્યારબાદ કમર્શિયલાઈઝેશન સુધીની સંપૂર્ણ માર્ગદર્શિકા આપવામાં આવશે. આ હબ મારફતે લાખો રૂપિયાની સ્ટાર્ટઅપ ગ્રાન્ટ, માર્ગદર્શન, ટે? સપોર્ટ, ટેકનિકલ કન્સલ્ટેશન, મેન્ટોરશિપ તેમજ સીડ ફંડિંગ જેવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. સરકારનું માનવું છે કે વધતી સ્પર્ધામાં ગુજરાતના યુવાનોને ટેક્નોલોજીકલ મુદ્દે પાછળ ન રહી જવું જોઈએ તેના માટે આ કેન્દ્રો મહત્વપૂર્ણ સાબિત થશે. તાજેતરની બેઠકમાં આઈ હબના કાર્યક્ષેત્ર, નીતિગત બાબતો અને ભવિષ્યની યોજનાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. બેઠકમાં જણાવાયુ હતું કે નવા સેન્ટરો માટે બિલ્ડિંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સોફ્ટવેર સપોર્ટ અને પ્રશાસન માટેની તૈયારી આગામી મહીનાઓમાં પૂર્ણ થશે. ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસીને વધુ અસરકારક બનાવવા માટે તેના અમલ, મોનિટરીંગ અને પ્રદર્શન અંગે પણ ચર્ચા થઈ હતી.

સૂત્રોનું કહેવું છે કે આઈ હબના હાલના સીઈઓની ટર્મ સમાપ્ત થતી હોવાથી બીજી ટર્મ આપવી કે નહીં તેની ચર્ચા પણ બેઠકમાં થઈ હતી. કેટલાક સભ્યોનું માનવું હતું કે સરકારી સાહસ હોવાના કારણે સીઈઓ તરીકે કોઈ આઈએએસ અધિકારી, સરકારી કોલેજના વરિષ્ઠ પ્રોફેસર અથવા વાઈસ ચાન્સેલર જેવો અનુભવી વ્યક્તિ હોવો વધુ યોગ્ય છે. હાલમાં આ જવાબદારી એક ખાનગી વ્યક્તિ પર છે, જેને લઈને બેઠકમાં કેટલાક સભ્યોની શંકા અને વાંધો વ્યક્ત થયા હતા.

### ફુલ ૩૧,૮૩૪ આરોપીઓનું ઘરે-ઘરે જઈને ચેકિંગ

# રાષ્ટ્રવિરોધી તત્વો ઉપર ગુજરાત એટીએસની અસરકારક કાર્યવાહી

## DGPએ ૧૦૦ કલાકમાં રાષ્ટ્રવિરોધી તત્વોના ચેકિંગ માટે સ્પેશિયલ ડ્રાઈવ યોજવા કરેલા આદેશ બાદ તેની અસર વર્તાઈ




(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૨૪**

ગુજરાત એટીએસ દ્વારા રાષ્ટ્રવિરોધી તત્વોને હથિયાર સહિત જીવલેણ મુદ્દામાલ સાથે પકડી પાડવાની ઘટના હોય કે પછી દિલ્હીમાં થયેલા બોમ્બ બ્લાસ્ટની ઘટનાને ગંભીરતાથી લઈને, રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે રાજ્યમાં તકેદારી વધારવા માટે તાત્કાલિક એક્શન પ્લાન ઘડી જરૂરી આદેશો આપ્યા હતા. સાથોસાથ રાજ્યની સુરક્ષાને વધુ મજબૂત કરવાના ઉદ્દેશ્ય સાથે DGP દ્વારા એક મહત્વની બેઠક બોલાવીને તમામ શહેર/જિલ્લાના પોલીસ વડાઓને છેલ્લા ૩૦ વર્ષમાં રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓના ગુનામાં પકડાયેલા આરોપીઓનું સઘન વેરિફિકેશન કરીને ડોઝિયર તૈયાર કરવાની કામગીરી આગામી ૧૦૦ કલાકમાં પૂર્ણ કરવા તાકીદ કરી હતી. રાજ્યના પોલીસ વડાની સૂચના બાદ રાજ્યના તમામ પોલીસ સ્ટેશનો દ્વારા આ કામગીરી સમયસર પૂર્ણ કરતા જ ગુજરાત પોલીસે છેલ્લા ૩૦ વર્ષના ડેટાબેઝની તપાસ કરીને કુલ ૩૧,૮૩૪ આરોપીઓનું ઘરે-ઘરે જઈને ચેકિંગ કર્યુ હતું. આ વેરિફિકેશન પ્રક્રિયામાં મુખ્યત્વે રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા ગુનાઓ અનલૉફુલ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્ટ (UAPA), ટેરરિસ્ટ ડિસરપ્ટિવ એક્ટિવિટિઝ પ્રિવેન્શન એક્ટ (TADA), NDPS એક્ટ, આર્મ્સ એક્ટ, એક્સપ્લોઝિવ એક્ટ, ફેક ઈન્ડિયન કરન્સી જેવા ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. પોલીસે આ આરોપીઓની હાલની પ્રવૃત્તિઓ અને નોકરી સહિતની વિગતોની પૂછપરછ કરી છે.

રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે આ અંગે મીડિયાને માહિતી આપતા જણાવ્યું હતું કે, ચેક કરવામાં આવેલા કુલ ૩૧,૮૩૪ આરોપીઓ પૈકી ૧૧,૮૮૦ આરોપીઓ એટલે કે અંદાજિત ૩૭ ટકા આરોપીઓ મળી આવ્યા હતા, જે તમામના ડોઝિયર ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. તે ઉપરાંત ૨,૩૨૬ આરોપીઓ હવે હયાત નથી. ૩,૭૪૪ આરોપીઓએ પોતાના સરનામાં બદલી નાખ્યા છે, તેમના નવા સરનામા આધારે ત્યાં જઈને પણ ચેકિંગ કાર્યવાહી કરાશે. ૪,૫૦૬ આરોપીઓ ગુજરાત રાજ્ય બહારના છે. ગુજરાત પોલીસ દ્વારા ચેકિંગનું પ્રથમ તબક્કાનું કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવ્યું છે. હવે બીજા તબક્કામાં રાજ્ય બહારના આરોપીઓનું ચેકિંગ કરી તેમના ડોઝિયર તૈયાર કરવા માટે પણ ખાસ SOP તૈયાર કરીને સઘન કાર્યવાહી કરવામાં આવશે, જેથી રાષ્ટ્રવિરોધી તત્વો પર કાયમી ધોરણે મજબૂત નિયંત્રણ રાખી શકાય.

# ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં મોટો છબરડો

## MMCJમાં આવતીકાલનું પેપર આજે પૂછી નંખાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**અમદાવાદ, તા.૨૪**

ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષામાં મોટો છબરડો સામે આવ્યો છે. માસ્ટર ઓફ માસ કમ્યુનિકેશન એન્ડ જર્નાલિઝમના પેપરમાં છબરડો સામે આવ્યો છે. MMCJમાં આવતીકાલનું પેપર આજે પૂછી નાખવામાં આવ્યું છે. છબરડા અંગે ગુજરાત યુનિવર્સિટી પરીક્ષા નિયામક કલ્પીન વોરાનું નિવેદન સામે આવ્યું છે.

આ સમગ્ર સમાચારની વિગતે વાત કરીએ તો, આજે ગુજરાત યુનિવર્સિટીમાં પરીક્ષા યોજાઈ હતી. જ્યાં વિદ્યાર્થીઓ મીડિયા રિસર્ચનું ૫૦૨ નંબરનું પેપર આપવા પહોંચ્યા હતા. પરંતુ ટીચર્સ દ્વારા પ્રશ્નપત્રો આપવામાં આવતાં જ વિદ્યાર્થીઓ આશ્ચર્યમાં પડી ગયા હતા. અમુક વિદ્યાર્થીઓને લાગ્યું હતું કે તેમનાથી કોઈ ભૂલ થઈ છે અને તેઓ કોઈ બીજા વિષયની તૈયારી કરીને આવી ગયા છે. પરંતુ થોડીવારમાં જ તે સ્પષ્ટતા થઈ ગઈ હતી કે આ ભૂલ વિદ્યાર્થીઓની નહીં પરંતુ યુનિવર્સિટી તરફથી થઈ છે. કેમ કે, વિદ્યાર્થીઓને આવતીકાલે જે વિષયની પરીક્ષા લેવાની હતી, તેનું પેપર આજે આપવામાં આવ્યું હતું.

આજે મીડિયા રિસર્ચનું ૫૦૨ નંબરનું પેપર હતું. તેના બદલે આવતીકાલનું ૫૦૩ નંબરનું પેપર વિદ્યાર્થીને આપી દેવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વિરોધ કરી પરીક્ષા સુપરવાઈઝરનું ધ્યાન દોર્યું હતું. બાદમાં યુનિવર્સિટી તંત્રએ ભૂલ સુધારી વિદ્યાર્થીઓને મીડિયા રિસર્ચનું પેપર આપવામાં આવ્યું હતું. જોકે, વિદ્યાર્થીઓનો સમય બગડતા વધારાનો સમય આપવામાં આવ્યો હતો. આ સાથે ભૂલ થતાં આવતીકાલની પરીક્ષા માટે નવું પેપર તૈયાર કરવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા નિયામક કલ્પીન વોરાએ જણાવ્યું કે, આ પેપર સેટની ભૂલ છે. વિભાગીય વડા સોનલબેનને જાણ કરીને છબરડાની તપાસના આદેશ આપ્યા છે. તમામ સ્ટાફ અત્યારે પરીક્ષા વિભાગ પહોંચ્યો છે.

### ગુજરાત સરકારનો મોટો નિર્ણય

# ફિક્સ પગાર પર કામ કરતા વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનું ચાર્જ એલાઉન્સ વધશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૨૪**

ગુજરાતમાં ફિક્સ પગારથી કામ કરતા કર્મચારીઓ માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. ફિક્સ પગાર પર કામ કરતા વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓનું ચાર્જ એલાઉન્સ વધશે. હવે આ કર્મચારીઓને વધારાની કામગીરી સોંપવામાં આવે તો ચાર્જ અલાઉન્સ વધશે. વધારાની કામગીરી મુજબ ૫ થી ૧૦ ટકા વધારાનું એલાઉન્સ ચૂકવાશે. નાણાં વિભાગ દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો છે.

નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ના ઠરાવ અંતર્ગત રાજ્ય સરકારની કચેરીઓ ખાતે વર્ગ-૩ અને વર્ગ-૪ ની સીધી ભરતીની જગ્યાઓ ઉપર નિયત ભરતી પ્રક્રિયા દ્વારા નિમણૂંક પામેલ ફીકસ પગારના કર્મચારીઓને સંદર્ભ ક્રમાંક-(૧) થી (૩) સામેના ઠરાવો/પરિપત્રથી કરેલ સ્પષ્ટતા મુજબ "વધારાની કામગીરી માટે મહેનતાણા" અંગેની જોગવાઈ થયેલ છે.

હાલમાં રાજ્ય સરકારના ફીકસ પગારના વર્ગ-૩ અને વર્ગ-૪ના કર્મચારીઓને સંદર્ભક્રમાંક-(૧) થી (૩) માં થયેલ જોગવાઈ મુજબ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ ફીકસ પગાર ઉપર વધારાનું મહેનતાણું (ચાર્જ એલાઉન્સ) ચૂકવવામાં આવે છે. ફીકસ પગારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓ માટે સંદર્ભ ક્રમાંક-(૧) માં દર્શાવેલ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ ફીકસ પગારમાં સંદર્ભ ક્રમાંક-(૪) સામેના ઠરાવથી સુધારો કરવામાં આવેલ છે, પરંતુ ચાર્જ એલાઉન્સ હાલમાં પણ તા.૨૦/૧૦/૨૦૧૫ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ ફીકસ પગાર મુજબ ગણતરી કરીને ચુકવવામાં આવે છે. આથી, ફીકસ પગારના કર્મચારીઓમાં કામ કરવાનો ઉત્સાહ જળવાઈ રહે તે હેતુથી ફીકસ પગારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના કર્મચારીઓને સોપવામાં આવેલ સમાન અથવા ઉપલી જગ્યાના વધારાના હવાલા માટે મળવાપાત્ર ચાર્જ એલાઉન્સમાં સુધારો કરવા અંગેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

# મોદી, નીતિશ અને મૈથિલી ઠાકુર પર વાંધાજનક પોસ્ટ કરનારની જામનગરથી ધરપકડ કરાઈ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**જામનગર, તા.૨૪**

ગુજરાત પોલીસે જામનગરથી પંકજ કુમાર યાદવની ધરપકડ કરી છે, જેના પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી નીતિશ કુમાર અને પ્રખ્યાત લોક ગાયિકા મૈથિલી ઠાકુર વિરુદ્ધ વાંધાજનક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પોસ્ટ કરવાનો આરોપ છે. નીતિશ, મોદી અને મૈથિલી પર વાંધાજનક પોસ્ટ કરનાર પંકજ યાદવની ધરપકડ કરવામાં આવી છે.

બિહાર ચૂંટણી પરિણામો પછી, સોશિયલ મીડિયા પર રાજકારણીઓ વિશે અસંખ્ય પોસ્ટ જોવા મળી હતી. તાજેતરમાં, પીએમ મોદી, સીએમ નીતિશ કુમાર અને લોક ગાયિકા અને અલીનગરના ભાજપના ધારાસભ્ય મૈથિલી ઠાકુર વિશે વાંધાજનક પોસ્ટ કરવામાં આવી હતી. પોલીસે આ મામલે મોટી કાર્યવાહી કરી છે.

ગુજરાત પોલીસે જામનગરથી પંકજ કુમારની ધરપકડ કરી છે. દરભંગાના એસએસપી જગુનાથ રેડ્ડી દ્વારા આ વાતની પુષ્ટિ કરવામાં આવી છે. દરભંગા પોલીસના જણાવ્યા અનુસાર, બહેરી પોલીસ સ્ટેશન હેઠળના ઉજૈના ગામના રહેવાસી પંકજ કુમારે શુક્રવારે તેના ઈન્સ્ટાગ્રામ આઈડી "પંકજ યાદવ ઓફિશિયલ" પરથી પીએમ મોદી, સીએમ નીતિશ કુમાર અને મૈથિલી ઠાકુર વિશે વાંધાજનક ફોટા અને રીલ્સ શેર કર્યા હતા.

આવી પોસ્ટ્સ સામે આવતાની સાથે જ, દરભંગાના એસએસપી જગુનાથ રેડ્ડીએ સાયબર પોલીસ સ્ટેશનને એફઆઈઆર નોંધવાનો નિર્દેશ આપ્યો. આ પછી, આરોપી સામે કેસ નોંધવામાં આવ્યો અને કાર્યવાહી શરૂ કરવામાં આવી. ઈન્સ્ટાગ્રામ આઈડીનું સ્થાન ટ્રેસ કરવામાં આવ્યું અને તે ગુજરાતમાં હોવાનું જાણવા મળ્યું.

દરભંગા પોલીસે ત્યારબાદ ગુજરાત પોલીસને જાણ કરી. ગુજરાતના જામનગર પોલીસે પંકજ કુમારની ધરપકડ કરી હતી. ધરપકડની માહિતી મળતાં જ દરભંગા પોલીસ ગુજરાત જવા રવાના થઈ ગઈ હતી. આરોપીને બિહાર લાવવામાં આવી રહ્યો છે. ત્યારબાદ આગળની કાર્યવાહી કરવામાં આવશે. સાયબર ડીએસપી વિપિન બિહારીએ ધરપકડની પુષ્ટિ કરી હતી.

માહિતી મુજબ, પંકજ કુમાર ગુજરાતમાં એક ખાનગી કંપનીમાં કામ કરે છે. સ્થાનિક લોકોએ જણાવ્યું હતું કે તે થોડા દિવસો પહેલા તેના પિતાનું મૃત્યુ થયુ હોવાથી તેના ગામ ગયો હતો. પરંતુ આર્થિક તંગીને કારણે તે ગુજરાત પાછો ફર્યો. જ્યાં તેણે સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ પોસ્ટ કરી. તેના ઈન્સ્ટાગ્રામ આઈડીની ચકાસણી કર્યા પછી ગુજરાત પોલીસની મદદથી તેની ધરપકડ કરવામાં આવી હતી. દરભંગા લાવ્યા પછી તેની પૂછપરછ કરવામાં આવશે.

### ગોધરામાં ટેકાના ભાવે ખરીદીના ધાંધીયા

# સરકારની જાહેરાત છતાં કેન્દ્રો બંધ! ખેડૂતો નારાજ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગોધરા, તા.૨૪**

ગુજરાત સરકાર દ્વારા ટેકાના ભાવે પાકની ખરીદી કરવાની જાહેરાત કરવામાં આવ્યા છતાં, પંચમહાલ જિલ્લાના ગોધરામાં હજુ સુધી ખરીદી કેન્દ્રો શરૂ થઈ શક્યા નથી, જેના કારણે ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા વિભાગની બેદરકારી અને સરકારના આદેશોની અવગણના સ્પષ્ટપણે સામે આવી છે.

ગોધરાના દરમિયા ખાતે આવેલું ખરીદી કેન્દ્ર હજુ સુધી શરૂ થયું નથી. ટેકાના ભાવે પાક વેચાણની આજથી (સોમવાર) જાહેરાત હોવા છતાં, એક પણ ખેડૂત પોતાનો પાક વેચવા માટે કેન્દ્ર ખાતે આવ્યો ન હતો, કારણ કે તેમને આવવા માટે કોઈ મેસેજ મળ્યો ન હતો.

જવાબદાર અધિકારીઓને આ અંગે પૂછવામાં આવતા, તેઓએ ગોળ ગોળ જવાબ આપ્યા હતા કે હજુ તો આવતીકાલથી (મંગળવાર) ખરીદી શરૂ થશે. આ સ્પષ્ટ બેદરકારીને કારણે ૯૦૦ જેટલા નોંધાયેલા ખેડૂતોને પોતાનો પાક વેચવા માટે વેપારીઓ પાસે મજબૂર થવું પડી રહ્યું છે.

"ગોધરામાં બે સેન્ટર છે, પણ બન્નેમાંથી કોઈ જગ્યાએ આજે સોમવારે ખરીદી શરૂ નથી થઈ. સરકારની જાહેરાત છે, પણ અમને ઓર્ડર નથી મળ્યો." ગુજરાત સમાચાર સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું કે, "સેન્ટર ચાલુ થઈ ગયા છે, પણ કાલથી ખરીદી શરૂ થશે. આજે કલેક્ટર જોડે બેઠક છે, ઓર્ડર મળતા કાલે મંગળવારથી સેન્ટર શરુ કરાશે."

"ગોધરામાં બે કેન્દ્ર છે, પણ બન્નેને આજે કેન્દ્ર શરૂ કરવાનો ઓર્ડર હજુ મળ્યો નથી, એટલે સેન્ટર ચાલુ જ નથી કર્યા. આજે ઓર્ડર મળી જશે." સરકારની સ્પષ્ટ સૂચનાઓ હોવા છતાં, અધિકારીઓની ઢીલી નીતિ અને સમયસર ઓર્ડર ન મળવાને કારણે ખેડૂતોની હાલાકી વધી છે.

### સુરતમાં BLOનું શંકાસ્પદ મોત

# બાથરૂમમાંથી બેભાન અવસ્થામાં મળી આવેલા મહિલા અધિકારીનું નિધન

## પરિવારમાં અને વહીવટી વર્તુળોમાં શોકની લાગણી ફેલાઈ





(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત, તા.૨૪**

ગુજરાતમાં વધુ એક બૂથ લેવલ ઓફિસર (BLO)ના શંકાસ્પદ મોતના સમાચાર સુરતમાંથી સામે આવ્યા છે. સુરત મહાનગરપાલિકામાં ફરજ બજાવતા અને ચૂંટણી સંબંધિત કામગીરી (SIR)માં BLO તરીકે નિમાયેલા એક મહિલા અધિકારીનું રહસ્યમય સંજોગોમાં નિધન થયું છે, જેના કારણે તેમના પરિવારમાં અને વહીવટી વર્તુળોમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.

મૃતક મહિલા અધિકારીનું નામ ડિન્કલબેન શીંગોડાવાળા હોવાનું સામે આવ્યું છે. તેઓ મનપાના વરાછા ઝોનમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા હતા અને સુરત શહેરના શાહપોર બૂથના BLO તરીકે કામગીરી કરતા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર, આ દુ:ખદ ઘટના ઓલપાડના માસમા ખાતે બની હતી. ડિન્કલબેન શીંગોડાવાળા પોતાના ઘરે બાથરૂમમાંથી બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા.

પરિવાર દ્વારા તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

આ ઘટના અંગે સુરત ઉત્તરના પ્રાંત અધિકારી અને સુરત ઈસ્ટના ઈઈ નેહાબેને માહિતી આપી હતી કે, ડિક્લબેન ૨૬ વર્ષના હતા અને તેમનું BLO તરીકેનું કામ ઘણું સારું હતું, તેમણે પોતાનું ૪૫ ટકા કામ પૂર્ણ કરી દીધું હતું.

મહિલા અધિકારીના આકસ્મિક મોતના કારણે અનેક રહસ્યો ઘૂંટાઈ રહ્યા છે. પ્રાથમિક માહિતી પ્રમાણે, પ્રાંત અધિકારીએ જણાવ્યું કે 'બાથરૂમમાં ગેસ ગીઝર હતું અને વેન્ટિલેશન પણ ન હતું. તેઓ બાથરૂમમાં જ બેભાન થઈ જતાં આ ઘટના બની હતી. તેમને હોસ્પિટલ ખસેડાયા જ્યાં તેમને મૃત જાહેર કરાયા હતા'.

શું ચૂંટણીલક્ષી કામગીરી (SIR)ના કામના ભારણને કારણે આ ઘટના બની? કે પછી ગેસ ગીઝરમાંથી લીક થયેલા ઝેરી ગેસના કારણે આ આકસ્મિક મોત થયું? પોલીસ અને સંબંધિત વિભાગ માટે મહિલા અધિકારીના મોતનું ચોક્કસ કારણ શોધવું હવે તપાસનો વિષય બન્યો છે.

### BLO ની કામગીરી જીવલેણ બની રહી છે

# જામનગરમાં મહિલા શિક્ષિકા ચાલુ ફરજે ઢળી પડ્યા, સીધા ICU માં!

(સંપૂર્ણ સમાચાર સેવા)
**જામનગર, તા.૨૪**

રાજ્યભરમાં ચાલી રહેલી મતદાર યાદી સુધારણા (SIR) ની કામગીરી દરમિયાન BLO (બૂથ લેવલ ઓફિસર) પર કામના ભારણને લઈને અનેક ચર્ચાઓ ચાલી રહી છે. આ દરમિયાન જામનગરમાં રવિવારે યોજાયેલા ખાસ કેમ્પમાં એક મહિલા BLO ની તબિયત અચાનક લથડી હતી. સત્યમ કોલોની વિસ્તારમાં ફરજ બજાવતા શિક્ષિકા હીરલબેન ત્રિવેદી કામગીરી દરમિયાન અચાનક ખુરશીમાંથી ઢળી પડ્યા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે જી.જી. હોસ્પિટલના ICU માં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને તંત્ર દ્વારા તેમને BLO ની કામગીરીમાંથી મુક્તિ આપવામાં આવી છે. હાલ તેમની તબિયત સુધારા પર હોવાનું જાણવા મળ્યું છે. જામનગરના સત્યમ કોલોની વિસ્તારમાં આવેલી આહિર સમાજની વાડી ખાતે રવિવારે મતદાર યાદી સુધારણા કાર્યક્રમ અંતર્ગત એક ખાસ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. અહીં BLO તરીકે ફરજ બજાવતા શિક્ષિકા હીરલબેન અલ્પેશભાઈ ત્રિવેદી પોતાની કામગીરી કરી રહ્યા હતા. સવારના સમયે કામગીરી ચાલી રહી હતી ત્યારે અચાનક હીરલબેન ખુરશીમાં બેઠા બેઠા જ ઢળી પડ્યા હતા. આ ઘટનાને પગલે સ્થળ પર દોડધામ મચી ગઈ હતી અને અન્ય કર્મચારીઓ મદદે આવી ગયા હતા. તબિયત લથડતાની સાથે જ મહિલા BLO ને તાત્કાલિક અસરથી જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યાં ફરજ પરના તબીબોએ તેમની સ્થિતિ જોઈને તેમને ICU માં દાખલ કરીને સઘન સારવાર શરૂ કરી હતી. શિક્ષિકાના પતિના જણાવ્યા અનુસાર, ડૉક્ટરોએ તપાસ બાદ જણાવ્યું હતું કે કામના તણાવ અથવા અન્ય કારણોસર તેમને 'હાઈપર ટેન્શન' થઈ ગયું હતું, જેના કારણે આ ઘટના બની હતી. જોકે, સમયસર સારવાર મળવાને કારણે હાલ તેમની તબિયત સ્થિર છે અને કોઈ ગંભીર ચિંતાનું કારણ નથી. રાજ્યમાં હાલ BLO ની કામગીરીને લઈને કર્મચારીઓમાં રોષ અને દબાણની ચર્ચાઓ ચાલી રહી છે. આ ઘટના બન્યા બાદ સ્થાનિક વહીવટી તંત્ર અને ચૂંટણી શાખા તાત્કાલિક એક્શનમાં આવ્યું હતું. માનવતાના ધોરણે અને હીરલબેનની નાદુરસ્ત તબિયતને ધ્યાનમાં રાખીને, અધિકારીઓ દ્વારા તેમને BLO તરીકેની કામગીરીમાંથી મુક્તિ આપી દેવામાં આવી છે. આ નિર્ણયથી શિક્ષિકા અને તેમના પરિવારને મોટી રાહત મળી છે.

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM MANISH MISHRY TO **MANISH KISHORBHAI MISTRY** AS PER DOCUMENT

**કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ**

**જાહેર બાંધકામ વિભાગ - દમણ**
**ટેન્ડરને આમંત્રિત કરવાની સૂચના**

દમણ જિલ્લામાં વિવિધ રસ્તાઓ પર મિલિંગ અને બીસી રોડ ફર્નિચર અને સંલગ્ન કામો સહિત રસ્તાઓનું રિસરફેસિંગ (૨૮.૯૫ કિ.મી.) (બીજો કોલ)

ટેન્ડર આઈડી નં. : 2025_DAMAN_4529_1

| | |
|---|---|
| પ્રીબીડ મીટિંગ તારીખ | : 21/11/2025 |
| ડાઉનલોડની છેલ્લી તારીખ | : 03/12/2025 |
| હાર્ડ કોપી સબમિટ કરવાની છેલ્લી તારીખ | : 03/12/2025 |
| બિડ ખોલવાની તારીખ | : 03/12/2025 |

For details please scan
https://ddtenders.gov.in

**કાર્યપાલક અભિયંતા, લો.નિ.વિ.-૧, દમણ**

No. IP/DMN/2/5/2025-26/953, Dated: 24/11/2025

વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને તિથલમાં મેરેથોન યોજાઈ: ૯૦૦ દોડવીરો મન મુકીને દોડ્યા









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૪**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા નાગરિકોની સ્વસ્થતા ઉપર વિશેષ ભાર મુકવામાં આવે છે. નાગરિકો સ્વસ્થ રહેશે તો દેશ સ્વસ્થ રહેશે એવા આહવાનથી પ્રેરાઈને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાનની શરૂઆત કરાવી હતી ત્યારે વલસાડવાસીઓ પણ સ્વસ્થ અને સ્ફૂર્તિલુ જીવન જીવે તે માટે વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ અને કોળી પટેલ સમાજના પ્રમુખ ભરતભાઈ પટેલની અધ્યક્ષતામાં વલસાડ કોળી પટેલ સમાજ દ્વારા સુવર્ણ જયંતી નિમિત્તે વલસાડના તિથલ સ્વામિનારાયણ મંદિરથી યુનિટી મેરેથોન સીઝન-૩ નું આયોજન કરાયું હતું, જેમાં ૯૦૦ જેટલાં દોડવીરો તેમજ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

આ મેરેથોનનો હેતુ સમજાવતા ધારાસભ્ય ભરતભાઈ પટેલે જણાવ્યુ કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ લોકોના સ્વાસ્થ્ય પ્રત્યે ચિંતત છે, તેથી રાજ્ય સરકાર દ્વારા સ્વસ્થ્ય ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન ચાલી રહ્યું છે. રન ફોર હેલ્થ અને એનવાયરમેન્ટની થીમ સાથે યોજાયેલી આ મેરેથોન કોઈ હરીફાઈ નથી પરંતુ પોતાના સ્વાસ્થ્ય અને જીવન શૈલીનું એક પ્રતિક છે. જેમાં નાના નાના ભુલકાઓથી માંડીને યુવાઓ સહીત વડીલો અને તબીબો મળી ૯૦૦ જેટલાં દોડવીરો તેમજ સ્વયંસેવકોએ ભાગ લીધો હતો.

## ૩ કિમી, ૫ કિમી અને ૧૦ કિમીની કેટેગરીમાં ટાઈમિંગ સાથે દોડી દોડવીરોએ સ્વસ્થ જીવનનો સંદેશ લોકોને આપ્યો

૩ કિમી, ૫ કિમી, અને ૧૦ કિમીની કેટેગરીમાં ટાઈમિંગ સાથે યોજાયેલી આ મેરેથોનમાં ત્રણેય કેટેગરીમાં પહેલો, બીજો, અને ત્રીજો ક્રમ પ્રાપ્ત કરનાર દોડવીરોને રોકડ ઈનામ અને મેડલ્સ એનાયત કરી સન્માનિત કર્યા હતા. વિશેષ મહેમાન તરીકે ટાઈટલ સ્પોન્સર કોન્સકેમી કેમ્પેક પ્રા.લિ. ના એમડી વિપુલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા, સાથે જ વલસાડના ધારાસભ્યએ આગામી વર્ષ ૨૦૨૬માં વલસાડ યુનિટી મેરેથોન સીઝન-૪ ની જાહેરાત પણ કરી હતી.

વલસાડના ધારાસભ્ય અને પટેલ સમાજના પ્રમુખ ભરતભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તથા કારોબારી સભ્યો તેમજ પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર યોગેશ પટેલ, રેસ ડિરેક્ટર નિતેશ પટેલ, સમાજના ઉપપ્રમુખ શશીકાંત પટેલ, મંત્રી રામુભાઈ પટેલ, દિપક પટેલ, મનહર પટેલ, શશીકાંત પટેલ, આશિષ પટેલ, ધર્મેશ પટેલ, પંકજ પટેલ, બંકિમ પટેલ, રશ્મિ પટેલ, જયેશ પટેલ, નાનુ પટેલ, સતીશ પટેલ તેમજ જીગિત્સાબેન, દર્શનાબેન, વૈશાલીબેન તેમજ અન્ય સભ્યોના સાથ સહકારથી મેરેથોન સફળ રહી હતી. પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર યોગેશ પટેલે આભારવિધિ કરી હતી.

# વાપી છીરીથી બે પિસ્તોલ અને ૧૪ જેટલા જીવતા કારતૂસ સાથે ડુંગરા પોલીસે બે આરોપીને ઝડપ્યા

**પોલીસ દ્વારા ચલાવાયેલ ૧૦૦ કલાકના અભિયાનમાં ૨૫૦ થી વધુ શંકાસ્પદ ઈસમોની તપાસ કરાઈ હતી**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

વાપીના છીરી ગામેથી બે પિસ્તોલ અને ૧૪ જેટલા જીવતા કારતૂસ સાથે બે આરોપી ઈસમોને ઝડપી પાડવાની ડુંગરા પોલીસને સફળતા મળી છે.

દિલ્હી બ્લાસ્ટ બાદ જાહેર કરાયેલ એટર્લ મુજબ વલસાડ જિલ્લા પોલીસ દ્વારા અસામાજીક તત્ત્વો, ગેરકાયદે હથિયાર, ડ્રગ કે દારૂની હેરાફેરી કરતા તત્ત્વોને ઝેર કરવા માટે ખાસ અભિયાન છેલ્લા ૧૦૦ કલાકથી હાથ ધરાયું હતું. વાપી-ડુંગરા પોલીસની જુદી જુદી ટીમો અલગ અલગ વિસ્તારમાં ચાંપતી તપાસ ચલાવી રહી હતી તે દરમિયાન ડુંગરા પોલીસના એક કોન્સ્ટેબલને મળેલી બાતમી આધારે આજે સોમવારે વાપીના છીરી નવીનગરી વિસ્તારમાં રેડ કરી હતી. કાર્યવાહી દરમિયાન ફિરોજ અન્સારી રહે.અયોધ્યા અને બીપીન મંડલ નામના ઈસમો પાસેથી બે પિસ્ટોલ અને ૧૬ જેટલા જીવતા કારતૂસ મળી આવ્યા હતા. પકડાયેલા આરોપી પૈકી ફિરોજ દરજીકામ કરે છે. જ્યારે બીપીન કંપનીમાં નોકરી કરે છે. બન્ને આરોપીની પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ ધરપકડ કરી હતી. હવે પોલીસ રિમાન્ડ દરમિયાન હથિયારો કેમ લાવ્યા હતા, ક્યાં વાપરવાના હતા, ક્યાંથી લાવ્યા હતા તેવા મુદ્દાઓની આરોપીઓ પાસેથી વિગતો બહાર કઢાવશે ત્યારે સમગ્ર પ્રકરણની અસલી સત્યતા બહાર આવશે.

# વલસાડમાં મોંઘી દવાના નામે આંતર રાજ્ય 'ડૉ.રૂસ્તમ ગેંગ'ના બે સાગરીતો ૧૯ લાખની છેતરપિંડી કરતા ઝડપાયા



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

વલસાડ જિલ્લામાં ઘેણા સમયથી સારવાર કરાવવાના બહાને નિર્દોષ લોકોને છેતરી નાણા પડાવી રહ્યાની ફરિયાદો વચ્ચે વલસાડ સીટી પોલીસે એક મોટી સફળતા મેળવી છે, જેમાં 'ડૉ. રૂસ્તમ' નામના નકલી ડૉક્ટર બનીને મોંઘી દવાની સારવારના બહાને લોકો સાથે લાખો રૂપિયાની છેતરપિંડી કરતી આંતરરાજ્ય ગેંગના બે મુખ્ય સાગરીતોને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યા છે. આ ગેંગના સભ્યો શારીરિક રીતે અશક્ત સિનિયર સિટીઝનોને નિશાન બનાવીને મોટી રકમ પડાવતા હતા. વલસાડ સીટી પોલીસની ટીમે આ ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓ પાસેથી રોકડા રૂ.૯૭,૦૦૦/- અને બે મોબાઈલ ફોન જપ્ત કર્યા છે. સારવારના બહાને લોકો પાસેથી લાખોની છેતરપિંડી કરતા હતા.

વલસાડના મોટા પારસીવાડ વિસ્તારમાં રહેતા હેક્ટર ચૌથીયાના પત્ની વિરા ચૌથીયાએ આ છેતરપિંડી અંગે વલસાડ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# વાપી સલવાવ ગામે આવેલ ભંગાર ગોડાઉનના કચરામાં રાત્રે આગ ભભૂકી ઉઠતા દોડધામ મચી



**ફાયર બ્રિગેડે બે કલાકની જહેમત ઉઠાવી આગ બુઝાવી, આગમાં કોઈ જાનહાની થવા પામી નહોતી**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

વાપીમાં ભાગ્યેજ કોઈ પખવાડીયા પસાર થતુ હશે કે ભંગારના ગોડાઉનોમાં આગ ના લાગી હોય. તેવો વધુ એક બનાવ વાપી નજીક આવેલ સલવાવ ગામે રવિવારે રાત્રે ૧૦ વાગ્યે બન્યો હતો. અહીં કાર્યરત ભંગારના ગોડાઉનના કચરામાં અચાનક આગ લાગી હતી. આગનું સ્વરૂપ વિકરાળ હતું. ચોમેર ધુવાડા અને જ્વાળાઓ ફેલાઈ ગઈ હતી. આગની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડે ઘટના સ્થળે પહોંચી બે કલાકની જહેમત ઉઠાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

સલવાવ, બલીઠા, ડુંગરી ફળીયા, કરવડ, ડુંગરા જેવા વિસ્તારમાં બેફામ કાર્યરત ભંગારના ગોડાઉન જોખમી બની રહ્યા છે. આવા ગોડાઉનોમાં છાશવારે આગ અવાર નવાર અચૂક લાગે છે. મનપાએ ભંગારના ગોડાઉનો ઉપર કાયદાનો કોરડો જરૂર વિંઝ્યો છે પરંતુ તેનુ ચોક્કસ પરિણામ હજુ સુધી જોવા મળ્યું નથી. આગ લાગવાના બનાવો હજુ અટકતા નથી. સલવાવમાં લાગેલી આગનું કારણ અકબંધ રહ્યું છે તેમજ આગમાં સદનસીબે કોઈ જાનહાની કે ઘાયલ કે દાઝ્યાનો બનાવ બન્યો નથી.

## વાપી ડુંગરા પોલીસે

# કરવડ ભંગાર ગોડાઉનમાં રેડ પાડી ૯.૭૩ લાખનો દારૂનો જથ્થો ઝડપ્યો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

જિલ્લા પોલીસ અધિક્ષક યુવરાજસિંહ જાડેજાની સૂચનાના આધારે ડુંગરા પોલીસે ગેરકાયદેસર દારૂની પ્રવૃત્તિઓ પર અંકુશ મેળવવા માટે મોટી સફળતા મેળવી છે. ડુંગરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.પી. ગોહિલને મળેલી ચોક્કસ બાતમીના આધારે કરવડ નવીનગરી આદર્શનગર ખાતે આવેલ એક ભંગારના ગોડાઉનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આ રેડ દરમિયાન પોલીસે ગોડાઉનમાંથી ભારતીય બનાવટની વ્હિસ્કી અને બિયરના કુલ ૧૧૯ બોક્સ (૨,૬૨૮ બાટલી/ટીન) મળી આવ્યા હતા. જેની કિંમત રૂા.૯,૭૩,૨૦૦ આંકવામાં આવી છે. પોલીસે આ તમામ પ્રોહી. મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે ગોડાઉનના સંચાલક આરોપી રોનક સુનીલ સિંઘ



(ઉ.વ.૩૫, રહે.ડુંગરા, વાપી)ની ધરપકડ કરી છે અને તેની પાસેથી એક મોબાઈલ ફોન પણ જપ્ત કર્યો છે. આ ઉપરાંત દારૂનો જથ્થો આપનાર ધર્મેશ ઉર્ફે બુધીયો પટેલ (રહે.કરવડ) અને જથ્થો લેનાર પ્રશાંત જાદવ (રહે.વડોદરા) તથા સોહીલ ફારૂકી (રહે.ઉધના, સુર) ને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે. ડુંગરા પોલીસે આરોપી વિરૂધ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વાપી છરવાડા ગામમાં જતા રોડ ઉપર મોપેડ ઉપર મહિન્દ્રા જીપ ફરી વળી: ચાલક ગંભીર રીતે ઘાયલ

**એકત્રીત ટોળામાં રોષ ફેલાયો, તાકીદે બમ્પ બનાવવાની માંગણી કરી**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૪**

વાપી છરવાડા ગામમાં જતા રોડ ઉપર આજે સોમવારે સવારે ગંભીર અકસ્માત સર્જાયો હતો. બેફામ ઝડપે આવી રહેલી મહિન્દ્રા જીપના ચાલકે મોપેડ ઉપર જીપ ફેરવી દીધી હતી. અકસ્માતમાં મોપેડ ચાલક યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. ઘાયલ યુવાનને લોકોએ નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યો હતો.

વાપીના વિકાસની સાથે સાથે આજુબાજુના ૧૨ ગામોનો પણ કુદકે ભૂસકે વિકાસ થયો છે. તેમાં સૌથી વધુ વિકાસ છરવાડા ગામનો થયો છે. અનેક રેસિડેન્ટ ફ્લેટ, બંગલાની સીમ, સ્કૂલ, મંદિર નવા બન્યા છે. તેથી દિવસભર છરવાડા રોડ ઉપર ટ્રાફિક રહે છે. બીજી તરફ બેફામ વાહનો પણ લોકો હાંકી રહ્યા છે તેવી સ્થિતિ આજે સર્જાઈ હતી. ગામ તરફ જતા રોડ ઉપર મહિન્દ્રા જીપ મોપેડ ઉપર ફરી



વળી હતી. મોપેડ ચાલક યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. રોષે ભરાયેલા લોકોએ તાત્કાલિક રોડ ઉપર બે થી ત્રણ બમ્પ બનાવવાની માંગણી કરી હતી. અકસ્માત કરી જીપ ચાલક ફરાર થઈ ગયો હતો.

# એસઆઈએ હોલમાં પ્રધાનમંત્રી વિકાસ ભારત રોજગાર અને કર્મચારી નોંધણી યોજના સંદર્ભમાં યોજાયેલ માર્ગદર્શન શિબિર



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સરીગામ, તા.૨૪**

આજરોજ સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના સભાખંડમાં શ્રમિકોના હિતને ધ્યાનમાં રાખી એક માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના હોદ્દેદારો અને કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન (EPFO) પ્રાદેશિક કાર્યાલય, વાપી દ્વારા સંયુક્ત રીતે આયોજિત શિબિરમાં ''પ્રધાનમંત્રી વિકાસ ભારત રોજગાર યોજના (PMVBRY) અને કર્મચારી નોંધણી યોજના ૨૦૨૫''ના સંદર્ભમાં વિસ્તૃતપૂર્વક જાણકારી આપી શ્રમિકોને યોજનાનો લાભ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.

આજની માર્ગદર્શક શિબિરમાં EPFO પ્રાદેશિક કાર્યાલય, વાપીના એન્ફોર્સમેન્ટ ઓફિસર શ્રી સી.કે. રાઠોડ તથા શ્રી મનીષ યાદવ દ્વારા બંને યોજનાઓ વિષે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. ખાસ કરીને યોજનાઓના ઉદ્દેશ્યો, લાભો, પાત્રતા માપદંડો, પ્રક્રિયાગત માર્ગદર્શિકા તેમજ સંસ્થાઓ અને એકમો કેવી રીતે કર્મચારી ઓનબોર્ડિંગ, પાલન સુવિધા અને સરકારી પ્રોત્સાહનોનો અસરકારક ઉપયોગ કરી શકે તે મુદ્દાઓ પર વિસ્તૃત માહિતી રજૂ કરવામાં આવી હતી. આ સેમિનારનો મુખ્ય હેતુ ઉદ્યોગોને સરકારની રોજગાર પ્રોત્સાહક યોજનાઓ વિશે જાગૃત કરવાનો અને તેમને વ્યવહારુ માર્ગદર્શન દ્વારા પાલન પ્રક્રિયામાં સહાયરૂપ થવાનો હતો.

આ કાર્યક્રમમાં સરીગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખશ્રી નિર્મલભાઈ દૂધાની, સેક્રેટરીશ્રી કૌશિકભાઈ પટેલ, નોટિફાઈડ બોર્ડના ચેરમેનશ્રી જે.કે. રાય, શ્રી સજ્જનભાઈ મુરારકા, શ્રી કમલેશભાઈ વાસવાણી, શ્રી રતીકાંતભાઈ તિવારી, ચેરમેન (પીએફ - કમિટી), કમિટી મેમ્બરો, સરીગામ જીઆઈડીસીના અલગ અલગ એકમમાંથી લગભગ ૧૦૦ પ્રતિનિધિઓ હાજરી આપી માર્ગદર્શન શિબિરનો લાભ લીધો હતો.

# વાપી શામળાજી નેશનલ હાઈવેની મરામત નહીં થતાં મુખ્યમંત્રીના કાર્યક્રમમાં રસ્તો રોકો આંદોલનની ચિમકી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૨૪:** ધરમપુર પ્રાંત અધિકારીશ્રી અને પીઆઈશ્રીને વારંવારની રજૂઆત છતાં નેશનલ હાઈવે-૫૬ની કામગીરી ન કરાતા હોઈ જેના અનુસંધાને ધરમપુર ખાતે યોજાનાર મુખ્યમંત્રશ્રીના કાર્યક્રમનો બહિષ્કાર કરી રસ્તા રોકો આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી છે. પ્રાપ્ત માહિતી મુજબ વાપી થી શામળાજી રોડ નેશનલ ૫૬ રોડ અત્યંત બિસ્માર હાલતમાં હોય અને વારંવારની રજૂઆત છતાં વહીવટી તંત્ર ઘોર નિંદ્રામાં હોઈ એમ લાગી રહ્યું છે, અગાઉ પણ આ બાબતે રસ્તા રોકો આંદોલન કરવા ભેગા થયા હતા પરંતુ વહીવટી તંત્ર ના લાગતા અધિકારી દ્વારા બાહેંધરી આપી હતી કે, ૧૦ દિવસમાં રસ્તા રિપેરીંગનું કામ પૂર્ણ કરી દેવામાં આવશે પરંતુ આજદિન સુધી કોઈ નક્કર કામગીરી કરવામાં ન આવતા અને અનેક લોકો ધરમપુરથી કરંજવેરી માન નદી થઈ જતો રસ્તો અતિ બિસ્માર હાલતમાં હોય, રોજ ઉડતી ધૂળની ડમરીઓથી લોકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે અને હાલે કરંજવેરી ગામે માન નદી પરનો પુલ અને આંબા ગામે તાન નદી પરનો પુલ બંધ હોવાને કારણે વિદ્યાર્થીઓને પણ અભ્યાસ અર્થે જતાં ખુબ તખલીફ પડે છે અને હાલે ધરમપુર ખાતે ૨૭ તારીખે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ધરમપુર ખાતે આવવાના હોય જેને લઈ ફક્ત શેરીમાળ ફાટક સુધીજ રોડ બનવવામા આવ્યો છે એ કેટલું યોગ્ય કહેવાય. જો આ રોડ તાત્કાલિક બનાવવામા ન આવ્યો તો આદિવાસી સમાજ દ્વારા મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમનો બહિષ્કાર કરી રસ્તા રોકો આંદોલન કરીશુંની ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

# ઓપરેશન મિલાપ અંતર્ગત વઘઈ પોલીસે ભેંસકાતરી આશ્રમશાળાની ત્રણ વિદ્યાર્થીનીઓનું પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**આહવા, તા.૨૪**

ડાંગ જિલ્લા પોલીસ અધિક્ષક શ્રીમતી પૂજા યાદવના માર્ગદર્શન હેઠળ ગુમ/અપહરણ થયેલ વ્યક્તિઓને શોધી કાઢવા માટે ચાલી રહેલા ''ઓપરેશન મિલાપ'' અભિયાનને વધુ એક સફળતા મળી છે. નાયબ પોલીસ અધિક્ષક જે.એચ.સરવૈયા અને દિનેશ્વર નલવાયાના માર્ગદર્શન હેઠળ વઘઈ પોલીસે તા. ૨૨/૧૧/૨૦૨૫ ના રોજ ભેંસકાતરી આશ્રમ શાળા ખાતેથી ગુમ થયેલી ત્રણ કિશોરીઓને ગણતરીના કલાકોમાં શોધી કાઢી હતી.

ભેંસકાતરી આશ્રમ શાળામાં ધોરણ-૮માં અભ્યાસ કરતી અને ત્યાં જ રહેતી ત્રણ દીકરીઓ શાળાના સ્ટાફને જાણ કર્યા વગર વહેલી સવારે નીકળી ગઈ હતી. આ માહિતી મળતા જ પોલીસ ઈન્સ્પેક્ટર વી.કે. ગઢવીએ તાત્કાલિક પગલાં લીધાં હતાં. પોલીસની તાત્કાલિક કાર્યવાહીમાં પી.આઈ. વી.કે. ગઢવીએ પોલીસ સ્ટેશન ખાતે ૧૦ જેટલી અલગ-અલગ પોલીસ ટીમો બનાવીને તુરંત શોધખોળ શરૂ કરી દીધી હતી. ટેકનિકલ તેમજ હ્યુમન સોર્સની મદદથી પોલીસ ટીમને ત્રણેય છોકરીઓ બુહારી ખાતે હોવાની ચોક્કસ હકીકત મળી હતી.

માહિતી મળતા જ પોલીસે તાત્કાલિક બુહારી ખાતે સંપર્ક કર્યો હતો. ત્રણેય છોકરીઓનું યોગ્ય કાઉન્સેલિંગ કરીને તેમને તેમના સગા-સંબંધીઓના ઘરેથી તેમના વાલીઓને સોંપવામાં આવી હતી. આમ, વઘઈ પોલીસે તેમની ત્વરિત અને અસરકારક કામગીરીથી ગણતરીના કલાકોમાં ગુમ થયેલ ત્રણ છોકરીઓને શોધી કાઢીને તેમના પરિવાર સાથેનું પુનઃમિલન કરાવ્યું હતું. આ સમગ્ર કામગીરીમાં જોડાયેલા તમામ પોલીસ અધિકારીઓ/કર્મચારીઓની કામગીરી પ્રશંસનીય રહી છે.